પાપી પિતા

અને

સદ્ગુણી સીતા

મૂલ્ય
બાર આના

છપાવનાર
પંડ્યા શંકરલાલ મગનલાલ.

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराजिट विभाग]

अनुक्रमांक १५०९ वर्गांक

पुस्तकनुं नाम પાપી પિતા

विषय द : २

પાપી પિતા,
અને
સદ્ગુણી સીતા.

હાસ્ય, નિતી, શૃંગાર, અને કરૂણા
રસથી ભરપુર.

પ્રથમાવૃત્તિ
૧૦૦૦

લખનાર.
પંડ્યા શંકરલાલ મગનલાલ.
મુ. હલદરવાશ

ભારતજીવન પ્રેસ મુંબઈ.

મુલ્ય રૂા. ૦-૧૨-૦

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૧૫૪૬

આ પુસ્તક સને ૧૮૬૭ ના ૨૫ માં આકટ પ્રમાણે
રજીષ્ટર કરાવ્યું છે.

અમુલ્ય પાંચ ભેટોનો લાભ !

ચાલુ વર્ષનાં ગ્રાહકોને ખાસ મ્હોટી ભેટોનો લાભ.

હિંદુસ્તાનનાં પવિત્ર દેવાલયોનાં ચિત્રો, હિંદુસ્તાનનાં શુભેચ્છકોના ચિત્રો, 'શિવાજી' મહારાજની છબી સાથેનું ચાંદીનું લોકેટ, પચીસ નવલ કથાઓ, એક કેલેન્ડર ઉપરાંત

શ્રીયોગ વશિષ્ઠ.

તત્વજ્ઞાનના જીજ્ઞાસુઓ માટે સર્વોત્તમ અને અમૂલ્ય ગ્રંથ [આ ગ્રંથ સોળ ટીકીટ પુરી થયેથી] આપવામાં આવશે.

આખા હિંદુસ્તાનમાં લોક પ્રીય થઇ પડેલું માસિક પત્ર.

ભારત જીવન.

આ માસિક પત્રમાં રાજદ્વારી સંસારિક, ઐતિહાસીક લેખો કાવ્યો, જીવનવૃત્તાંત, પતિવ્રતા શુરી રજપુતાણીઓ અને શુરવીર રજપુતોનાં ચરિત્રો ઇત્યાદિ ઉત્તમ લેખો પ્રકટ થાય છે.

ચાલુ વર્ષ ત્રીજાના ગ્રાહક થનારને તયાર છે તેટલી ભેટો તરતજ આપવામાં આવે છે. ભારત જીવન માસિક પત્ર એવું રસિક છે કે એક વખત વાંચવા પછી તેને હમેશાં સંગ્રહ કરવાની પ્રબળ ઇચ્છા થાય છે. ઊંચા ચીકણા વિલાયતી કાગળ ઉપર સ્વચ્છતા પૂર્વક છપાયછે. ૩૨ મ્હોટાં પાનાના માસિકનું મુલ્ય ફક્ત રૂા. ૨—૬—૦ પોષ્ટેજ સાથે ભેટોનુ પોષ્ટેજ વી. પી. ખર્ચ જાદું. ખુલાસા તથા અમારાં પુસ્તકો માટે મ્હોટું હેંડબીલ મગાવો પત્રવ્યવહાર મેનેજરને સરનામે કરવો.

ડાહ્યાભાઇ રામચંદ્ર મ્હેતા.

મેનેજર ભારત જીવનઅને વાર્તા વિનોદ કાલબાદેવી રોડ—મુંબઇ.

ગુજરાતી પ્રજા જે ગ્રંથની સેંકડો વરસ થયાં શોધ ખોળ કરતી હતી તેજ અમુલ્ય ગ્રંથ બહાર પડયો.

રતિશાસ્ત્ર

અથવા

કોકશાસ્ત્ર.

આ પુસ્તકમાં ઘણી મહેનતે નવાં જુનાં ગુજરાતી અને સંસ્કૃત ઇત્યાદી પુસ્તકોમાંથી સંશોધન કરી ગુજરાતી બાળકો, યુવાનો અને વૃદ્ધોને ઉપયોગી થઇ પડે એવા ૬૪ વિષયો પ્રકટ કર્યા છે. એમાં સ્ત્રી પુરૂષની ચાર જાતિ, ઓળખવાના ભેદ પ્રકાર, લક્ષણ, સામુદ્રિક ચિન્હનો, ગર્ભાશયમાં પુત્ર પુત્રી ઓળખવાની રીત, નપુશકને મરદ બનાવવાની ક્રિયાઓ વગેરે પુષ્કળ વિષયથી ભરપુર આ પુસ્તક દરેક ગ્રહસ્થે સંગ્રહ કરવા લાયક છે. એમાંના વિષયો વાંચવાથી અમુલ્ય જ્ઞાન પ્રાપ્ત થાય છે. એક એક કોપી અવશ્ય ખરિદવી જોઇએ.

ચીકણા કાગળ ઉપર મજબુત સુંદર પુઠાં સહિત, સોનેરી નામ સાથે દળદાર છપાઇ બહાર પડયું છે. મુલ્ય ફકત રૂ. ૨ પોષ્ટેજ વી૦ પી૦ ૦-૪-૦ જુદું.

ડાહ્યાભાઇ રામચંદ્ર મ્હેતા.
મેનેજર ભારત જીવન કાલબાદેવીરોડ-મુંબઇ.

ભારતજીવન પ્રીંટીંગ પ્રેસ કાલબાદેવી રોડ-મુંબઇ.

શ્રી

અર્પણ પત્રિકા.

પરમ કૃપાળુ પિતા તુલ્ય મુરબ્બી કાકાશ્રી

જેઠાલાલ ભવાની શંકરની પવિત્ર સેવામાં

મુ૦ સુભસ્થાન હલદરવાસ.

આપે મ્હારૂં બાલ્યાવસ્થાથી આજ સુધી પુત્ર સમાન ગણી પાલન પોષણ કર્યું છે. અને હજુ પણ તેવી રીતે વર્તો છો. આપની પરમ કૃપાનો બદલો મ્હારાથી વાળી શકાય તેમ નથી. પણ તે ઉપકારના સ્મરણ ચિહ્ન તરીકે આ લઘુ પુસ્તક આપને અર્પણ કરૂં છું; તો તે સ્વીકારી આભારી કરશોજી. આપને ઇશ્વર સર્વ બાબતથી "સુખી રાખે" એવી મારી પ્રાર્થનાછે.

મુંબઇ
તા૦ ૧ ફેબરવારી
સને ૧૯૦૬

લી૦ આપનો ઋણી

શંકરલાલ મગનલાલ પંડયા.

પ્રસ્તાવના.

હિંદુ સંસારમાં ઘણી જ્ઞાતિમાં “ કન્યા વિક્રય ” નો સબંધ ચાલે છે લોભી માણસો દ્રવ્યના લોભે સકુમાર બાળાઓને વૃધ્ધ, અપંગ, અગર અભણ સાથે પરણાવી, તેમના સુખનું સત્યાનાસ વાળે છે. ઘણા દાખલા એવા મળી આવેછે કે, કન્યાની વય આઠ વરસની અને વરની ઉમ્મર એશીં વરસ સુધીની હોય છે. તેથી ઘણી કન્યાઓ લગ્ન બાદ બે ત્રણ માસે અગર થોડી મુદતમાં વિધવા થાય છે. તેમાં કેટલીક જન્મ પર્યંત વિધવા પણાનું અસહ્ય દુઃખ સહન કરે છે. અને કેટલીક કુમાર્ગે ચ્હડી આબરૂને કલંક લગાડે છે.

મ્હારી અરાઢ વરસની વય હતી; ત્યારે મેં કન્યા વિક્રય કરનારની દુર્દશાનો અદ્દભુત દાખલો નજરે જોયો. તે નીચે લખું છું.

એક સખ્સે ફક્ત ત્રણ હજાર રૂપીઆની લાલચે, પોતાની તેર વરસની ભણેલી સકુમાર પુત્રીને એંશી વરસના વૃધ્ધ સાથે પરણાવી. પુત્રીના હૃદય ભેદક કલ્પાંતથી તેનું હૃદય પીગળ્યું નહિં. બાદ બે માસ જેટલી ટુંક મુદતમાં તે કન્યા વિધવા થઇ. તેના નિશ્વાસથી અગર ઇશ્વર કોપથી તેના પિતાની પડતી દશાનો સુર્ય ઉદય થયો. અને ટુંક મુદતમાં તેનો પુત્ર તથા સ્ત્રી મર્ણ પામ્યાં. તથા વ્હેપારમાં ખોટ જવાથી, કંગાળ સ્થિતીમાં આવીગયો. અને મહા દુઃખ વેઠી ટુંક મુદત બાદ તેના પણ પ્રાણ ગયા.

આ ઉપરથી મને "કન્યા વિક્રય" વિષે એક ન્હાનું પુસ્તક લખવાનો વિચાર થયો. અને દારૂના વ્યસનથી થતા ગેરફાયદાનો વિષય સાથે જોડી પુસ્તક લખ્યું.

આ પુસ્તકમાં ટોકરશી નામના એક વણીકે ફક્ત ત્રણ હજાર રૂપીઆની લાલચે પોતાની તેર વરસની પુત્રીને એંશી વરસના વૃધ્ધ સાથે પરણાવી; તેથી તેની કેવી દુર્દશા થઇ; તેનો આબેહુબ ચીતાર આપ્યો છે. તેની દીકરી "સીતા" પોતાના પિતાએ કરેલા અવગુણ લક્ષમાં નહિં લેતાં તેની પડતી સ્થિતી વખતે મદદ કરે છે. તથા પોતાનું શીયળ સાચવી વિધવા થયા બાદ બાકીનું આયુષ્ય ઇશ્વર સ્મરણમાં પુરૂં કરે છે. ટોકરશી-નો દીકરો 'મોતીલાલ' ખરાબ દોસ્તોની સોબતે ચ્હડી દારૂનું વ્યસન કરતાં શીખે છે. બાદ તેનો તે વ્યસનના લીધેજ પ્રાણ જાય છે. વિગેરે બીજા જ્ઞાન લેવા જોગ વિષયનો ચિતાર આ પુસ્તકમાં આપ્યો છે.

આ પુસ્તકની બાબત કલ્પિત છે. તેમાં કોઇ પણ પુસ્તકનો ઉતારો લેવામાં આવ્યો નથી. તો વાંચક વૃંદ ભુલ ચુક સુધારીને વાંચશે, એવી આશા રાખું છું. કારણ હું કંઈ લેખક અગર કવી નથી; પણ સ્કુલમાંથી તુરતનો ઉઠેલો વિદ્યાર્થી છું. તેમ મ્હારો આ પ્રથમ પ્રયાસ છે. એટલે ભુલચુક હશેજ, તો દરગુજર કરશોજી. તેમ પુસ્તક પુરૂં વાંચ્યા શિવાય તેને માટે અભિપ્રાય બાંધશો નહી. એવું ઇચ્છું છું. લી૦

શંકરલાલ મગનલાલ પંડ્યા.

હલદરવાસ.

પાત્રોનાં નામ.

સુત્રધાર—નાટક ભજવનાર

વિદુષક—એક મશ્કરો

ટોકરશી—સુંદીરપુરીનો વણીક

મોતીલાલ—તેનો પુત્ર

સીતા—તેની પુત્રી

દીવાળી—તેની સ્ત્રી

રસીકલાલ—એક વણીક પુત્ર

સુંદરલાલ
પ્રાણલાલ
છગનલાલ } મોતીલાલના સદગુણી મિત્રો

જુઠાલાલ—મોતીલાલનો દુર્ગુણી મિત્ર

સવીતા
વિજયાલક્ષ્મી
નર્મદા } સીતાની સાહેલીઓ.


ધનજી—સીતાપુરીનો વણીક. સીતાનો વર

મુળચંદ—તેનો મિત્ર

મકન—તેનો ગુમાસ્તો

હરીલાલ—બ્રાહ્મણ સુંદીરપુરીનો

ભાટ, સોની, જોશી, ગોર વિગેરે.



પાપી પિતા અને સદ્ગુણી સીતા.

સર્વ પાત્રો.

ગીતિ.

હે ગણપતિ મહારાજા, હે દુઃખ ભંજન સર્વ દેવનાદેવ,
તુંજને હું આરાધું, પ્રથમ નમીને કરૂં તમારી સેવ.
ગ્રંથ રચુ લઘુ આજે, કન્યા વિક્રય થકી થતા બેહાલ,
તે વીસ્તારી કહું છું, થજો સ્હાય કહે કરગરી શંકરલાલ.

સરસ્વાતની સ્તુતિ કરે છે.

રાગ કલ્યાણ.

દેવી સરસ્વતી, નમું પાય હું અતી,
હાથ જોડી હું નમું છું, આપજો મતી.
નમૂં જુગદંબા હે સુખ દાતા, ધરી મન અતી અતી પ્રેમ.
કૃપાકરી સદ્બુધ્ધી આપી, રાખજો કુશલક્ષેમ–દેવી.
કન્યા વિક્રય તણો કુધારો, ચાલે દેશો દેશ.
તે અટકાવા ગ્રંથ રચુ હું, મયા કરો વીશ્વેસ–દેવી.
માતંગી મુજપર કરૂણા કરી, આપો બુધ્ધિ અપાર.
નમી નમીને વીનતી કરૂંછું, આપો સદ્ આચાર–દેવી.

માગુ મુજપર મેહેર કરીને, કરજો લીલા લેહેર.
સ્હાય થજે તું દેવિ દયાલી, મુજપર રાખી મેહેર–દેવી
અર્જ મારી આ ઉરે ધરીને રાખો મુજપર વહાલ.
કર જોડીને કહે છે પ્રીતે, હેતે શંકરલાલ – દેવી.

પાત્ર–સુત્રધાર અને વીદુષક.

(સ્તુતી કરી રહ્યા બાદ સુત્રધારનું આવવું.)

સુત્રધાર—અહો ! આ શુભ સ્થળે બીરાજમાન થએલા, સુજ્ઞ સજ્જનો; હું આપના આગલ માહારી અલ્પ બુદ્ધિથી કન્યાવિક્રય કરવાથી, ટોકરશી નામના વાણીયાના થતા બેહાલ તથા દારૂ પીધાથી થતાં નુકસાન વીગેરેનુ કલ્પિત નાટક આજ ભજવી બતાવું છું તો તેમાં ભુલચુક સુધારશો એવી આશા છે.

(વિદુષક દોડતો આવે છે.)

વિદુષક—અલ્યા ! હું પણ આશા રાખું છું.

સુત્રધાર—અરે મુર્ખ ! તું શાની આશા રાખે છે!

વિદુષક—લાડવાનીજ તો !

સુત્રધાર—મુર્ખ તારે તો એને એ રહ્યું, પણ કહે, આટલો બધો હાંફતો હાંફતો કેમ આવે છે?

વિદુષક—શું ત્યારે હું જાણતોએ નથી કે શું !

સુત્રધાર—ના ભાઇ, કંઇ નવા જુની છે કે શું !

વિદુષક—(હસીને) હા–હા–હા– આખા ગામે જાણ્યું પણ આ ભાઇને તો ક્યાં ખબર છે!

સુત્રધાર—ના ભાઈ, ખબર નથી પણ તું કહે તો ખરો !

વિદુષક—કહું તો ખરો પણ તું માનીશ !

સુત્રધાર—હા ભાઇ માનવા જેવું હસે તો માનીશ.

વિદુષક—ખા, તારા બાપની બઇએરના સમ !

સુત્રધાર—અરે ! મુર્ખ અહીં આગલ આવા અપશબ્દ કાઢયા વીના ઝટ કેહેતો હોય તો કહે.

વિદુષક—સાંભલ, આપણા બજારમાં હું ફરતો હતો, ત્યાં બજાર વચોવચ મેં માણુસ એકઠાં થએલાં જોયાં; હું ત્યાં જઇ જોઉં છું તો કીડી વિયાતી હતી; તેને માટે બે ચાર માણુસ, શીરો શેકતાં હતાં, પણ હું પાંચ મીનીટ તો પુરો ઉભો રહ્યો નહીં; એટલામાં તો એકદમ કીડી વિયાઇ અને તેણે એક ઉંટ તથા એક વાઘનો જન્મ આપ્યો. વાઘને દુનીયાંની હવા લાગતાંજ, તેણે અમારા ઉપર છલંગ મારી; આ જોતાં માહારા તો હોંશજ ઉડી ગયા, જ્યાં ત્યાં સંતાવાની જગો શોધવા લાગ્યો; માહારી સાથેના માણસો તો, હવેલીઓ અને માળામાં ભરાઇ ગયા, પરંતુ બંદા એવા કે વાઘને છેતરીને આ આપણી નાટકશાળાના બારણા આગળ જોડાનો ઢગલો પડયો હતો તેમાં હું સંતાઇ ગયો.

સુત્રધાર—વાહરે ! મારા રંગીલા, તું આવી વાત ક્યાંથી લાવ્યો !

વિદુષક—તું રંગીલો, તારો બાપ રંગીલો, મને તો ગઇ કાલેજ મ્હારી બાયડીએ ધોઇકણેથી રંગ્યો હતો.

સુત્રધાર—અરે મુર્ખ! રંગેલો નહી, રંગીલો, રમુજી, દીલખુશ કરનારો.

વિદુષક—મેરને, ત્યારે એમ ભસને; રંગીલોને રંગલો, એમાં કોણુ તારો ભા સમજે!

સુત્રધાર—બસ હવે લવારા બંધ કર; પણુ તું રમુજી માણુસ છે, તેથી આજ માહારે કન્યા વિક્રય દુઃખ દર્શક નાટક ભજવવું છે; તેમાં મને મદદ કરીશ ?

વિદુષક—હા, પણ કાલે લાડવા ખવરાવે તો!

સુત્રધાર—જા, કાલે લાડવા ખવરાવીશ.

વિદુંષક—સારૂ જા, ત્યારે મદદ કરીશ; પણુ અત્યારે તો હું જાઉં છું. બાયડી વાટ જોતી હશે.

સુત્રધાર—જા, વેહેલો આવજે.

વિદુષક—બહુ સારૂ.

સુત્રધાર—(સભા તરફ ફરીને) સુજ્ઞ સભાજનો, આજ ટાઇમ કરતાં વધારે વખત થયો છે; માટે હવે નાટક શરૂ કરવું જોઇએ. હું રજા લઉં છું

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—સુંદીરપુરી મોતીલાલનું દીવાનખાનું.

પાત્રો—મોતીલાલ—પાછળથી તેના મીત્ર પ્રાણુલાલ, સુંદરલાલ અને છગનલાલ.

મોતીલાલ—(મણી આધવની ચોપડી વાંચતો હતો. વાંચી રહ્યા બાદ) (મનમાં) અહો ! આ વાર્તાની અંદર કન્યા વિક્રયને માટે કેટલો બધો ઉપદેશ છે? ધિક્કાર છે, કન્યા વિક્રય કરનારને. (ઘડીયાલ સામું જોઇને) સાડાચાર થઇ ગયા ફરવા જવાનો વખત પણ થઇ ગયો, છતાં મી૦ પ્રાણુલાલ કે સુંદરલાલ હજુ કેમ ના આવ્યા ! શું કંઇ કામમાં રોકાયા હશે? આજે નહી આવે? ના ના એમતો ના હોય, આવવાનાજ (એટલામાં નીચેનાં કમાડ ખખડયાં અને પ્રાણુલાલ, છગનલાલ, તથા સુંદર-લાલ, મેડા ઉપર આવ્યા.)

મોતીલાલ—કેમ સાહેબજી? આજે તો ધાર્યા કરતાં મોડા આવ્યા.

પ્રાણુલાલ—અરે યાર, આ મી૦ સુંદરલાલ તથા

છગનલાલ મોડા આવ્યા, તેથી મને વાર થઇ નહીંતર હું તો બરોબર વખતેજ આવત.

મોતીલાલ—ફીકર નહીં, પા કલાક મોડા આવ્યા તો તેટલા મોડા જશો એટલે બસ.

પ્રાણુલાલ—આ મેડો તમે આજેજ રાખ્યો કે?

મોતીલાલ—હા ભાઇ. આપણને તો ખાનગી હૉલ શીવાય ફાવે નહીં, ઘરમાં મા, બેન, બાપ વિગેરે હોય તેમાં આપણને કેમ ફાવે? આપણે તો એકાંત જોઇએ અને આ મેડો લીધો છે તે મારો જીવ જાણે છે. ચાર દિવસ સુધી માથાઝીક કરી ત્યારે બાર મહીને દશ રૂપીયા ભાડુ કરીને રાખી આપ્યો.

પ્રાણુલાલ—કેમ? એટલું બધું શું થયું.

મોતીલાલ—અરે યાર, મારા બાપ એટલા બધા કંજુસ છે કે કેહેવાની વાત નહીં.

સુંદરલાલ—હોય ભાઇ અસલી માણુસ જીવનાં એવાં હોય, એમના મનમાં જાણે આવડું મોટું ઘર છે અને શું કામ પઈસા ખરચાવતો હશે?

છગનલાલ—હા ભાઇ ઘરડા માણુસના જીવ તો એવાજ હોય.

મોતીલાલ—પણુ શું આવા જીવ, જોઇએ તે વગા કંઈ ચાલે? આ ઘડીયાળ વાસ્તે મેં લગભગ બે માસ સુધી ટક્કર કરી, ત્યારે દશ રૂપીઆનું ઘડીયાળ લાવી આપ્યું. માહારા બાપ તો મને ઇંગ્લીશ અભ્યાસ

કરાવવાના નહોતા, પણ માહરાં માતુશ્રી; તથા આપણા માસ્તર સાહેબના આગ્રહથી, તથા માહારી ટક્કરથી એમ જાણ્યું કે હવે છુટકો નથી, ત્યારે નાઇલાજે ભણાવ્યો. પઇસા ના હોય ત્યારે તો જાણે ક્યાંથી લાવી ભણાવે! પણ પરમેશ્વરે પૈસો આપ્યો છે; છતાં તેનો ઉપયોગ કરતા નથી. આવો ચેપી બાપ કોઇને નહીં હોય, ભાઇ માહારૂ નશીબ ફુટેલું છે કે આવા બાપના પાલવે પડયો છું. કેમ ભાઇ બોલતા નથી?

માણેકલાલ—ભાઇ ગમે તેવો તોપણ પોતાનો પિતા, માટે તેમની આજ્ઞામાં રહી સર્વ કામ કરવું. પિતા નીચ, ચંડાલ, કૃતઘ્નિ, બેહેરો, બોબડો, ગમે તેવો હોય પણ આપણે તો તેને પ્રભુ સમાન માનવો જોઇએ; અને તેમના દુર્ગુણ તજી દઇ ગુણ ગ્રહણ કરવા જોઇએ. એટલુંજ નહીં પણ, પિતાએ કરેલો અયોગ્ય હુકમ યોગ્ય માની, તેનો તાત્કાલીક સત્કાર કરવો જોઇએ; જુવોને, પિતાનું વચન માની રામચંદ્ર સરખા વનમાં ગયા. શ્રવણે આંધળાં લુલાં માબાપને કાવડમાં લઇ, તે કાવડ પોતે ઊંચકી માતા પિત્તાને સર્વ તીર્થની યાત્રા કરાવી તો આપણે શી ગણત્રીમાં? બેશક: આપણે પિતાની આજ્ઞા પાલવીજ જોઇએ. કેમ, સુંદરલાલ બોલતા નથી?

સુંદરલાલ—હા ભાઇ મોતીલાલ, જેઓએ આપણને દુઃખ વેઠીને મોટા કર્યા, તેમનું આપણે મોટા થઇ ભુંડું બોલીયે એ વ્યાજબી ના કહેવાય, તમે

ગુજરાતી પાંચમી ચોપડીમાં વાંચેલી પિતાના આભાર વીશેની કવિતા ભુલી ગયા ?

મોતીલાલ—હા ભાઇ તમારૂં કહેવું યોગ્ય છે હું ક્યાં માહારા પિતાજીનું ભુંડુ બોલુંછું; પણ હું તો એમના ...ભાવની વાત કહુંછું.

છગનલાલ–કેમ ? હવે ફરવા જવા વિચાર થાય છે.

મોતીલાલ—હા ભાઇ ચાલો, પણ આજ કઇ તરફ જવા ઇરાદો છે ?

પ્રાણુલાલ—સુંદરબાગમાં ગએ આજ ચાર પાંચ માસ થઇ ગયા. માટે ચાલો આજ તો તે તરફ જઇએ.

(રાગ માઢ વીરા વેશ્યાનો યારી)

મોતીલાલ—

હે મીત્રજ મારા, પ્રાણુના પ્યારા, ચાલોને ફરવા કાજ;
તમે સુખ દેનારા, નેણુના તારા, ચાલોને ફરવા કાજ;
બહુ દીન થયા બાગને જોયાં, ચાલોને મારા યાર
સરસ હવા જઇ બાગની લઇએ, દોસ્ત મારા દીલ જાનરે;
માટે સરવે ચાલો, બાગમાં મ્હાલો, હીંડીએ હાલો- બાગને જોવા કાજ;

સુંદરલાલ—

ચાલોને ભાઇ વખત થયો છે–કરો નહિં હવે વાર
સુંદીરપુરીના સુંદરબાગમાં જઇએ હવે નીરંધારરે;
માટે ચાલોને ભાઇ, કહું સુખદાઈ વાત હું આંહી–
બાગને જોવા કાજ. હે મીત્ર;

પ્રવેશ ૨ જો.

સ્થળ—સુંદીરપુરીના મહાદેવ પાછળનો બાગ.

પાત્ર—રસીકલાલ, પાછળથી સીતા.

(પ્રીય વાંચકને આ ઠેકાણે જાણવું જોઈએ કે રસીકલાલનો બાપ સુંદીરપુરીનો રેહેવાસી હતો. અને મુંબઇમાં એક મોટા વેહેપારીને ત્યાં સારા પગારથી ચાકરી હતો. તે ચાર પાંચ વરસે પોતાના વતનમાં આવતો તેથી રસીકલાલ પોતાના ગામ સંબંધી ઝાઝી માહીતી ધરાવતો ન હોતો તથા ગામના માણસોને ઝાઝો ઓળખતો નહોતો. પણ રસીકલાલના કમનશીબે તેનો બાપ તથા મા એક માસના તફાવતે તેને પંદર વરસનો મુકી સ્વર્ગવાસી થયાં હતાં તેથી રસીકલાલ પોતાના બાપના એક મીત્રના આશ્રય નીચે મુંબાઇમાં રહી વિદ્યાભ્યાસ કરતો હતો. હાલ તેની ઉમ્મર વીસ વરસની છે. અને વકીલાતનો અભ્યાસ કરે છે. તેનો બાપ થોડો પૈસો મુકી ગયો હતો, પણ રસીકલાલના વિદ્યાભ્યાસમાં તે વપરાઈ ગયો હતો. હાલમાં તે ગરમીની રજા ભોગવવા પોતાના વતન સુંદીરપુરમાં આવ્યો હતો. રસીકલાલનું એક ઘર સુંદીરપુરીમાં હતું પણ હાલ તે પોતાના કાકાને ત્યાં ઉતર્યો હતો. સુંદીરપુરીમાં આવ્યા પછી સુંદરલાલ સાથે તેને સારી પીછાણ થઇ હતી. અને

તેની સાથે તે મેળાવડા વિગેરેમાં જતો હતો. હાલમાં તેને મુંબઇથી આવે આઠેક દીવસ થયા છે.)

રસીકલાલ–(સ્વગત) અહા! તે સુંદરી મારા મીત્ર સુંદરલાલના મીત્ર મોતીલાલની બ્હેન છે. મેં આ-જે સુંદરલાલના કેહેવાથીજ જાણ્યું. આહા! શું તેનો સુંદર ચ્હેરો, હંસના જેવી ચાલ. અરે! તે ચાર દીવસથી અત્રે પુલ વીણવા આવે છે, પણ મને તો આજેજ ખબર પડી. અહા! મેં એને જયારથી દેખી છે ત્યારથી દીવાનો બની ગયો છું. ટોકરસી મારી જ્ઞાતીનો છે. તે જો પોતાની પુત્રી મારી સાથે પરણાવે તો હું કેવો ભાગ્યશાળી કે-હેવાઉં? તે સુંદરીના મુખ કમળ ઉપરથી પણ સમજાઇ આવે છે કે તે મને ચ્હાય છે અને સુંદ-રલાલના કેહેવા ઉપરથી જણાય છે કે તેનું સગ-પણ હજુ થયું નથી. આજે તો તે સુંદરી આવે તો તેની સાથે વાત કરવાની કોશેષ કરૂં. હમેશના કરતાં પા કલાક વધારે થયો. છતાં કેમ ના આવી? આવશેજ, આવ્યા શિવાય રહે નહીં.

(સીતા આવે છે. અને પુલવીણવા માંડે છે. રસીક લાલ તરફ એક દ્રષ્ટિ કરે છે. રસીકલાલ તેની પાસે જાયછે)

રસીકલાલ—આપને ખોટું ના લાગે તો તમને પુછુછું કે આપના પિતાજીનું નામ શું તથા આપ શી

જ્ઞાતે છો ?

સીતા—(શરમાઇ નીચું જુવે છે) અમે દશા ખડાયતા વાણીઆ છીએ. મારા પિતાજીનું નામ ટોકરશી વિઠલદાસ છે.

રસીકલાલ—ત્યારે તો તમે અમારીજ જ્ઞાતીનાં છો (અજાણ્યો થઇને) આપનું લગ્ન ક્યાં થયું છે. તે કહેશો.

સીતા–મારૂં લગ્ન અગર સગપણ કંઇ પણ થયું નથી.

રસીકલાલ—ત્યારે તમારો હાથ મેળવવાવાળો કોણ ભાગ્યશાળી હશે ?

સીતા—(શરમાઇને) વિધિએ જે નિર્માણ કર્યો હશે, તેમની સાથે થશે.

રસીકલાલ–(આવેશમાં આવી) સીતા મને માફ કરજો. હું તમને ચાહું છું. જ્યારથી તમને દેખ્યાં છે. ત્યારથી હું દીવાના જેવો બની ગયો છું. શું હું તમારો હાથ મેળવવાને કમનશીબ નીવડીશ. સીતા બોલો ? તમારો હાથ મને નહીં મળી શકે. શું તમે મને નથી ચ્હાતાં ?

સીતા—રસીકલાલ શાન્ત થાઓ. તમારી ઓળખાણ મેં મારી બ્હેનપણીથી મેળવી છે. તમારા પહેલી હું જાણતી હતી કે તમે મારી જ્ઞાતિનાછો વળી પહેલા દીવસના સમાગમથીજ આપને દેખી મારા હૃદયમાં પ્રેમ દેવતાએ વાસ કર્યો છે. અને તેને લીધેજ મારે અત્રે ખસડાઇ આવવું પડે છે. રસીકલાલ તમને હું ચાહું

છુ. પણ લાચાર છું કે, આપણી જ્ઞાતીના રિવાજ પ્રમાણે ઇચ્છાવર વરી શકાતા નથી. તેથી મારૂં અને તમારૂં ચ્હાવું નિરર્થક છે. માટે આપ મારા પિતાજીને મળો. અગર તમારા કોઇ સગા મારફતે વેવીશાળ સંબંધી વાત કેહેવરાવો એટલે મારા પિતાજી તમારા જેવા યોગ્ય વર સાથે પોતાની પુત્રી આપવા કબુલ થશે.

રસીકલાલ—હા, તેતો ખરૂં પણ આપણી જ્ઞાતિમાં કન્યા વિક્રયનો ધારો પુર જોસમાં ચાલે છે. તે પ્રમાણે તમારા પિતા તમારા લગ્નના બદલામાં કંઇ રકમ માંગે ત્યારે મારે કેમ કરવુ? કારણ મારી સ્થિતી હાલ સારી નથી વળી હાલ તો હું અભ્યાસ કરૂં છું.

સીતા—મારા ધારવા પ્રમાણે મારા પિતાજી એવું કર્મ નહીં કરે. તમે પુછાવી તો જોજો. પછી થોડા ઘણા પૈસા માગે તો તેટલા ગમે ત્યાંથી મેળવવા તપાસ કરજો. હાલ તો હું જાઉં છુ. કારણ મારે સ્કુલમાં જવાનો વખત થયો.

રસીકલાલ—હવે ઘડી ઉભાં રહોને જવાય છે.

સીતા—રસીકલાલ, આપ જાણો છો કે લગ્નની પવીત્ર ગાંઠથી જોડાયા શિવાય પરપુરૂષની સાથે એકાંત ઉભાં રહેવું તથા વાત કરવી તે સ્ત્રીના ધર્મથી વિરૂધ્ધ છે. તથા ઈશ્વરનાં ગુન્હેગાર ગણાઇએ. તમે સમજુ થઇને કેમ ભુલો છો? કોઇ જાણે તો કેવું ખરાબ

કેહેવાય ? માટે હું જાઉં છું. (સીતા જાય છે તેનો છેડો પકડી ઉભી રાખે છે.)

રસીકલાલ—વધારે નહિં પાંચ મિનિટ થાભો. મારે કંઇ ખુલાસો કરવોછે. (સીતા છેડો છોડાવવા પ્રયત્ન કરેછે.)

સીતા-(છોડો છોડો છબીલા જાઓ હઠો હઠીલા) એ રાહ

છોડો છોડો રસીક, તમે રાખોને બીક
કરો કેમ અહિતજ કામ, રસીક કેમ કરો અહિતજ કામ.
પરનારી રોકો નહીં આમ, જાય લજ્જાને થઇએ બેનામરે-
કરો કેમ. છોડો છોડો રસીક૦
ઇચ્છું તમને અતિ ઘણી, પણ નહીં મારે હાથ ;
તાતજ મારાને કરો, લગ્ન સંબંધી વાત.
મુકો મુકો જવા દો આ વાર, કેમ રાખો ન દીલમાં વિચાર-
શાણા શાન્તિ ધરોને લગારરે-(૨) છોડો છોડો રસીક૦
માગું મારૂં જઇ કરો, તોતો થાયે કામ;
આવું કર્મ કર્યા થકી, રૂઠે પ્યારો રામ.
માટે જાઓ પિતાજીની પાસ, હોય વરવાની હૈયે જો આશ,
શાણા સાહ્ય કરે અવિનાશરે (૨) છોડો છોડો રસીક૦

માટે હવે મને જવા દો વળી કોઇ વખત મળીશ.

(સીતા છેડો છોડાવી ચાલી જાય છે.)

રસીકલાલ-(સ્વાગત) અરે ! શું ગઇ ? મારૂ મન હરનાર સુંદીર અપ્સરા શુ ચાલી ગઇ. ઓ, જાય શું ! તેની સુંદીર ચાલ. અરે ! ઇશ્વર મારા ઉપર કૃપાવાન થા, અને એ મનમોહીની સુંદરીને મહારી ભવિષ્યની

મહોરદાર બનાવ; હવે ત્રણ ચાર દીવસ પછી તેના પિતાજી પાસે જઉં, અગર મારા કાકાની મારફતે વાત કહેવરાઉં. જોઉં છું, શું પરીણામ આવે છે. હાલ તો હું જાઉં.

(જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ (સુંદીરપુરીનો સુંદર બાગ)

(પાત્ર, મોતીલાલ, સુંદરલાલ, પ્રાણલાલ, છગનલાલ, તથા પાછળથી દુર્ગુણી મીત્ર જુઠાલાલ આવે છે.)

સુંદરલાલ—કેમ? મી૦ મોતીલાલ તે દીવસે આપણે બાગ જોયો હતો, અને આજે જોયો તેમાં કેટલો બધો ફેર પડીગયો છે. અને આ વખતે કેવો બાગ ખીલી રહ્યો છે.

પ્રાણલાલ—બરોબરછે. મી૦ શુંદરલાલ, આ વખતે તો મન ખુશ થાય તેવો દેખાવ છે.

છગનલાલ—મી૦ પ્રાણલાલ! હાલમાં બાગની ભર જુવાની છે. કારણ ઉપર આખુ ચોમાસું વરશ્યું. તેથી જમીન તરથઇ કેવાં ફુલ ઝાડો પાણીથી તૃપ્ત થઇ ઝુકી રહ્યા છે. !

સુંદરલાલ—હા ભાઇ ખરીવાત (**મોતીલાલ સામુ** જો-ઇને) મી૦ મોતીલાલ આ બાગનું વર્ણન કરશો ?

મોતીલાલ—હા સાંભળો,

(રાગ ધનાશ્રી.)

છે સુંદીર આ બાગ, સુશોભીત છે સુંદીર આબાગ.
વૃક્ષ ઝુકે છે, અથાગ—સુશોભીત. ૧
ચંપો, ચંબેલી, મરવો, મોગરો, ખીલી રહયો આ જાગ,
સુશોભીત.
કદમ વૃક્ષે વેલ વીંટાણી, જોઇને કેવો લાગ.
સુશોભીત. ૨
કદલી કેળ ને જામફલી છે, સીસમને વળી સાગ.
સુશોભીત.
આમ વક્ષપર બેશી કરે છે, કોયલ કેવા રાગ
સુશોભીત. ૩
મેના પોપટ મધુર વદે છે, શો શોભે આ ભાગ.
સુશોભીત.
બાગ વચે તો બેસવા માટે, રોકયો છે આ માગ.
સુશોભીત. ૪

સુંદરલાલ—થેંન્કયુ, મીસ્તર મોતીલાલ, તમારી અને આ બાગની પણ એક સરખીજ જુવાની ખીલી છે, કેમ છગનલાલ ?

છગનલાલ—મોતીલાલ, સુંદરલાલનું કેહેવું યોગ્યછે, પરંતુ તમારૂ બદન જે બગીચા જેવું ખીલેલું છે, તે જ્યાંસુધી તમારૂ લગ્ન થયું નથી ત્યાં સુધીજ

એ નક્કી સમજજો.

પ્રાણલાલ—હેં હેં શું મોતીલાલનું હજુ લગ્ન થયું નથી ?

મોતીલાલ—અરે ભાઇ ! લગ્નની તમે શું વાત કરોછો, અમારી ભુખડુ નાતથી જરીક વાકેફ તો થાઓ !

પ્રાણલાલ—ના ના શું છે મને કહો તો ખરા ! ખરેખર તમારાં લગ્ન થયાંજ નથી ?

મોતીલાલ—મારા સમજવા પ્રમાણે અમારી નાતમાં મારા જેવો કુલવાન, અને મોભાવાલા ઘરનો છોકરો બીજો ભાગ્યેજ કુંવારો હશે; અમારી નાતમાં કન્યા વિક્રયનો ધારો અતીશય વધી પડયો છે. તેઓ કુલવાન કે કલાવાન કાંઇ જોતાજ નથી. માત્ર જોવામાં એટલુંજ કે પઇસા છે? અને મન માનતા હમને આપે છે? આ બે પ્રશ્ન વિષે તપાસ કરે છે. જો માગ્યા પ્રમાણે પૈસા આપનાર મલે તો ભલે, પછી "વર મરો કે કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો." એ કેહેવત મુજબ ૮૦ વરસના વર જોડે ૮ વરસની કન્યા પરણાવેછે. આવી છોકરીઓના પઇસા ખાઉ અમારી નાત છે. પરંતુ કન્યા વિક્રયથી કેટલું દુઃખ છે, તે તેઓ બીલકુલ સમજતા નથી.

પ્રાણલાલ—હા ભાઇ, કન્યા વિક્રય કરે છે; તે તો બહુંજ દુઃખ પામે છે; સાંભળો !

ગીતિ.

મીત્ર માણશ જે જન, પૈસા લઇને નિજપુત્રી દેશે.
પુત્રીને વેચ્યાસમ, પાપ ગ્રહણ કરી નરકે સંચરશે.

છગનલાલ—મીસ્તર મોતીલાલ, આપની ન્હાની બ્હેન સીતાનું કયાંઇ સગપણ કર્યું છે કે ?

મોતીલાલ—ના ભાઇ, આ વરસમાં એનાં લગ્ન કરી નાંખવાનો વીચાર છે. કારણ એને તેર વરસ થયાં પણ મ્હારા પિતા કંજુસ અને લોભી છે; માટે જરૂર કન્યા વિક્રય કરશે.

સુંદરલાલ—ભાઇ, તમે તમારા પિતાને જ્ઞાનની સાથે શીખામણ દેજો, કે તે માનશે.

મોતીલાલ—હા ભાઇ, હું બનતો પ્રયત્ન કરીશ, પછી ઇશ્વર ઇચ્છા.

પ્રાણલાલ—હા ભાઇ, સમજાવીને તેવું કામ તમારા પિતાજીને કરવાજ ના દેશો.

(જુઠાલાલનું આવવું.)

જુઠાલાલ—કેમ મીત્રો ખુશી તો ખરા ?

મોતીલાલ—હા, મીસ્તર આવો.

જુઠાલાલ—હું તો તમારા દીવાનખાને ગયો હતો, પરંતુ દીવાનખાનું બંધ દીઠું એટલે અહીં આવ્યો; અહીં તમે મળ્યા એટલે ઠીક થયું, કારણ બીડી વીના મારૂં

મન ભમે છે.

મોતીલાલ—હા, લ્યો બીડી આપું.

[સુંદરલાલની નજર મોતીલાલની આંગળીએ કલમ ઘડતાં ચપ્પુ વાગેલું હતું તેપર જવાથી.]

સુંદરલાલ—મોતીલાલ, આંગળીએ શું વાગ્યું છે?

મોતીલાલ—ભાઇ, કાલ કલમ ઘડતાં ચપ્પુ વાગ્યું છે. રાત્રે ઊંઘ પણ આવતી નથી; આખી રાત દુખાવો થાય છે. દીવસે જરા શાન્તી વળે છે. કાલે તો આખી રાત ઉજાગરો પડયો હતો, અને આજનીરાતની વાત તો ઇશ્વર જાણે.

પ્રાણલાલ—કંઇ દવા બવા લગાવો છો કે નહી?

મોતીલાલ—દવા તો ગઇ કાલે દવાખાનેથી લાવ્યો હતો; પરંતુ તેની કંઇ અસર થઇ નહીં.

જુઠાલાલ—ઊંઘ આવે એવો હું સ્હેલો ઉપાય બતાવું! તમો કરશો?

મોતીલાલ—ઘણી ખુશીથી. સુખ થાય એવો ઊપાય કેમ નહીં કરીએ.

જુઠાલાલ—મધપાન કરી સુઇ જવાથી વેદનાનહીં થાય, અને મીઠી ઊંઘ આવશે.

સુંદરલાલ—છટ, આપણે ઊચ જ્ઞાતીના કહેવાઇએ અને આવું કામ કેમ કરાય; લગાર વિચાર કરીને શબ્દ

કહાડો. પીવાની જરૂર નથી.

જુઠાલાલ—એમાં દોષ શ્યો? મહુડાં આપણે ખાઇએ છીએ અને તે મહુડાનુંજ પાણી છે. મોટા મોટા લોકો ઘણાએ પીએ છે, એમાં વટલાવાનું શું! જો પીનાર ના હોય તો, દારૂના હજારોને લાખો રૂપીયા કયાંથી ઉપજે!

પ્રાણલાલ—પણ ભાઇ, એ ઝેરી વ્યસનથી દુર રહેવું, કારણ તે વ્યસન કરવાથી શરીરનું બીલકુલ ભાન રહેતું નથી; અને મુખ નિસ્તેજ થઇ જાય છે માણસમાં તેની અપકીર્તિ થાય છે. અને ગ્રહસ્થ માણસના નામની ઓળખાણને બદલે દારૂડીયો એવું નામ ચાલુ થાયછે. એનાથી ભારે દુઃખ તે કયું?

છગનલાલ—હા ભાઇ ખરી વાત. (સાંભળો).

(રાગ ગજલ. સરકાર રજા દીજીએ.)

દારૂથી હજારો લોક, થઇ ગયા ખરાબ;
માટે મીત્ર માહારા, પીશો નહીં શરાબ. ૧
દારૂથી અનેક દુઃખ આવાને પડે;
લાજ લોક માંહી જાયે, બહુજ તે નડે. ૨
દારૂના પ્રતાપે વલ્યો, યાદવોનો ઘાણ;
સીકંદર સુરાનો ગયો, દારૂનાથી પ્રાણ. ૩
દારૂના પીધાથી ગયુ, રજપુતોનુ રાજ;
કુંભક તેથી મર્ણ પામ્યા, બગડયાં કંઇનાં કાજ. ૪

દારૂના પીધાથી ભાન, નવ જરી રહે;
આબરૂ પીતાની ઉપર, પાણી તો વહે. ૫
આટલી આ શીખ સૌ, ઉરે તમે ધરો;
શંકર કહે છે સહુ દારૂ પરહરો. ૬

સુંદરલાલ—વાહ મીસ્તર, રેગ્યુલર કહ્યું.

જુઠાલાલ—ભાઇ, તમારી ખુશી; હું તો આ મોતીલાલને બળતરા બળેછે, ને ઉંઘ નથી આવતી તેમના સુખ માટે કેહેતો હતો.

પ્રાણલાલ—તમે ઠીક કહ્યું પણ અમારાથી ના વપરાય તેવી વસ્તુને અમે કેમ વાપરીયે.

જુઠાલાલ—આપની મરજી.

પ્રાણલાલ—મીસ્તર મોતીલાલ આપનુ આ દુઃખ સાંભળી, હું ઘણો દીલગીર છું. કંઇ દવા કરજો. હવે વખત થઇ ગયો છે, માટે રજા લઇએ છીયે; કાલ મલીશું.

મોતીલાલ—હા પધારો. (સુંદરલાલ પ્રાણલાલ છગનલાલ જાય છે ગયા બાદ)

મોતીલાલ—મીસ્તર જુઠાલાલ શું દારૂમાં એવો ગુણ છે કે આપણી વેદના દુર થાય.

જુઠાલાલ—હા ભાઇ એમાં તો કેવા કેવા ગુણ રહેલા છે, મોટા મોટા માણસ પીએ છે તે ગુણ વિના! પણ બધા એક તરફ બોલે એટલે આપણું ચાલે નહીં; નહીતર દારૂ જેવુ ઉત્તમ એ કે વ્યસન નથી

દીલ ખુશ રહે છે, કોઇ દીવસ મન ઉદાસ હોય, ને લાવીને પીધો કે ખુશીમાંજ રહે. હું પણ બાર મહીનાથી પીવાનો માહાવરો રાખુ છું, તમે એક વખત પીતો જુવો! અને પછી તેના ગુણ અવગુણ જોવા.

મોતીલાલ—ત્યારે એમ હોય તો આજ સાંજે આપણા દીવાનખાનામાં લાવજો. યાર, મને તો રાત્રે ઉંઘ બીલકુલ આવતી નથી અને આખી રાત બળતરા બલ્યા કરે છે.

જુઠાલાલ—આપની ખુશી, કહો કેટલો લાવું?

મોતીલાલ—આપણ બંનેને થાય તેટલો, લ્યો આ રૂપિઓ બાકીના પઇસા પાછા લાવજો. (મોતીલાલ ઘેર જાય છે અને જુઠાલાલ દારૂ લેવા જાય છે).

પ્રવેશ ૪થો.

સ્થળ ટોકરશીની દુકાન

પાત્ર ટોકરશી અને પછી હરીલાલ બ્રાહ્મણ આવે છે.

ટોકરશી—(મનમાં) અરેરે પરમેશ્વર, મારે આવો પુત્ર ક્યાંથી પાકયો; નકામાં ખર્ચ કરાવે છે મને તો ગણતોએ નથી, બધુ એનુ ધાર્યું કરે છે. ઘર મોટું

ઘણુએ હતું પણ નકામા વરસ દહાડે દશ રૂપિયા ખરચાવીને જુદો મેડો રાખ્યો. ઘડીયાલ, ચશ્મા, અને ચોપડીયોમાં તો હું પઇસા ખરચી ખરચીને થાકી ગયો. રાંડને ના કહ્યું હતુ પણ નકામી હઠ કરી ઇંગ્રેજી ભણાવીને છોકરાને બગાડયો.

(બનજારો)

સું કરૂ અરે આ વારી, સુત ઉડાઉ પ્રગટયો ભારી.
ધુલ રાખમાં પઇસા નાંખે, નહીં બીક કોઇની રાખે,
એ ઝખમ મને ધા કારી, સુત ઉડાઉ પ્રગટયો ભારી. ૧
ચિત્ત દુકાનમાં નવ ધાલે, જઇ બાગ મહી તે મ્હાલે
હું ગયો તેહથી હારી, સુત૦ ૨
છેક છકી ગયો તે તંન, હું મુંઝાઉ છું બહુ મન,
નવ માને શીખ તે મારી, સુત૦ ૩
અરે કરૂં હવે શું હાય, મમ ઉરમાં પ્રગટે લાય,
છે ગતી પ્રભુ તુંજ ન્યારી, સુત૦ ૪

(હરીલાલ આવે છે)

(પીલુ બરૂવો)

હરીલાલ

(રાગ મેહેતાજીરે શું મહી મુલ બતાવુ).

હે શેઠજીરે કામ પડયું એક ભારી, આપો રૂપિયા મુજને હજારી.
મુજ બાપનુરે કારજ કરવુ મ્હારે, માટે રૂપિયા જોઇએ અત્યારે.

ઝુલ.

તેથી રૂપિયા મુજને દયોનેરે, વ્યાજ થાએ તે વરસે લ્યોનેરે,

લેશો વ્યાજ શું મુખથી કહોનેરે,
હે શેઠજીરે, કેહેજો વ્યાજ વિચારી; આપો રૂપિયા. ૧

ટોકરસી—વ્યાજ લઇશું રે, દોકડો એક આવારી.
લેઇ જાઓને રૂપિયા હજારી.
ચાર આનારે આરતના તો લેઇશું, લેઇ વ્યાજને નાંણું દેઇશું.

ઝુલ.

નાણું જોઇએ તો લેઇ જાઓરે, લેઇ નાણુંને શાંન્તજ થાઓરે.
શીઘ્રુ શામાન ઝટપટ લાવોરે,
કરો બારમુરે બાપ તણું આ વારી, લેઇ જાઓ રૂપીયા હજારી.

હરીલાલ—(વ્યાજ સાંભલી એકદમ હબકીને)

[રાગ કેરબો. પૈસા પૈસાની ખુબી ખુબી.]

બોલો બોલો ને શેઠ જરા તોલ કરીરે,
જરા તોલ કરીરે પ્રભુથકી ડરીરે. બોલો બોલો ૧
વ્યાજ સાંભલીને મુજ હૈયુ, થરર થરકે હાય.
વ્યાજ આટલુ બધુ શું બોલ્યા, વિચારો મન માંહ્ય બોલો ૨
મુજ બાપ દાદા તો ભરતા, આઠ આનાનું વ્યાજ.
એક દોકડો વ્યાજ શું બોલ્યા, રાખો મનમાં લાજ. બોલો ૩
માટે કરી વિચારજ બોલો, ખરે ખરૂ કહો વ્યાજ.
એક દમ શું હબકાવો છો, શેઠ આપ શીરતાજ. બોલો ૪

ટોકરશી—હા ભાઈ તમારા બાપ દાદા વખતનું આઠ આનાનું વ્યાજ હતું, પણ દહાડે દહાડે વરસ નબળાં આવ્યાં એટલે અમે વિચાર કરીનેજ બોલ્યા છીએ.

હરીલાલ—નબળાં વરસ આવ્યાં તે શું થઇગયું

કંઇ તમારૂં નાણું અમારે ઘાલવું નથી. મહીને પંદર રૂપિયા પગાર મળે છે તમને વરસે વરસે સો સો રૂપિયા ભરીસું. કહો પછી શું ?

ટોકરશી—ઠીક, ત્યારે છેવટે બાર આના વ્યાજ અને ચાર આના આરત મરજી હોય તો રૂપિયા લઇ જજો.

હરીલાલ—અરે મારા શેઠ હજી કંઇ ઓછું કરો.

ટોકરશી—ના ભાઇ આપની ખુશી હોય તો લઇ જાઓ.

હરીલાલ—લાચો ભાઇ ત્યારે જોઇસે તે વીના કંઇ ચાલસે. ગણી આપો. (રૂપીચા ગણી આપેછે હરીલાલ રૂપિયા લઇને જાય છે. ટોકરશી પણ દુકાન બંધ કરી મોતીલાલના દીવાનખાનામાં. તેને ખાવા બોલાવી જવા જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થલ મોતીલાલનું દીવાનખાનું

પાત્ર—મોતીલાલ પછીથી જુઠાલાલ અને છેવટે ટોકરશી આવે છે.

મોતીલાલ—(સ્વગત) હજી સુધી જુઠાલાલ કેમ ના આવ્યો ? (જુઠાલાલ આવે છે.)

જુઠાલાલ—લ્યો મીસ્તર લાવ્યો, બહુ અચ્છો છે.

મોતીલાલ—કેટલાનો લાવ્યા?

જુઠાલાલ—આતો ઊંચો, ફુલ દારૂ લાવ્યોછું.

બાર આનાનોછે.

મોતીલાલ—ઠીક: હવે મને વેદના શરૂ થઇ.

જુઠાલાલ—દારૂ ઊડાવો, જોઇલ્યો પછી મઝા. ઇશ્કા કયા ભાર હે.

મોતીલાલ—પેલા કબાટમાંથી ન્હા પીવાના ગ્લાસ લાવો.

(જુઠાલાલ બે ગ્લાસ લાવી, ભરી અરસપરસ પીએ છે ખુબ પી રહ્યા બાદ.)

મોતીલાલને દારૂ ખુબ ચઢે છે. દારૂ પીધાથી બેભાનમાં, મોતીલાલનું દુઃખ જણાતું નથી તેથી ઘેનમાં નીચે પ્રમાણે ગાયન ગાય છે.

રાગ (કયાં જાય તજી પ્યારા અહીં મુજને.)

છે મદ્ય આ ખુશકારી, જાણીં વારી.
હાય શાંન્ત થયુ મુજમન, થયુ સુખ અતિ મુજ તંન.
થઇ ખુશ તબીયત મારી, જાણીંવારી—છે મદ્ય ૧
ખરૂ ઔષધ આ કહેવાય, દુ:ખ પલકમહીં દુર થાય.
મટી વેદના સૌ મારી, જાણીંવારી—છે મદ્ય ૨
ધન્ય જુઠાલાલ દીલદાર, તેં ખરો જણાવી પ્યાર
મને કીધો તેં આભારી, જાણીંવારી—છે મદ્ય. ૩
શી મઝા આવેછે યાર, મારૂ મનડુ હર્યુ અઠાર.
આનો ગુણ દીઠો ભારી, જાણીંવારી—છે મદ્ય. ૪

ધન્ય ધન્ય મારા પ્રીય દોસ્તદાર તેં મારી વેદના દુર કરાવી. માટે તારો ઊપકાર માનુંછું.

જુઠાલાલ—મીત્રનું દુઃખ મીત્રે ભાગવું જ જોઇએ, કારણ મીત્રના સુખે સુખી અને મીત્રના દુઃખે દુઃખી. પણ હવે હું રજા લઊછું, કારણ વાળુ પાણી કરવાનો વખત થયો, મીત્ર પધારજો. (જુઠાલાલ જાય છે)

(**મોતીલાલ** દારૂના ઘેનમાં લીટીઓ દોરવાની આંકણી લઇ, ગ્લાસ. શીશીઓ તકતા વીગેરે ફોડી નાંખી, બેભાન થઇ, ગાદી તકીયા ઉપર પડે છે. ટોકરશી આવે છે અને મોતીલાલને બેભાન પડેલો જોઇને તથા દારૂની વાસ આવવાથી મોતીલાલ દારૂ પીને પડયો છે, એવુ ધારી મનમાં અતીશય શોક કરે છે, મોતીલાલને કહેછે.)

ટોકરશી—અરે ઓ મુર્ખ? શું તેં દારૂ પીધો ? તેં આ શ્યો ગજબ કર્યો. આ હાંડીયો, તકતા, ગ્લાસ, ફોડી નાંખી બેભાન થઇ પડયો છે. મને બરોબર ખબર હતી કે, આગળ જતાં, આ છોકરો નઠારી ચાલનો નીકળશે તે ખરૂં પડયું ઊંચ જ્ઞાતીનો થઈ દારૂ પીને પડયો છે. મુર્ખ વિચાર આવે છે કે નહીં ? તેં મારી લાખ રૂપીયાની આબરૂ એક કોડીની કરી નાંખી.

(બીહાગની ગજલ)

(પીતાજી આ કોપ તમે શ્યો કર્યો)

ટોકરશી

અરે હાય આ શો ગજબ તેં કર્યો.
મધુ પાન કરતાં ન તું તો ડર્યો.

છોડી છેક લાજ નફ્ટ તેં અરે.
કર્યા કાકરા આબરૂના ખરે. ૨
અરે જાણુશે લોક જો આવી વાત.
જશે આબરૂ માહયરી ખરે ખાત. ૩
નહીં દેજ કન્યા અરે તને કોઇ.
અરે મુર્ખ શું તું રહ્યો છેજ જોઇ. ૪
નફ્ટ નાવી તુંજને જરાએ શરમ.
કર્યો નહિંજ તું આવુ કરતાં કરમ. ૫

મોતીલાલ—(દારૂના ઘેનમાં) અચ્છા, તુમ લોક હમેરે મકાનમેંસેં ચલ જાઓ. નહીં તો માર પડેગા.

ટોકરશી—અરે અકલના ફુટેલ બોલતાં શરમ આવે છે કે નહીં.

(મોતીલાલ આંકણી લઇને મારવા જાયછે. ટોકરશીએ જાણ્યું કે, આ વખતે તેના જીવ મકાનમાં નથી અને વગાડી બેસશે. માટે ત્યાંથી ઘર તરફ રવાના થાય છે. મોતીલાલ અસલ સ્થીતીમાં આવે છે.)

પ્રવેશ ૬ ઠો.

"સ્થલ માહાદેવનું દેવળ.

" પાત્ર. સીતા, સવીતા, વિદ્યાલક્ષ્મી નર્મદા, નિશાળમાંથી છુટયાબાદ પોતપોતાના ઘેર જતાં. મહાદેવનું

દેવલ આવે છે તે દેવલમાં. ચારે સાહેલીઓ મહાદેવનો ગરબો ગાય છે.”

(ગરબો રાગ પુનમ ચાંદનીનો.)

આવો પ્યારી બેહેનો, ગરબો ગઇએ શીવનોરે.
ઉભાં રહીને ગોળકુંડાળે સહુ આજ, હળીમળી ગરબો
ગાઇએ, સહીએરો સહુ આપણું રે.
ભોળાનાથ આપે, બેહેની સારૂ સાસરૂ રે.
વળી સ્વામી આવે, ચતુર સુજાણ હળીમળી. ૧

શાખા—અર્ધાંગે ઉમીયા ધર્યાં, ગણપતી જમણે પાસ.
સર્પ કંઠમાં શોભતા, છે કૈલાસે વાસ.
સહીઅર બળદ ઉપર કરી, સ્વારી શીવે હેતથી રે.
સજની ગંગાજી બીરાજે જટામાંય, હળીમળી ૨

શાખી—ડાકડમરૂ છે હાથમાં, નંદી ભૃંગી સાથ.
ખાખ શરીરે ચોળીને, બેઠા શંભુનાથ.
સખીઓ એવા શીવને, ભજેથી સુખ સહુને થશે રે.
કાપે કષ્ટ આપણાં ત્રીલોકકેરોનાથ, હળીમળી ૩

શાખી—બેહેનો ગરબો શીવનો, ગાયે મન ખુશ થાય.
રટણ કરો તે નાથનુ, નકી કરશે સ્હાય.
માટે સ્મરણ કરોને, સજની ઊમીયા ઇશનું રે.
સરવે વદો મુખેથી શીવનો જયજયકાર. હળીમળી ૪

સવિતા—બ્હેંન સીતા, ઘણા દિવસથી પુછું પુછું અને ભુલી જાઊંછું કે, મ્હારા સમજવા પ્રમાણે તમોને

તેર વરસ થઇ ગયાં હુશે, છતાં તમારા લગ્ન માટે હજુ સુધી કેમ કાંઈ જણાતુ નથી. શું બેહેનપણીથી છાનું રાખવાનું છે ?

સિતા—પ્રીય બ્હેન, જો મ્હારૂ વેવીશાળ થયું હોયતો તારાથી છાનું રાખું ! પરંતુ હજુ માતા પિતાએ કાંઈ ધ્યાનમાં લીધુ નથી.

નર્મદા—શું ત્યારે હજી એ ઊંઘ્યાં કરે છે ?

સિતા—પ્રભુ જાણે, બ્હેન જે થવાનું હુશે તે થશે.

વિજયાલક્ષ્મી—પણ બ્હેન, તમારા પિતા તમને ગમે તેવા વર સાથે પરણાવે તેમાં તમો ખુશી છો ?

સિતા—ના બ્હેન, પણ પિતા ગમે તેવો વરપરણાવે તો આપણાથી ના કેમ કેહેવાય. કારણ આપણે કુળવાન માણસનાં સંતાન છીયે. કેહેવત છે કે, "દીકરીને ગાય. જ્યાં દોરે ત્યાં જાય."

નર્મદા—પણ બ્હેન તમારી નાતમાંતો દીકરીના પૈસા લેવાનો રીવાજ છે. તે પ્રમાણે ત... પિતા પૈસા લઇને ગમે તેવા ઠેકાણે ગમે તેવા વર સાથે પરણાવે તો તમે શું કરશો ?

સિતા—કરવાનું શું ! જેની સાથે પાણી ગ્રહણ કરવાનું ઇશ્વરે નિમાણુ કર્યું હશે તેના ત્યાં જવું પડશે; આપણામાં કાંઇ ઇચ્છા વર વરવાનો રિવાજ છે ?

સવિતા—બ્હેન તારૂં કેહેવું સ્તુતીપાત્રછે, પરંતુ

લોભીયા બાપો પૈસાની લાલચે પોતાની સકુમાર દીકરીને આંખો મીચી અંધારા કુવામાં નાંખે છે કે, પછી તે નીકળવા પામતી નથી.

નર્મદા—બેહેન પોતાની મરજીમાં આવે એવા પતિ સાથે પરણુવાની માબાપ આપણુને રજા આપતાં હોય તો કેવું સારૂ ?

સિતા—હા બ્હેન આગળના વખતમાંતો એમજ હતું માબાપો પોતાની દીકરીને જે વર પસંદ પડે, તેની સાથે પરણાવતાં હતાં. રાજા રજવાડામાં, સ્વયંવર રચાવી તેમાં દેશ દેશના રાજા આવે, અને જે પસંદ પડે તેને કન્યા વરમાળ આરાપે એટલે તેની સાથે માબાપ તેને પરણાવે એવો રિવાજ હતો.

સવિતા—હા બ્હેન એવું હતું ખરૂં. પણ આ વખતમાંતો.

(રાગ, હે ચાંપરાજ (૨) તું આંખ ઉઘાડી દેખ).

હે પ્રીય બ્હેનો, (૨) હું સત્ય વચન કહુ આજ;
પાપી પિતાઓ દ્રવ્યના લોભે કરે છે કુડાં કાજ. ૧
પૈસા લેઇને (૨) દે પુત્રી ગમે તે ઠાર;
દુઃખ પુત્રી પામે ઘણું, સાસરીએ જઇ આ વાર. ૨
ધનના લોભે (૨) નવ જુવે ઉમ્મર ગુણ આપ;
બુઢો હોય પણ પરણાવે છે, ગણે ન તેમાં પાપ. ૩
તે વૃધ્ધ ઘર જઇ (૨) પુત્રીઓ સુખ શું પામે;

કારણ તે વૃધ્ધ જુજ વખતમાં, જાય પ્રભુના ધામે. ૪

પછી તે દુહિતા (૨) ના દુખનો ન રહે પાર;
ઝુરી ઝુરીને પછી તે પુત્રી કાઢે નીજ સંસાર. ૫

બ્હેન આ વખતમાં તો આવું થાય છે.

સીતા—હા બ્હેન અમારી નાતમાં આવા દાખલા બે ચાર નજરે જોયા.

નર્મદા—પણ અરેરે બ્હેન સીતા, તને પણ તારા પિતા ધનની આશાએ એવા ઘરડા વર જોડે પરણાવે તો મારૂં તો શેર શેર લોહી બળી જાય.

સીતા—હા બ્હેન, પ્રભુએ ધાર્યું હશે તે થશે. એ કંઇ આપણા હાથમાં છે! ચાલો હવે ઘેર જઇએ.

(સર્વ પોતપોતાને ઘેર જાય છે સીતા પણ જાય છે)

પ્રવેશ ૭ મો.

સ્થળ ટોકરશીનુ ઘર.

પાત્ર—દિવાળી સીતા અને પાછળથી ટોકરશી.

દીવાળી—અહોહો! હું આવાનુ કરીને કયારનીએ બેશી રહી છું. બત્તીની વખત થવા આવી, પણ નિશાળમાંથી સીતા કે દુકાનેથી સીતાના બાપ કેમ ના આવ્યા.

શ્યા કામમાં હજુ સુધી દુકાને બેશી રહ્યા હશે. (સીતાને આવતી જોઇને) લ્યો સિતા તો આવી.

સીતા—માતુશ્રી મને ભુખ લાગી છે. જમવાનું તઇઆર છે?

દીવાળી—હા બ્હેન. પણ આજ તને વાર કેમ લાગી?

સીતા—આજ હું મ્હારી બ્હેનપણીઓ, નર્મદા, સવિતા, વિજ્યાલક્ષ્મી વીગેરે નિશાળમાંથી આવતાં મહાદેવ ગયાં હતાં; તેથી વાર લાગી. બાકી નિશાળેથી તો કયારનીએ છુટી હતી.

દીવાળી—બ્હેન હજુ સુધી તારા બાપ કેમ ના આવ્યા? જા બોલાવી આવ. (ટોકરશી ઉદાસ ચ્હેરે આવે છે તે જોઇ દીવાળી કહે છે.)

(રાગ. સીંહાનો કનરો. કહુ છુ નશીએ દુઃખીયો).

કેમ ઉદાસ થયા પીયુ મારા; સત્ય વચન કહો પ્રાણઆધારા. કેમ.
નિત્ય દુકાનેથી આવોછો ત્યારે; દેખુ ખુશીમાં તમને હું પ્યારા, કેમ.
ખોટ ગઇ છે શું વેહેપારે; સત્ય વચન ઉચરો સમ મારા. કેમ.
કે વ્યાધી કંઇ દીલને થઇ છે; જલ્દી કહો આ વિનવે દારા. કેમ.

ટોકરશી.

(રાગ. ડરમાં તું દીલ સાથ છોકરા ડરમાં તું દીલ સાથ.)

દીલડું બહુ દુખાય, પ્રીયારે મારૂં દીલડુ બહું દુખાય.
મને ચિંતા અતિશય થાય, પ્રીયારે મારૂ દીલડુ બહુ દુખાય.

આજે ગયો હતો દીવાનખાને, મોતીયાને તેડવાને બ્હાને,
મેડે ચડયો હું છાનેમાને, મોતીઓ પડયો હતો બેભાને,
મેં કહયું મુખ્ખ પડયો આમ શાને. (પણ હાય હાય પ્યારી એ
તો દારૂ પીને પડયો હતો.) હાંરે મમ ઉરમાં પ્રગટે લ્હાય.
પ્રીયા. ૧

દીધી શીખામણ મેં તો સારી, તરત થયો તે સ્હામે મારી,
મારવા આવ્યો મુજને પ્યારી, દેશે નહીં કો કન્યા આ વારી,
દુઃખી થઉં છું ઉરમાં ભારી, (પ્યારી છેક છકી ગયો)
હાંરે મમ ઉરમાં કંઇ કંઇ થાય, પ્રીયારે મારૂ દીલડુ. ૨

પ્યારી ! મારા દુઃખની વાત હું કહી શકતો નથી હું શોકાગ્નિમાં ડુબી ગયો છું, હવે લાજ રહેવી મુશ્કેલ છે. કારણ લોકમાં આ વાત જાહેર થઇ તો લાખ રૂપિયાની આબરૂ એક કોડીની થઇ જશે; અને પઇસા આપતાં પણ એને કોઇ કન્યા દેશે નહીં. પેહેલાં મેં તને ના કહ્યુ હતુ કે, ઇંગ્રેજી ભણવાથી છોકરા છકી જાય છે. પણ તેં ના માન્યું. પ્રીયા હવે કેમ કરીશું ? હું ગયો ત્યારે તો હાંડીયો, તકતા, ગ્લાસ, સીસા વીગેરે ફોડી નાંખીને પડયો હતો.

દીવાળી.

(રાગ. સહીયર દુઃખ શું દાખવું.)

અરરર સ્વામી આ તે શું કહ્યું, મને દુઃખ અતી થાય;
વચન તમારાં સાંભળી, મારી કંપે કાય. અરરર. ૧
લોક આ વાત જો જાણશે, શું બતાવાશ મુખ;
પુત્ર કુછંદી પાકીયો, મારી લજવારી કુખ. અરરર. ૨

લાખની આબરૂ આપણી, જાશે પળમાં આ વાર;
એ ચીંતા મુજને ઘણી, મારા દુઃખનો ન પાર. અરર. ૩
નાત બ્હાર તો મુકશે, નાતવાળા સૌ જન;
આશા કન્યાની શી હવે, અકળાઉ છું મન. અરર. ૪

ટાકરશી.

રાગ ઉપર પ્રમાણે.

લાડ લડાવ્યાં તેં બહુ બહુ, હોકોટયો ન લગાર;
તે બદલો તુજને મળ્યો; જાણજે નીરધાર. લાડ. ૧
હાથે કરી દુઃખ હોરીયુ, હવે કેમ પસ્તાય;
ફીકર કરો નહી પ્રેમદા, લખ્યુ કર્મે તે થાય. લાડ. ૨
જો સુધરે તો તો ઠીક છે, દેજે તેને તું શીખ;
ચીંતા મુજને તે તણી, મંગાવશે ભીખ. લાડ. ૩

તેંજ છોકરાને બગાડયો છે અને હવે શું પસ્તાય છે.

દીવાળી—હાય હાય હું શું જાણું કે આવો કુછંદી નીકળશે. સ્વામીનાથ મને તો તેની બહુજ ફીકર થાય છે કે, લોક જો આ વાત જાણશે તો પછી આપણી શી ગતી!

સીતા.

(રાગ આશાઓડી.)

હામ તમે નહીં હારો, પિતા માતા હામ તમે નહીં હારો.
કર્મે લખ્યું તે નિશ્ચય થાશે, ધીરજ દીલમાં ધારો. પિતા.
શોક કરેથી મીથ્યા ન થાયે, વાત આ દીલમાં વિચારો. પિતા.
પ્રભુ કૃપાથી કાલ સુધરશે, ભ્રાત એ નક્કીજ મારો. પિતા.

માત મારીને ધીરજ આપો, શોક દીલેથી વીસારો. પિતા.
આપ સુખેથી ધંધે વળગો, સ્હાય થશે પ્રભુ પ્યારો. પિતા.

પિતાજી ઉદાસ થશો નહી. કાલ પ્રભુજી સારાં વાનાં કરશે. હું તથા મારી માતુશ્રી ભાઇને શીખામણુ દઇશું. ચાલો હવે કયારનુ જમવાનુ થઇ ગયું છે માટે જમી લેઇએ.

ટોકરશી—બહુ સારૂ ચાલો. (વાળુ કરી રહ્યા બાદ સીતા પોતાના ઓરડામાં સુવા જાય છે. અને દીવાળી તથા ટોકરશી બંને રહે છે.)

દીવાળી—સ્વામીનાથ? આપ ઉંધ્યા કરો છો, પણ આપણે એક મ્હોટું કામ કરવાનુ છે તે તમે જાણો છો?

ટોકરશી—શું છે કહે.

દીવાળી—સાંભળો.

[રાગ. ત્રીતાળી ચોપાઇ]

સુણો સ્વામી મારા શીરતાજ, કહુ સત્ય વચન હું આજ.
હવે સીતા તો મ્હોટીરે થઇ, વેવીશાળ કરો કંઇ જઇ.
વર્ષ તેર પુરાં થયાં પ્યારા, કરો લગ્ન હવે પ્રીય મ્હારા.
તેર વર્ષની પુત્રી થાય, કન્યાદાનનું ફળ તો જાય.
હવે કરો તૈયારી સ્વામી, લાવો વર હોયે ના ખામી.
ગુણ કુળ જોજે મારા નાથ, વય રૂપ હોયે તેની સાથ.
માટે શોધવા જાઓ આ વારી, કહી વાત તમોને વીસ્તારી.
જયારે સીતાનુ લગ્નજ થાશે, ત્યારે દીલગીરી મારી જાશે.

ટોકરશી—અહોહો ! એજની ! એમાં શું મોટી વાત ! જેમ મોટી કરીશું તેમ આપણુને ફાયદો છે. કારણુ સો રૂપીઆ કોઇ વધારે આપનાર મળશે, શું વહી જાય છે ?

દીવાળી—સ્વામીનાથ ફરી બોલો ! આપનો વીચાર દીકરીના પેસા લેવાનો છે કે શું ? આ શું બોલો છો !

ટોકરશી—ગાંડા જેવી છે. ત્યારે શું નહી ! આપણી નાતમાં સર્વે લે છે.

દીવાળી—અરે સ્વામીનાથ ! આપના મનમાં આવો દુષ્ટ વિચાર ક્યાંથી થયો; દીકરીના પઇસા લેનારને તો મહા દુઃખ ભોગવવું પડે છે. તેનો નર્કમાં વાસ થાય છે, માટે હે મારા પ્યારા સ્વામી, આપના મનમાં એવો દુષ્ટ વીચાર હોય તો કૃપા કરી તે વીચાર માંડી વાળજો; કારણુ શાસ્ત્રમાં પણુ મના કરી છે.

ટોકરશી—બેશને હવે ! આ જોને શાસ્ત્ર જાણુવાવાળી થઇ ગઇ, તારા કરતાં અમે વધારે જાણીએ છીયે. આવી ડાહી હતી ત્યારે તારા ભાઇએ તેની છોડીના ચાર હજાર રૂપિયા લીધા; તેને કેમ શીખામણુ દીધી નહી.

દીવાળી—સ્વામીનાથ ! તેને પણ મેં બહુજ શીખામણુ દીધી હતી; પણ જે વાત આપણા કબજામાં નહી, તેને કેમ કરવું. અને ભાઇને પણ "લક્ષ્મી દેખીને

મુનીવ્રત ચળે" તેવુ હતું. કોઇ કુવામાં પડે તે જોઇ આપણે પણ પડવુ !

ટોકરશી—બહુ સારૂ રાંડ છાની રહે, તારા બાપે તને ભણાવી, તેજ બધું બગાડયુ છે; કે ખોટી ખોટી ચોપડીઓ વાંચી અમને શીખામણ દેવા આવે છે. મારે તો સીતાને ભણાવવાનો વિચારજ નહોતો; પણ તેં હઠ કરીને ભણાવરાવી; હવે આગળ જતાં તે છોકરી કેવી નીકળશે તેની મને ઘણી ફીકર રેહે છે.

દીવાળી—સ્વામીનાથ? ભણાવ્યાથી કંઈ છોકરાં બગડતાં નથી પણ સુધરે છે. ભણાવ્યાથી કોઇ પણ આડે રસ્તે ચ્હડી ગયાનો દાખલો મળ્યો નથી. હું તમને સાફ કહુ છું કે મ્હારી છોડીને તમે પૈસા લઇને પરણાવવી ધારતા હો તો, તેમા તમારૂ ચાલવાનુ નથી. માટે હું તમને શીખામણ તરીકે બે શબ્દ કહુ છું તે સાંભળો.

દીવાળી

(રાગ. અટકાવવું (૩) ગૌવધ જયાંહે).

તમે સુણો, (૩) સ્વામી મુજ આજ;
હું કરગરી કહુ શીરતાજ. તમે સુણો.
લે દીકરી કેરા દામ, તે જાય નર્કને ધામ, હું સાચું કહું છું સ્યામ,
વીચારો નાથ, અરે દીલ સાથ, જોડુ છું હાથ, ધરો ઉર લાજ.
હું કરગરી.
પુત્રીના પૈસા લેશે, તે કદી સુખી નહી રહેશે, બહુ દુઃખ શરીરે

સ્હેશે, નથી કંઇ સાર, કહુ નીરધાર, સુણો આવાર,
વહુ સુખ કાજ. હું કરગરી.

ટોકરશી—[સ્વગત] આ રાંડ અત્યારે આડી થઇ છે, માટે, આ વખતે ના કહું કે, પૈસા નહી લેઉ. લેવા, ના લેવા તે તો આપણા હાથમાંજ છે ને; એ કયાં જાણુવાની હતી. છોડીના એકદંમ ત્રણ કે ચાર હજાર આવે તે ખોટા કરાવા બેઠી છે. [પ્રકાશ] આ તારી છેલ્લી શીખામણ તો મારા મનમાં બરોબર ઉતરી, ખરી વાત છે, દીકરીના પૈસા નહિંજ લેવા જોઇએ; સારૂ થયું કે આ વાત અત્યારે નીકળી; હવે જોઇએ છીએ કે, કંઇ સારૂ કુળવાન અને પૈસાદાર ઘર મળશે તો સીતાનો વીવાહ થોડી મુદતમાં કરી નાખીશું; અને આજ વરસમાં લગ્ન લેઇશું.

દીવાળી—બહું સારૂ મારા વ્હાલા સ્વામી. હવે મારૂં હૃદય શાન્ત થયું; ચાલો સુઇ જાઓ ઘણી રાત ગઇ છે. [જાય છે]

પ્રવેશ ૮ મો

સ્થળ— સીતાપુરી—ધનજીની દુકાન.

પાત્ર, ધનજી, ગુમાસ્તો મકન, પછીથી મુળચંદ.

ધનજી—(પોતાની સ્ત્રી મરણ પામવાથી ઉદાસ ર્‌હેરે નીચે પ્રમાણે ગાયન કરે છે)

(રાગ, ગભરામણ મુજને ઘડપણમાં આવે છે ઘણીરે)
આ કોપ પ્રભુજી મુજપર કેમ કીધો અતીરે (૨)
નારી ગઇ મ્હારીરે, જે હતી બહુ સારીરે,
તે મરણ હાથે પામી; મુજ ઘરમાં પડી બહુ ખામી,
કેમ કોપ્યા અંતર જામી, મારી શી ગતીરે. આ કોપ. ૧
પુત્ર નથી મારેરે, તેથી દુઃખ ભારેરે,
ફરી લગ્નજ કરવું પડશે, નહીં કન્યા કંઇએ જડશે,
આ ઘડપણ મુજને નડશે, નથી સુખ તો રતીરે. આ કોપ ૨
દશા શી આ મારીરે, દુઃખ મને ભારીરે,
હું કરૂં હવેશું હાય, મને ચિંત્તા અતિશય થાય,
મારી થર થર કંપે કાય, ગઇ સૌ મુજ મતિરે. આ કોપ. ૩

અરેરે પ્રભુ! મારા ઉપર આટલો બધો જુલમ. ઘડપણમાં સ્ત્રી મરણ પામી, પુત્ર છે નહીં; માટે હવે બીજીવાર લગ્ન કરવું પડશે. મને લગભગ શી-તેર બોંતેર વરસ થયાં માટે ભાગ્યેજ કન્યા મળશે. પણ ન્યાતમાં પૈસા ખરચવાથી કન્યા મળે છે, એટલે ફીકર નથી. પણ અરેરે! પેહેલાંના જેવી સ્ત્રી મળવી. મુશ્કેલ છે. હે દીનાનાથ? મેં તમારો શ્યો અપરાધ કર્યો હશે તે મ્હારા ઉપર આટલું બધું દુઃખ. ખેર, પ્રભુએ ધાર્યું હશે તે થશે સ્ત્રી ગુજરી ગયે આજ વીસ દીવસ થયા; માટે સુળચંદને કંઇ કન્યાની શોધ કરવા સારૂ મોકલીયે; લાવ

મુળચંદને બોલાવવા મકનનેજ મોકલું.

ધનજી—અરે મકન ?

મકન—હાં શેઠ સાહેબ શું કામ છે.

ધનજી—જા મુળચંદને બોલાવીલાવ, કહીએ મારા શેઠ બોલાવે છે, આપનું એક કામ છે માટે ચાલો.

મકન—વારૂ સાહેબ જાઉછું. [જાય છે પાછો આવીને] સાહેબ, એતો આ આવ્યા; પણેજ સ્હામા મલ્યા.

મુળચંદ—કેમ શેઠજી ઉદાસ થઇને બેઠા છો,

ધનજી—ભાઇ જાણોછોજ તો ! મ્હારા માથે દુઃખ પડવામાં કંઇ કસર રહી છે ?

મુળચંદ—હા શેઠ પણ દીલગીર રહેવાથી કંઈ દુઃખનો અંત આવતો નથી; માટે શોક કરવાથી ફાયદો નથી. કન્યાની જરૂર હશે તો કાલેજ લાવીને બેસાડી દઉં. એમાં શું મોટી વાત છે.

ધનજી—હા ભાઇ એ ખરી વાત છે; પણ આ મરીગઇ એના જેવી સ્ત્રી હવે મને મળવાની નથી.

મુળચંદ—અરે મારા સાહેબ ! એનાથી પણ સરસ લાવી આપું; ચિંતા શા માટે કરો છો.

ધનજી—ઠીક ત્યારે, ક્યાર સુધીમાં કન્યા શોધવા જશો ?

મુળચંદ—આપ કહો ત્યારે અહીંથી નીકળું.

ધનજી—આજ એને મરીગએ વીસ દીવસ થયા, માટે કાલ નીકળો. કન્યા ખોળશો ત્યાં સુધીમાં એક ગાસ પુરો થશે. એટલે લગ્ન કરીશું. પણ ભાઇ મુળચંદ ? આ મરીગઇ, એનો સ્વભાવ ઘણો સારો હતો, એના જેવી તો નહીં મળે, પણ તમે જાઓછો તે કાંઇ કેહેવું પડે તેમ નથી.

મુળચંદ.

(રાગ. લાવણી મુજ ઉપર ગુજરી એ રાહ.)

કંઇ ફીકર કરો નહીં શેઠ તમે આ વારી;
લેઇ આવું હું કન્યાય પ્રથમથી સારી. ૧
જઉં કાલ શ્હવારે જ્યાં સુંદીરપુર ગામ;
છે આપણી નાતના વિષેસ ઘર તે ઠામ. ૨
ત્યાં હશે ઘણી કન્યાય મીત્ર હો મારા;
દઉ પરણાવી હું એક માસમાં પ્યારા. ૩
રહો ખુશી આપ આ ઠાર શોકને છોડી;
લઇ આવું હું કન્યાય પ્રથમની જોડી. ૪
હુ મીત્ર આપનો સાચો કયારે કહાવું,
એક માસની અંદર આપને હું પરણાવું. ૫
માટે ધરોને દીલમાં ધીર તમે આવારી,
લઇ આવું હું કન્યાય પ્રથમથી સારી. ૬

માટે ફીકર નહીં કરતાં, ખુશીમાં દીવસ ગુજારો; કાલ સહવારે હું કન્યા શોધવા માટે નીકળીશ.

ધનજી—સારૂ મારા પ્રીય મીત્ર; પણ આપણી નાતમાં કન્યા વિક્રય લોક બહુ કરે છે. માટે પૈસા આપ્યા વિના તો કોઇ કન્યા આપશે નહીં. હું પ્રથમ પરણ્યો હતો ત્યારે મેં બે હજાર આપ્યા હતા; પણ આ વખતે મારી ઉમ્મર વધારે થઇ છે. તેથી રૂપીયા વધારે બેસશે. માટે ત્રણ હજાર સુધી કરજો. પછી આપની મરજી સો બસો રૂપીયા આઘા પાછાનું જોશો નહીં; પણ કન્યા સારી જોજો.

સુળચંદ—હા ભાઇ, આપણી નાતમાં ક્યાં ઓછા બેસે છે; પેલો જયચંદ ત્રીશ વરસનો પરણ્યો, તોપણ બીચારાને સાડાત્રણ હજાર આપવા પડયા; માટે આપને ત્રણ હજારે પણ કન્યા મળવી મુશ્કેલ છે; કારણ આપની ઉમ્મર હાલ શીતેર બોતેર વરસની છે, પણ હુ ચાલતા સુધી તો વધારે થવા નહીંદેઉ; કાલ સ્હવારે જરૂર નીકળીશ, માટે ફીકર બીલકુલ કરશો નહીં; બે પઇસા તમારા ઘરમાં રેહેશે તેમાં મને ફાયદો છે.

ધનજી—અરે ભાઈ સો બસો વધારે થાય તેની ફીકર કરવી નહીં આપના તરફની મને ખાત્રી છે કે, તમારૂ નહીંજ ચાલે ત્યારેજ કાંઇ વધારે થશે.

મુળચંદ—ઠીક શેઠજી, પણ મને એક વાત યાદ આવી છે.

ધનજી—શુ છે ? કહો.

મુળચંદ—સુંદીરપુરમાં, મારી સાળીની એક છોકરી કુંવારી છે, મેં એને બે વરસ ઉપર હુ સુંદીરપુર ગયો હતો ત્યારે જોઇ હતી, ત્યારે તેને અગીયારમું વરસ ઉતરીને બારમુ બેઠું હતું. હાલ તેની ઉમર મારા ધારવા પ્રમાણે ચૌદ વરસની થઇ હશે, વળી તે નિશાળે ભણુવા જતી હતી. મારા સાઢુનું નામ ટોકરશી છે; માટે જો તે થાય તો ઘણુંસારૂં.

ધનજી—હા ભાઈ, એવુ હોય તો ત્યાંજ કરજો, રૂપિયા સ્હામું જોશો નહીં. ભણેલીને મ્હોટી કન્યા મળે તો ઘણુ સારૂં.

મુળચંદ—મારૂ બનશે તો તેજ કરીશ, હવે હું રજા લેઉછું.

ધનજી—સારૂ ભાઇ પધારજો; કામ સીદ્ધ કરીને વેહેલા આવજો, કાલ સહવારમાં જરૂર વેહેલા નીકળજો.

મુળચંદ—બહુ સારૂં, સ્હવારમાં, હવે આપને મળવા આવીશ નહીં. [મુળચંદ જાય છે]

પ્રવેશ ૯ મો

સ્થળ સુંદીરપુરીમાં ટોકરશીનું ઘર

પાત્ર—દીવાળી, સીતા, મોતીલાલ પછી ટોકરશી.

દીવાળી—બ્હેન સીતા, તારા બાપને આવવાની હજી એક કલાકની વાર છે; ત્યાં સુધી તું મોતીભાઇને બોલાવી લાવ. આપણે એને કંઇ શીખામણ દઇએ જોઇએ, કંઈ કરતાં એને શીખામણ લાગે છે ? જા અત્યારે તો તે દીવાનખાનામાં હશે.

સીતા—માતુશ્રી એતો પેલા આવે. (મોતીલાલ આવે છે)

દીવાળી—આવ ભાઇ મોતીલાલ, કાલ શું તોફાન માંડયું હતું, તારા બાપ કહે છે કે હું તેડવા ગયો ત્યારે તો હાંડીઓ તકતા વીગરે ફોડીનાંખીને બેભાન થઈને પડયો હતો, કેમ ભાઇ એમ કરયું હતું ?

મોતીલાલ—માતુશ્રી એતો કંઇ નહીં આ જોને, આંગળીએ ચપ્પુ વાગ્યું છે. તે બળતરા બળતી હતી, અને રાત્રે ઉંઘ આવતી નહોતી માટે જરા નીસો કર્યો હતો, તે બેભાનમાં કંઇ થયુ હશે.

દીવાળી—શ્યાનો નીસો કર્યો હતો ભાઇ.

મોતીલાલ—જરા મદ્યપાન કર્યું હતું.

દીવાળી—

(રાગ ગજલ. **સરકાર રજા દિજીએ.**)

અરર પુત્ર શું વદે છે, મુખથી આ વાર,
સુણી વચન તારાં દુ;ખ ઉપજે અપાર. ૧ અરર.

ઉંચ જ્ઞાતીનો થઇને, દારૂ શું પીધો,
અરર પુત્ર ગજબ આ તો, તેં બહુ કીધો. ૨ અરર.
જાણશે જો સુત મારા, નાત તારી વાત,
નાત બ્હાર મુકશે, હું કહુ છું ખરેખાત. ૩ અરર.
નહિં કરે વિવાહ તારો, કોઇ મારા ભાઇ,
અરર દુઃખ બહુ થયું છે, મારા દીલમહી. ૪ અરર.

અરર ભાઇ તેં આ શું કીધું ? આપણે વાણીયા થઇને દારૂ પીવાય. જો લોકો વાત જાણે તો કંઇ બાકી રહે ? પેહેલાં તો નાતવાળા આપણને નાત બ્હાર મુકે, તને કોઇ કન્યા ના દે, અને તારા પિતાની લાખ રૂપીયાની આબરૂ એક કોડીની થઇ જાય.

મોતીલાલ—પણ અરે માતુશ્રી; એમાં શું થઇ ગયું ? એમાં કંઇ વટલવાનુછે ? એ તો મહુડાંનો રસ છે. જેવો કેરીનો રસ આપણે ખાઇએ છીયે તેવોજ તે મહુડાંનો રસ છે. એમા ~~બાહ સ્યો~~ કે સાળા નાતવાળા નાત બ્હાર મુકશે! તેના પીધાથી તો મને અતિસય સુખ થયુ. રાત્રે ઉંઘ આવી હુતી. આપણે કયાં રોજરોજ પીવો છે.

દીવાળી—ભાઇ એ તો બહુજ ઝેરી વ્યસન છે. એક વાર પીધો કે બીજીવાર પીવાનુ મન થાય, માટે ઓ મારા વ્હાલા દીકરા આટલી મારી શીખામણ માની હવેથી એવું વ્યસન કરતો નહીં. તારા બાપ તો કાલના ઉદાસમાંને ઉદાસમાં રેહે છે તે તો બહુજ શોક કરતા

હતા તેમને ધીરજ આપી છે કે હું મોતીલાલને સમજાવીશ, અને તેની ટેવ ભુલાવરાવીશ.

મોતીલાલ—અરે માતુશ્રી પણ એમાં એટલો બધો શ્યો ભય છે કે, આટલાં બધાં ઘાભરાં બની ગયાં છો, મોટા મોટા લોક પણ પીએ છે, તે શું કંઇ ગુણ વીના !

સીતા—ગમે તેમ હોય, પણ આપણા શાસ્ત્રમાં દારૂ પીવાનુ ના કહ્યું છે, માટે આપણાથી શાસ્ત્ર વિરૂદ્ધ કેમ ચલાય, અને દારૂનું વ્યસન એવું ખરાબ છે કે, દારૂ પીધો એટલે માણસનું ભાન બીલકુલ રેહેતુ નથી; જેમ તેમ બકી જવાય છે; અને તેવા દાખલા તમે અને મેં આપણા ગામમાં નીચ વર્ણના લોકો પીને ખરાબ થાય છે તે જોએલા છે. વળી દારૂથી મોટા મોટા ઘણા દુઃખી થએલા આપણે જાણીએ છીયે. રાજા ખેંગારનુ દારૂના વ્યસનથી રાજ્ય ગયું, જાદવ લોકો દારૂ પી માંહોમાંહે કપાઇ મુવા એવી રીતે ઘણા લોકોને ગેરફાયદા થએલા, આપણે જાણીએ છીયે. વળી સાંભળો.

[રાગ ઢોંડી. ભોળાનાથ વેળા વીકટ મારે આવી]

હે બંધુ મારા શીખ સુણો મારી,
મધુપાન કેરૂં વ્યસન દુખ કારી.
કહું કરગરી તે દીલમાં લ્યો ધારી. હે બંધુ ૧

મધુપાન કરે જેહ ભ્રાત મારા,
પડે દુઃખ કેરા તેને શીર ભારા,
બહુ થાય છે બેહાલ તે બીચારા. મધુપાન. ૨
મધુપાન કરે બુધ્ધી સર્વ જાય,
બહુ દુખ તનમાંહી પેદા થાય,
નહીં શરીરમહી રહેશે કંઇ હાય. મધુપાન. ૩
જાણે લોક તો હેહે કરે આ વાર.
જાય લાજ સર્વ કહું છું નીરધાર,
હે બંધુ મારા તેમાં નથી સાર. જાણે લોક. ૪

માટે પ્રીય બંધુ હવે તે દુર્વ્યસનનો ત્યાગ કરો.

મોતીલાલ—અરે આ ઘરનાં, બધાં બીકણુ ક્યાંથી? (ટોકરસી આવે છે.)

ટોકરસી—(મોતીલાલના સ્હામુ જોઇને) અલ્યા મોતીયા, કાલ શું તોફાન કરીને પડયો હતો, અરે અક્કલના પુટેલ; તારી મરજી પ્રમાણે તને ચાલવા દીધો, ત્યારે છેક વહી ગયો. આજ સુધી તારા વીષેની મને એમ આશા હતી કે; છોકરો બુદ્ધીશાળી અને શાણો નીકળશે; પણ તારાપંડની હવે ખાત્રી થઇ કે તારામાં એક કોડીની અક્કલ નથી. વાણીયાનો છોકરો થઇ દારૂ પીધો; ધીઃકાર છે તને, મ્હારી લાખ રૂપીયાની આબરૂ એક કોડીની થવા બેઠી. નાતજાતમાં પણ નીચું ઘાલવા ખત આવ્યો અરે! તને દારૂ પીતાં વિચાર પણ ના વઆવ્યો કે હું આ શું કરૂં છું.

દીવાળી—સ્વામીનાથ મેં પણ ઘણોજ બોધ દીધો છે, માટે શાન્તપણે શીખામણ આપો.

ટોકરશી—જાને રાંડ, છોકરાને બગાડનારીજ તું છે.

મોતીલાલ—વગર વિચારે આટલા બધા કેમ ચ્હડી જાઓ છો.

ટોકરશી—છાનો રહે તેં મારૂં નામ બોળ્યું.

મોતીલાલ—માતુશ્રી હું તમને હવે સાફ જણાવું છું કે, મ્હારા પિતાજી જો મને વધારે સતાવશે તો તેનુ પરીણામ સારૂ નહીં આવે.

દીવાળી—(ટોકરશીને) હું તમને કરગરીને કહું છું કે, હવે તમે બોલતા બંધ રહો. આ તો હાથી તળેથી પુળો લેવા જેવું છે, માટે કળે કળે રસ્તે આવશે.

ટોકરશી—મારાં પેલા જન્મનાં પાપ હશે કે જેથી મને આવો કપુત પુત્ર થયો.

મોતીલાલ.

[ગીતી.]

બકવા બહુ ના કરશો, શરમ મુકાવી તાત તમે મારી,
જાઓ કપુત છું હું તો, થાય તે કરજો કહુ છું આ વારી.
જ્યારે મુજને દેખો, કાળ સ્વરૂપ હું લાગુ છું તમને,.
આ ઘરમાં નહીં રેહેવું. જાઓ ભલે દુઃખ છો પડતું અમને.

હવે આ ઘરમાં આપણે રહેવું નથી, હું જોઉં છું કે મને ગમે ત્યાં આશ્રય મળે છે કે નહીં. (મોતીલાલ રીસાઇ જાય છે એટલે દીવાળી તેનો હાથ ઝાલી પાછો

બોલાવી કેહે છે.)

દીવાળી—ભાઇ, તું સમજણો થઇ, આમ ઘેલો કેમ થાય છે? જેનો સ્વભાવ પડયો તે બોલ્યા વિના કેમ રહે. એ છો બોલતા, આપણે છાનામાના સાંભળ્યા કરીયે. (ટોકરશીને) તમને કહી કહીને થાકી તોપણ તમે છાના રહ્યા નહીં, ના જાણતું હોય તેને પણ શા માટે જણાવોછો.

ટોકરશી—ત્યારે મેં એને શું કહ્યું? શીખામણ દઇએ તેમાં રીસ ચ્હડાવે, ત્યારે તો મારા ભોગ. હું તો સારા માટે કહુંછું કે, લોકોમાં આ વાત ચરચાશે તો નાત વાળા નાત બહાર મુકશે, અને કોઇ કન્યા પણ દેશે નહીં.

દીવાળી—તમારા કહ્યા વગર હું તથા સીતા ક્યારનાંએ શીખામણ દેતાં હતાં. મોતીલાલ કંઇ નથી સમજતો? આપણા કહ્યા વગર તે વ્યસન મુકી દેશે. લ્યો હવે નાહીને જમવા બેશી જાઓ, મોતીલાલ તો નાહયોછે. મારે તો છોકરો કાલનો ભૂખ્યોછે, માટે બાપ દીકરો હવે જમવા બેસીજાઓ.

ટોકરશી—ઠીક પીરસો. (જમી રહ્યા બાદ ટોકરશી દુકાને જાય છે, સીતા નિશાળે જાયછે.)

દીવાળી—બેટા મોતીલાલ, તેં મધુપાન કર્યું. એ વાત મેં જ્યારથી જાણી છે, ત્યારથી તો મારૂં શેર શેર લોહી બળી જાય છે. માટે મારા વ્હાલા દીકરા, તને

કરગશીને કહુ છું કે એ વ્યસન હવે તું કરીશ નહીં. બેટા હવે તું મોટો થયો, માટે ઝાઝુ બાળકપણું નહીં રાખતાં ઠરેલ સ્વભાવના થઇએ. આપણાં કોઇ સારાં આચરણ જુવે તો, આપણને કોઇ કન્યા આપે. જોને આ બાબત તારા બાપને કેટલો બધો કઢાપો થયો. તેમને તો રાત્રે ઉંઘ સરખી પણ આવતી નથી. ખેર, જે થયું તે ખરૂ, માણુસ માત્રની એકવાર ભુલ તો થાય છે; પણ હવે એ વ્યસનથી દુર રેહેજે.

મોતીલાલ—હું દારૂ પીવાને બીલકુલ ખુશી નહોતો, પરંતુ આ આંગળીની પીડાથી ઉંઘ ન આવી, તેથી ના ઇલાજે દવા તરીકે તેનો ઉપયોગ કર્યો હતો; પરંતુ હવે જયારે દારૂ પીવાથી તમોને માઠું લાગેછે; તો આજથી હું બંધ કરી દેઉં છું.

દીવાળી—તારાં આ વાકય સાંભળી, મને બેહદ ખુશી ઉત્પન્ન થાયછે. (ચાલ હવે સુઈ જા.)

પ્રવેશ ૨૦મો.

સ્થળ ટોકરશીની દુકાન.

પાત્ર—ટોકરશી પછીથી મુળચંદ આવે છે.

ટોકરશી—(મનમાં) અહોહો પ્રભુ ! આ છોકરાને તો હવે શીખામણ દેવા જઇએ છીયે; એટલે ઉલટો ઘરમાંથી નાશી જવાની બ્હીક બતાવી ડરાવેછે. હવે શું કરૂં, રાંડ પણ એની પક્ષ તાણેછે.

[શીખરણી. પિતા માતા તો તુ.]

અરે હે જગ ત્રાતા, ગજબ અજબ્ તો સુત કરે.
વિભુ સુખના દાતા, વ્યસન મધુ કરતાં નહીં ડરે.
દુરાચરણી પાકયો. તનય મુજ હવે હું શુંય કરૂં.
શીખામણ દઇ થાકયો, ઉર નહી ધરે કાં જઇ ઠરૂં.

(મુળચંદ આવે છે, તેને જેશીકૃષ્ણ કરી ગાદી ઉપર બેસાડેછે. અને પછી નીચે પ્રમાણે ખબર અંતર પુછેછે.)

ટોકરશી.

[ત્રીતાલ ચોપાઈ.]

ભલે શેઠ આવ્યા અમ ઘેર, કરી મુજપર આજે મ્હેર.
શેઠ કુશળ તમે છો કેવા, કહો હોય સમાચાર જેવા.
છૈયાં છોકરાં કેવાં છે આપ, કેવાં સુખી તમારાં માબાપ.
આવ્યા અમઘેર શું પડયું કામ, વંદો સત્ય વચન આ ઠામ.
કહો અમ સરખુ કામકાજ, રખે રાખતા મનમાં લાજ.

મુળચંદ—હા સર્વ કુશળ છે, આપના ઘરમાં સર્વે ખુશીમાં છે ને?

ટોકરશી—હા સર્વે ખુશીમાં છે, પણ આપનાં

માતપિતાની તબીયત કેવી છે?

મુળચંદ—જાણોછોને કે, હવે તેમની વૃદ્ધ અવસ્થા થઇ, તેથી સાજા હોય તોપણ માંદાજ ગણાય.

ટોકરશી—હા, ઘડપણમાં કંઇ શકિત રેહેતી નથી. પણ આપનું આ તરફ આવવાનું પ્રયોજન શું? મારા સરખું કામકાજ હોય તો ખુશીથી ફરમાવશો.

મુળચંદ—લાંબી મુદતથી હું તમને મળયો નહોતો, તેથી મને અહીં મળવા દાખલ મન થયું; કે હાલ નવરાશ જેવુ છે, માટે ટોકરશી શેઠને મળી આવું; જાણી અત્રેજ આવી ચઢયો.

ટોકરશી—ભલે શેઠજી, મારૂં ઘર પાવન કર્યું; એ ખુશી થવા જેવું છે.

મુળચંદ—મોતીલાલ ને સીતા શું કરે છે?

ટોકરશી—સીતા નિશાળે જાય છે, અને મોતીલાલ ઇંગ્રેજી પાંચમી ચોપડી ભણી એક મ્હાસથી ઊઠી ગયો છે.

મુળચંદ—આપણી સીતાનો કંઇ વીવાહ કર્યો?

ટોકરશી—ના, હજી સુધી કંઇ કર્યો નથી, વિચારછે.

મુળચંદ—સારૂં કુળવાન ઘર મળે તો વીવાહ કરવાની મરજી છે?

ટોકરશી—હા, ગૃહસ્થ અને આબરૂતવાળો હોય

તો વીવાહ અને લગ્ન આ સાલમાંજ કરીદેવાનો વિચાર છે, પછી ઇશ્વર ઇચ્છા.

મુળચંદ—સીતાપુરીમાં એક મારા મીત્ર ધનજી શેઠ કરીને છે; તેઓ ગયા માસમાંજ રાંડયા છે. તેમનું કુળ સારૂં છે અને પૈસાવાળા છે; માટે જો આપનો વિચાર હોય, તો સીતાને ત્યાં સુખપડે તેવું છે.

ટોકરશી—તેમને આંરત હોય તો હું વીવાહકરવા ખુશીછું. તેમની ઉમ્મર કેટલી છે?

મુળચંદ—સાચુ કહું તો હું તેમના માટેજ કન્યાની શોધ કરવા નીકળયો છું. મ્હારે ઊમરાવતી વીગેરે ગામો તરફ જયાં આપણી નાતના વિશેષ ઘર છે, તે તરફ જવાનો વિચાર હતો, દરમ્યાન યાદ આવ્યું કે ટોકરશીને દીકરી છે, ને તે હજી કુંવારી છે, માટે લાવને સુંદરપુરી થઇનેજ જઈશ, કારણ ટોકરશી શેઠની મરજી હશે ને ત્યાં સીતાનું થશે તો છોકરી સુખમાં પડશે; અને આપણુને આશીષ દેશે; તેવું જાણી આ તરફ આવ્યો છુ, માટે જો આપની મરજી હોય તો કહીદયો. મને ધનજી શેઠે સર્વ વાતની છુટ આપી છે. ઉમર સી-તેર વરસની છે.

ટોકરશી—તમે જાણીતા થઇને શું પુછોછો. આપણી નાતમાં કન્યાઓની અછત ઘણી થઇ ગઇ છે, જુવોને તમારાજ ગામમાં અમારા ગામનો પેલો મયાચંદ પરણયો, બાપડો પાંત્રીસ વરસે પરણયો તોપણ ત્રણ

હજાર આપવા પડયા. અને કન્યા પણ નીચા કુળની મળી; અને અમારૂં ઘર તો ઉંચા કુળનું કહેવાય, માટે એ પઇસા વધારેની આશા રાખીએ છીએ.

મુળચંદ—એતો બધું ઠીકજ છે. પણ આપનો છેવટ વિચાર ક્યાંસુધી છે ? મયાચંદે ગમે તો પાંચ હજાર આપ્યા; પણ આપનો વિચાર ક્યાંસુધી છે તે કહો.

ટોકરશી—સાચુ કહેવરાવો તો મયાચંદથી એક હજાર વધારે લેઇશું.

મુળચંદ—નાના શેઠજી એતો ઘણી મોટી રકમ. હું ધનજી શેઠને કહીશ પણ તે માનશે નહીં. કારણ તેમને પૈસા તો આપવાજ નથી.

ટોકરશી—પૈસા ના આપવા હોય તો ઉપાય નહીં, પણ સારા કુળની ઉમ્મર લાયક અને કાન્તીવાન કન્યા ખોળશો તો રૂપીયા ચાર હજાર બેસશે. જુઓ સીતાને હાલ ચૌદમુ વરસ જાયછે. વળી છઠ્ઠી ચોપડી સુધી ભણેલી છે. પૈસા ખરચતાં પણ ઉમ્મરે મોટી અને ભણેલી કન્યાં ક્યાંથી મળે.

મુળચંદ—હા ભાઇ એતો સમજ્યા, કંઇ ઓછા કરો તો ઠીક, એમણે એક વખત વાત કરતાં અઢી હજાર કયા છે, પણ જાઓ ત્રણ હજાર આપીશું. હવે બોલશો નહીં.

ટોકરશી—શું તમે પણ શરમમાં નાંખો છો, જાઓ સ્હાડાત્રણ હજાર લેઈશું.

મુળચંદ—નાના હવે તો બોલશો નહીં, મારા સમ બોલો તો, બસે રૂપીયા વધારે લેજો.

ટોકરશી—જાઓ શેઠ તમો આવ્યા તો તેટલા. પણ રૂપિયા પેહેલા આપવા પડશે.

મુળચંદ—મારા સાહેબ પેહેલા લેજો પછી કાંઇછે. પણ અમને પાઘડીનું તથા પાન સોપારીનું કંઇ આપશો કે ?

ટોકરશી—હા, કેમ નહીં આપું. જાઓ ધનજી [illegible] કહેજો કે, [illegible]ડાત્રણ હજાર ઠરાવીને [illegible] છું. તેમાં ત્રણુસં તમારા પછી કંઇ છે ?

મુળચંદ—ઠીક છે; પણ લગ્ન આ મહીનામાં લેવું પડશે, કારણ પછી ત્રણ મહીના સુધી લગ્ન આવતું નથી.

ટોકરશી—હા, આ મહીનામાંજ લેઇશું, પછી કાંઇ ! બેસો. હું અમૃતલાલ જોશીને બોલાવી લાવું, તે લગ્ન જોઇ આપશે; તમે ગાદી [illegible]ર બેસો, હાલ બોલાવીને આવું છું. (સ્વગત) પણ જોશી તો પેલા જાય. ઘેર ગયો હોત તો ફેરો પડત. (જોશીને બોલાવે છે) આ જોશી બાવા અહીઆં આવી જજો, લગાર કામ

પડ્યું છે. (અમૃતલાલ આવેછે.)

અમૃતલાલ.

[ગીતી.]

શાણા શેઠજી શું છે, કામ માહરૂં ઝટ મુજને કહોને.
શીવ મંદીરીએ જાવું, વખત થયો છે ઉત્તર તો દયોને.
નહીં તો વળતાં આવું, શેઠ માહરા દયો મુજને જાવા,
સત્ય વાત કહું તમને, વખત ઘણો ત્યાં નહીં દઉં હું થાવા.

ટોકરશી--આપણી સીતાનું લગ્ન આ મહીનામાં કરવું છે, તે મૂહુર્ત જોઇ આપો.

અમૃતલાલ--(વેઢા ગણી, પંચાગમાં જોઇ) વૈશાખ શુદી ૧૫ને સોમવારનું મૂહુર્ત સારૂ આવે છે.

ટોકરશી—ત્યારે હવે લગ્નનાતો ફૂકત પંદર દીવસજ બાકી રહયા, કેમ અમૃતલાલ જોશી ?

અમૃતલાલ—હા, હવે હું રજા લઉં છું; કારણ મ્હારે શીવપુજનનો વખત જાય છે.

ટોકરશી--હા મ્હારાજ પધારો. (અમૃતલાલ જાય છે)

સુળચંદ—ત્યારે લગ્ન તો હવે નજીક આવ્યું, માટે તમે લગ્નની તઇઆરીમાં રહો, અને હું હવે સીતાપુરી જાઉં છું.

ટોકરશી--જમીને જજો

સુળચંદ--ના, ત્યાં જઇને જમીશ; ગાડીનો

વખત થયો છે.

ટોકરશી—હવે કાલની ગાડીમાં જવાશે, જમ્યા શીવાય જવાય ?

મુળચંદ—ના શેઠજી, મારે ઘેર ઘણું કામ છે, અને ત્યાં પણ બધું મ્હારા હાથેજ કરવાનું છે. માટે મ્હેરબાની કરીને રજા આપો.


ટોકરશી—હયો ત્યારે આ ગોળ થોડો મોંમાં નાખો.

મુળચંદ—લાવો. (ગોળ ખાઇને) શેઠજી, પધારજો. હવે હું રજા લઉં છું; ગાડી આવવાનો ટાઇમ થયો છે.

ટોકરશી—સારૂ મહેરબાન પધારો, લગ્નના દીવસે જાન લઇ વહેલા આવજો.

મુળચંદ—તમે તમારી તઇયારી કરી મુકજો. (મુળ-ચંદ જાય છે)

ટોકરશી—(સ્વગત) અહાહા !! ત્રણ હજાર રૂપિયા આવશે, તેનો વ્હેપાર કરીશ તો કેટલા બધા રૂપિયાની મુડીવાળો થઇશ ! પણ આ વાત રાંડના મ્હોડે કહેવી નથી. લગ્નની વાત કહેવી, પણ રૂપિયા લીધાની વાત કહેવીજ નહી. ચાલ હવે ઘેર જાઉં.



પ્રવેશ ૧૧મો.

સ્થળ ટોકરશીનું ઘર. પાત્ર—દીવાળી, ટોકરશી, સીતા.

દીવાળી—(ટોકરશીને હસતે મુખડે આવતો જોઇને) સ્વામીનાથ ? આજ કાંઇ હસતે મુખે આવ્યા, તેથી કાંઇ ખુશીમાં હો, એમ જણાય છે.

ટોકરશી.

[રાગ બનજારો.]

ખાઉં વધાઇ એક હું સારી, મેં કામ કર્યું ખુશકારી.
આજ દીકરીનો વ્હીવા કીધો, સારૂ ઘર જોઇ રૂપિયો દીધો,
થા ખુશી મનમાં પ્યારી, મેં કામ કર્યું ખુશકારી. ૧
જ્યાં છે સીતાપુર ગામ, ધનજીશા તેહનુ નામ,
કર્યો વિવાહ મેં આ વારી, મેં કામ કર્યું ખુશકારી. ૨
વળી કામ મેં કેવું કીધું, પુનમનું લગ્નજ લીધું,
ઝટ કરવું સર્વ તૈયારી, મેં કામ કર્યું ખુશકારી. ૩
ઝટ બજારમાં હવે જાવું, સર સામાન હું લઇ આવું,
પછી વાર થાય તે તારી, મેં કામ કર્યું ખુશકારી. ૪

દીવાળી—સ્વામીનાથ બહુ સારૂં કર્યું, પણ વિવાહ

કર્યો તેમની ઉમ્મર કેટલી છે, તથા ઘર કેવું છે, તે કહો?

ટોકરશી—ઘર સારૂ કુળવાન, અને પૈસાદાર છે; ઉમ્મર તો ફ્કત પીસ્તાલીસ પચાસ વરસનીજ છે. તે હમણાંજ એક માસથી રાંડયા છે. તારા બનેવીને ને એમને સ્નેહ હોવાથી તારા બનેવી કન્યાની શોધ કરવા આપણા ગામમાં આવ્યા હતા; તે પછી આપણી સીતા સાથેજ વિવાહ કર્યો.

દીવાળી—હાય! શું પચાસ વરસની ઉમ્મરના વર સાથે, મારી સીતાનું સગાપણ. શું બોલો છો.

(નીબળ શત્રુ સબળ રાજપર. એ રાહ.)

વચન વદો શું વગર વિચાર, શરમ જરા મનમાં રાખો;
લાડકવાઇ નીજ પુત્રીને, કુવાની અંદર નાંખો,
કયાંથી શોધી કાઢયો સ્વામી મારા, આવો તમે વર;
દ્રવ્ય કુળ શુંજ જોયું, ના જોઇ ઉમ્મર.
એકદમ વિહવા કીધો, વિચાર વગર. કયાંથી. વચન.

માટે કરો હવે ઝટ, ભાગો વિહવા તમે ચટ;
અકલ વીના શું આવી કરી ખટપટ,
ધ્રાસકો પડયો છે મારા પેટમાંહી સટ, માટે, વચન વદો.

ટોકરશી—ચુપ ચુપ રાંડ છાની રહે, વધારે વધારે બોલવા શીખી; એમાં શું ખોટું કરયું છે. પીસ્તાલીસ વરસ કાંઇ વધારે ના કેહેવાય, તારા બાપે તને મારા સાથે પરણાવી, ત્યારે મને ચાલીસ વરસ થયાં હતાં. ત્યારે

આ બે ચાર વરસ વધારે છે, એમાં શું થઇગયું. શું ત્હારે કંઇ ઓછું સુખ છે? જો હવે મારી સાથે આ બાબત તકરાર કરી તો મારા જેવો કોઇ ભુંડો નથી.

દીવાળી—પણ સ્વામીનાથ, આપણે વગર પૈસે કૃષ્ણાર્પણ કન્યા આપવી, અને સારો વર ના જોઇએ, એ આપણી મુર્ખાઇ કહેવાય.

ટોકરશી—શું રાંડ આ ત્યારે ખોટો છે? ચુપ હવે વધારે લવારો કરીશ નહીં; આટલા વરસે મારા હાથે કરેલો વીવાહ હું ભાગુ, રાંડ કાંઇ શરમ છે કે નહી? લોકમા કેવું કેહેવાય, છાનીમાની ઘરમાં ધંધે વળગ.

દીવાળી—[હવે કંઇ વળવાનું નથી એમ ધારી] સારૂ ત્યારે આપે કર્યું તે સોનાનું; પણ જરા ઉમ્મરે ન્હાનો જોયો હોત તો દીકરીને સંસાર સુખનો લ્હાવો વીતત, હવે રસોઇ તઇયાર થઇ છે માટે મોતીલાલને દીવાનખાનેથી બોલાવી જમીલ્યો. (ટોકરશી મોતીલાલને બોલાવવા જાય છે)

દીવાળી—(મનમાં) અરેરે! મ્હારે મ્હોડે પચાસ વરસ કહ્યાં તો વર તો કેટલાએ વરસનો હશે. નક્કી પૈસા લીધા હશે; પણ હવે મ્હારે બોલવાનો રસ્તો નથી. પ્રભુએ ધાર્યું હશે તે થશે. પણ હાય હાય! મારી લાડકવાઇ અને સદગુણી દીકરીને, દુઃખ પડવામાં કંઇ બાકી

રેહેશે નહીં. લાવ્ય હવે રોટલી વણવા બેસી જાઉં, એતો હમણાં આવતા હશે.

(મોતીલાલ અને ટોકરશી આવે છે.)

ટોકરશી—કેમ રોટલી થઇ કે વાર છે?

દીવાળી—હા રસોઇ તઇયાર થઇ છે, ન્હાઇને બેસી જાઓ.

(નાહીને જમવા બેસે છે,)

દીવાળી—ભાઇ મોતીલાલ, હું તને એક વધામણી ખાઊં.

મોતીલાલ—શું છે માતુશ્રી.

દીવાળી—આપણી સીતાનો વીવાહ કર્યો અને લગ્ન આ પુનમનું લીધું છે.

મોતીલાલ—શુ પિતાજી, સાચી વાત છે!

ટોકરશી—હા ભાઇ, આજ સ્હવારે તારો માસો આવ્યા હતા, તે સીતાપુરીમાં એમનો એક ધનજી કરીને ભાઇબંધ છે, તેમના સાથે કર્યો. તેઓ તેમના ભાઇબંધ માટે કન્યાની શોધમાં આવ્યા હતા. ઘર સારૂં કુળવાન તથા પઇસાદાર છે.

મોતીલાલ—બહુ સારૂં પિતાજી. પણ આપે તે સખ્સને જોયા વિના તથા તેના ગુણની પરિક્ષા કર્યા વિના એકદમ વીવાહ કર્યા તે ઠીક કર્યું નહી. પણ તેઓની ઉમ્મર કેટલી છે?

ટોકરશી—ભાઇ ઉમ્મર તો ફક્ત ચાલીસ પીસ-તાલીસ વરસની છે, પણ કુળ ઊંચુ તથા ઘર ચાલતા વાળું છે.

મોતીલાલ—(ઉમ્મર સાંભળીને ક્રોધમાં.)

(રાગ ક્ષત્રી કલંક)

શું વદો વચન આ વાર; વિચાર મનમાંહી કરોરે.
નથી શરમ તમોને લગાર. વિચાર.
શું બુઢ્ઢાને આપો બાળ; વિચાર.
મારા પેટમાં પડી મારી ફાળ. વિચાર.
જોયા વિના તમે શું કર્યો વીવાહ; વિચાર.
હાય દીલમાં ઉઠી છે દાહ. વિચાર.
એક પુત્રી અને બીજી ગાય; વિચાર.
દોરી આપે તહાં તે તો જાય. વિચાર.
પૈસા લેવાની તમે આ વાર; વિચાર.
કરી હશે ખટપટ નિરધાર. વિચાર.
ધીક પિતા તમે કર્યું શું આ કામ; વિચાર.
કંઇ હૃદયમાં લાવોને રામ. વિચાર.

જાઓ જાઓ પિતાજી. વીવાહ કરતાં જરા પણ વિચાર કર્યો ? શું પીસ્તાલીસ વરસ ઓછાં ધારો છો ? એમણે તો તમારે મ્હોડે પીસ્તાલીસ કહ્યાં હશે, પણ ઉમ્મર તો કેટલીએ હશે. શું મ્હારી બેનનો જન્મારો વ્યર્થ કરવા બેઠા છો. નક્કી પૈસા લેવાની ખટપટ કરી હશે. પણ પિતાજી, જો એ ખટપટ કરી હોયતો એમ નક્કી ધારજો કે, દીકરીનો પૈસો તમને પચશે નહીં, તથા

દુઃખ પડવામાં બાકી રેહેશે નહીં, એ ખાત્રીથી માંનજો.

ટોકરશી— હા ભાઇ મેં કર્યું એ ખોટું, પણ તું એવો ડાહ્યો હતો, તો સીતાનો વીવાહ કરવા તથા સારો વર શોધવા કેમ ન ગયો ? શું તું પારકો હતો?

મોતીલાલ—જાઓ બસ, એ તમારો કરેલો વીવાહ તોડીનાખુંછું. સારે ઠેકાણે; ઉમ્મર, રૂપ, કુળ, ગુણ વિગેરે જોઇને વીવાહ કરી આવુંછું.

ટોકરશી—હાવે હવે જાગ્યો, અત્યાર સુધી ક્યાં ઉંઘીગયો હતો. હવે આટલા વરસે મારા હાથે કરેલો વીવાહ ભાગવા બેઠો છે, તું ખરો સપુત દીકરો પાકયો.

મોતીલાલ—પણ પિતાજી, વીવાહ કરતાં પેહેલાં લગારપણ વિચાર કરવો કે નહી ? કે ઉમર વધારે છે, ગુણ રૂપ જોયાં નથી, અને વીવાહ કરીયે છીયે.

દીવાળી—ભાઇ હવે છાનોરહે, એમણે જે કર્યું તે સોનાનું કર્યું. આપણને સીતા વ્હાલી છે ને એમને નહીં હોય !

મોતીલાલ—માતુશ્રી એતો આપણે હવે કયાં ના કહીએ છીયે, પણ ઉમ્મર તથા ગુણ રૂપ જોયાં હોય તો ઘણું સારૂ. હવે હું જાઉંછું (મોતીલાલ જાય છે ટોકરશી પણ દુકાને જાય છે, દીવાળી લગ્ન નજીક હોવાથી સીધા સામાનની તૈયારીમાં રોકાય છે.



પ્રવેશ ૧૨ મો.

(સીતાપુરી)

સ્થળ ધનજીશાની દુકાન.

પાત્ર, ધનજી, મકન, અને પાછળથી મુળચંદ.

ધનજી—(મનમાં.) અહોહો! આજકાલ કરતાં મુળચંદને ગયે લગભગ આઠ દીવસ થયા, પણ હજી કંઇ ખબર ન આવી. (મકનને કહે છે) અરે મકન.

મકન—જી સાહેબ, શું કામ છે.

ધનજી—મુળચંદને ત્યાં જા, મુળચંદ આવ્યા છે, જોઇઆવ.

મકન—જોઇઆવું સાહેબ; (જતાં જતાં) શેઠ સાહેબ આવરદા તો વધારે જણાયછે; આ મુળચંદ શેઠ આવ્યા. [મુળચંદ આવે છે]

ધનજી—આવો મુળચંદ શેઠ, ખુસીમાં તો ખરા; સાજાતાજા તો છોને?

મુળચંદ--હા શેઠજી, આપની કૃપાથી કુશળછું.

ધનજી--કેમ, કામ ફતેહ કરીને આવ્યાકની?

મુળચંદ--હા શેઠજી, હું જયાં જાઉં ત્યાં શી બાકી!

ધનજી--તમારો ભરૂંસોજ હતો, કે મુળચંદ ગયા છે તે કામ ફતેહ કરીનેજ આવશે; હવે વાત વીસ્તારીને કહો.

મુળચંદ--

(રાગ. સોરઠી ગજલ. ઢુક્યો આજ.)

હે શેઠજી હું સત્ય કહુ; વિહવા કરીને આવીયો;
મનમાનતી હું ભામની તો આપ સારૂ લાવીયો. ૧
જયાં શેહેર સુંદીરપુર છે તે ગામમાં હું બહુ ફર્યો;
છે નામ ટોકરશીજ તેને ઘેર તો વિહવા કર્યો. ૨
કન્યા રૂપાળી ને ભણેલી ઉમ્મરે તો છે વડી,
વર્ષજ થયાં છે ચૌદને શીખે છે છઠ્ઠી ચોપડી. ૩
માટે વિચારી તે સ્થળે હે શેઠ વિહવા મેં કર્યો;
વળી લગ્ન લીધુ આ પુનેમે દીલથી હું ના ડર્યો ૪

ધનજી—ધન્ય ધન્ય મારા પ્રીય દોસ્તદાર, આપના કરવામાં કંઈ પણ ખામી નહીં હોય. પણ સ્હામા માંણુસને કેટલા રૂપિયા આપવાના કર્યા છે?

મુળચંદ--એતો પેહેલાં પાંચ હજારે બાઝયા હતા, પણ ઊંચા કુળની ભણેલી અને મોટી કન્યા છે, જાણી છેવટે ઘણી માથાકુટ કરીને શરમમાં નાંખ્યા, ત્યારે સ્હાડા ત્રણ હજાર સુધી ઠરાવ્યા.

ધનજી--કંઇનહીં ભાઇ એતો હોય; પણ લગ્નનો દીવસ તો હવે નજીક આવ્યો,

મુળચંદ—કંઇ ફીકર નહીં શેઠજી, એમાં કંઇ મને કહેવું પડે તેમ નથી. પણ બે ચાર દીવસ સુધીમાં રૂપિઆ લઇને જવું પડશે.

ધનજી—ખુશીથી જજો, કહો તો અત્યારે ગણી આપું, લઇ જાઓ.

મુળચંદ—નાના, જઇશ ત્યારે લેતો જઈશ. હવે હું ઘેર જાણીછું; કંઇ ફીકર કરશો નહીં. (મુળચંદ જાયછે.)

પ્રવેશ ૧૩ મો.

(સુંદીરપુરી)

સ્થળ-માહાલક્ષ્મીજીનું મંદીર.

પાત્ર-સીતા, નર્મદા, વિજયાલક્ષ્મી, જડી.

નર્મદા—બ્હેનો, મેં એક વાત સાંભળી છે.

વિજયાલક્ષ્મી—શું છે કહોની બ્હેન.

નર્મદા—સીતા બ્હેનનો વીવાહ કર્યો, અને લગ્ન આ પુનમનું લીધું છે; ફક્ત ચાર દીવસજ બાકીછે.

વિજયાલક્ષ્મી-શું કહો છો! સીતા બ્હેન સાચી

વાત છે. ?

સીતા—હા બ્હેન, પણ મારા પિતાએ પીસ્તાલીસ વરસની ઉમ્મરનો વર મારા સારૂ શોધ્યો છે.

નર્મદા—હાય હાય! શું કહે છે બ્હેન, પણ કયે ગામ વીવાહ કીધો ?

સીતા—સીતાપુરીમાં કોઇ ધનજી કરીને એક આપણી નાતનો વાણીઓ હમણાં રાંડયો છે, તેની સાથે.

જડી—હાય હાય બ્હેન, એને તો હું ઓળખું છું. એના કાકાના દીકરા સાથે તો મારી બ્હેન પરણાવીછે. હું મારી બ્હેનના શ્રીમંત ઉપર ગયા કારતક માસમાંજ સીતાપુર ગઇ હતી, ત્યારે મેં તેને જોયો હતો. એતો ઘરડો ડોસો છે. સીતેર એંશી વરસનો છે. હાય હાય! બ્હેન, એવા ઘરડા ડોસા સાથે તારૂં લગ્ન થશે.

સીતા—શું બ્હેન સાચી વાત કહે છે. ત્યારે મારા પિતાજી તો મારી માતુશ્રીના આગળ ચાલીસ પીસ્તાલીસ વરસજ કહેતા હતા. ખરે શું એવા ઘરડા ડોસા સાથે મારૂં લગ્ન થશે. બ્હેન જડી સાંભળ.

(રાગ નાથ કેશો ગજકોબંધ છોડાયો એ રાહ.)

બ્હેનીમારી વાત શું મુખથી ઉચારૂં;
મને લાગે છે મરવાનું સારૂં. બ્હેનીમારી
વૃદ્ધવણિક સાથે હાય પિતાજી કરશે શું લગ્નજ મારૂં;
એ બ્હીક મારા મનમાં ઘણીછે. દુઃખ હૃદયમાં ધારૂ-બ્હેની

વૃદ્ધપતિ સાથે જઇ સાસરીયે ભોગવું સુખ શું સારૂં;
એ દુઃખ કરતાં મરણુજ મુજને લાગેછે સજની પ્યારૂ-બ્હેની
માત મારીને વાત આ કેહેજે માને કહ્યું કદી તારૂં,
નહિતો બ્હેની પછી કર્મનો વાંકજ હોય નશીબ ફુડયું મારૂ-બ્હે.

જડી—

બ્હેન ફીકર કરીશ નહીં, હું દીવાળી કાકીને સર્વ વાત કહીશ, અને એ વીવાહ ચાલતા સુધી ભગાવીશું; પછી ઇશ્વર ઇચ્છા! ચાલો હવે ઘેર જઇએ. (સહુ જાયછે)

પ્રવેશ ૧૪ મો.

સ્થળ ટોકરશીનું ઘર.

પાત્ર—દીવાળી અને મોતીલાલ.

દીવાળી—કેમ ભાઇ મોતીલાલ, હવે તો લગ્ન વચ્ચે ત્રણ દીવસજ રહ્યા. (દીલગીર ચ્હેરે)

મોતીલાલ—હા માતુશ્રી. પણ પીસ્તાલીસ પચાસ વરસના વૃદ્ધ સાથે સીતાનું લગ્ન થાય છે, તેથી હું ઘણો દીલગીર છું.

દીવાળી—અરેરે ભાઇ, તેતો ઓછાં છે; કાલ મને સ્વરૂપચંદની જડીએ વાત કહી હતી કે, સીતાનું લગ્ન કરોછો, તે માણસ તો સી-તેર ઓતેર વરસનો છે.

મોતીલાલ—અરે ! માતુશ્રી આ શું બોલો છો !

(દયાળુ દેવ કૃપાળુ તું એ રાહ.)

અરે હો માત, કહો શી વાત, સુણી તમ વેણ થયો ઉતપાત.
બ્હેની મારી, છે બહુ સારી, થયાં છે વર્ષ દસબારી.
વણીક વૃદ્ધ સાથ પરણાવે, પિતાજી લાજ નહિં લાવે.
અરે માતુ ગજબ તો થાય, ઉરે હાયે વજ્ર છે લ્હાય.
કરે શું હાય પિતાજી આમ, જતી રહી મારી સર્વે હામ.
રજા આપો મને માતું, રજા આપી ખુશી થા તું.
કરૂ ખંડન વિહવા એ તો, પિતા મુજ છો મને કહેતો.
શોધુ બીજો ગુણે સારો, વયે રૂપેજ બહુ પ્યારો.

અરે માતુશ્રી આ તો ગજબ કેહેવાય. આપની રજા હોય તો મારા પિતાનો કરેલો વિવાહ હું ભાગી આવું, અને બીજો વય, રૂપ, ગુણ વિગેરે જોઇને વિવાહ કરી આવું.

દીવાળી—અરે ભાઈ, સીતાને ભણાવી ગણાવી કુવામાં નાંખે છે.

(માલીની).

અરર અરર હાયે, કેર ઝાઝોજ થાયે,
વણિક વૃદ્ધ હાથે, બાળીકા મારી જાયે.
ગજબ અજબ થાયે, કરૂં શુંજ હાયે,
થર થર થરકંપે, હાય મારીજ કાયે.
નજર કર અમોપર, દયાળુંજ સ્વામી,
મુજ પતિ હૃદયમાં, ઉતરો બહુજ નામી.

હાય હાય ઓ મ્હારી વ્હાલી દીકરી, તારા માથે આજથી દુઃખનાં ઝાડ ઉગવા માંડશે. અરેરે! હે પરમેશ્વર, આ ગરીબ સ્ત્રીની દાદ સુણી, મારા પતિના હૃદયમાં વાસ કરો; અરેરે ! હવે કેમ થશે.

મોતીલાલ—માતુશ્રી દીલગીર થશો નહીં, મારા પિતાનો કરેલો વિવાહ ખંડન કરી, કાલે સીતાનો વિવાહ કરવા હું નીકળીશ.

દીવાળી—ભાઇ, લગ્ન વચ્ચે બે ત્રણ દીવસ રહ્યા, ને હવે શું થાય. પરમદીવશે જાન આવશે, એટલે કંઇ આપણાથી પાછી પણ કહાય.

મોતીલાલ–શું ત્યારે દીકરીને કુવામાં પણ નંખાય.

દીવાળી—ભાઇ એ તો ખરૂં, પણ જાન પાછી જાય તો તારા પિતાજી ઝેર ખાવા ઉભા થાય; અને ઉલટું દુઃખ આવી પડે. માટે મ્હારા વ્હાલા દીકરા હવે શાન્ત રહો, પ્રભુએ ધાર્યું હશે તે થશે. આપણે ગમે તેટલા ઇલાજ કરીશું, પણ સીતાના નશીબમાં હશે તેજ થશે. હવે આપણે દીલગીર થઈશું તેમાં કંઇ વળવાનું નથી; માટે ઘરધંધે વળગો.

મોતીલાલ—પણ માતુશ્રી? આ દુઃખ તો, મારાથી જોયું નહીં જાય. કારણ દીવો લઇને કુવામાં પડવા જેવું થાય છે.

દીવાળી—કંઇ નહીં બેટા, આમાં આપણો ઇલાજ નથી, જે પ્રભુએ ધાર્યું હશે તે થશે. જો સીતાના નશીબમાંજ દુઃખ લખ્યું હશે, તો આપણાથી સુખ થવાનું નથી, કારણ જે નશીબે લખ્યું હોય તે મીથ્યા થતું નથી.

(રાગ ભુજંગી છંદ.)

નશીબે લખેલું ન મટશેજ કાંઇ,
કરોને ઇલાજો ગમે તેમ ભાઇ;
નહીં ચાલશે આપણા કંઇજ ધારા,
લલાટે લખ્યું તે થશે સુત મારા. ૧
ઇલાજો સહુ આપણા જુઠ પડશે,
નશીબે લખેલું નક્કી આવી ચડશે;
માટે શોક છોડી ખુશી રેહે તું પ્યારા,
લલાટે લખ્યું તે થશે સુત મારા. ૨
હશે બ્હેનના કર્મમાં ભાઇ દુઃખ,
કરીશું ઉપાયો નહીં થાય સુખ;
નહીં ચાલશે કંઇ ઇલાજો તમારા,
લલાટે લખ્યું તે થશે સુત મારા. ૩

માટે ભાઇ કંઇ કરવું નથી, જે થાય તે જોયાં કરો.

મોતીલાલ—ઠીક માતુશ્રી, તારી નજરમાં આવ્યું તે ખરૂં. હવે હું મારા દીવાનખાનામાં જાઉં છું. (મોતીલાલ જાય છે.)

પ્રવેશ ૧૫ મો.

સ્થળ રસીકલાલનું દીવાનખાનું.

પાત્ર રસીકલાલ, બાદ તેના મીત્રો.

રસીકલાલ—(સ્વગત) અરે! આખરે સીતા હાથમાંથી ગઇ. મારા હૃદય મંદીરમાં વાસ કરનાર પુતળી બીજાના હાથમાં ગઇ. મને પ્રથમજ પ્રેમનો અનુભવ કરાવનાર મનહર મુર્તિ મારા હાથમાંથી સદાકાળ માટે ગઇ. અરે! હું શું અનુભવું છું. આવતી કાલે તો સીતા પરણી પોતાને સાસરે જશે; અને આ પ્રેમાગ્નિમાં બળતા પંખીને, પોતાના હૃદયમાંથી સદાનો વીસારશે. હાય! પ્રેમનો કીડો, મારૂં કાળજું કોતરી ખાય છે. મને બેભાન કરે છે. અહા પ્રેમ! તારી ગતી ન્યારી છે. તું હજારોના હૃદયમાં પ્રવેશ કરી, કેટલાકોને સુખી કરે છે; અને કેટલાકને મરણ સમાન દુઃખ ઉત્પન્ન કરાવે છે. અરે! મારે પણ તેવું થયું. મને નિષ્ફળતા મળી. અરે! હું હવે શું કરૂં. અહાહા!! પૈસો માણસને કેવાં બુરાં કામ કરાવે છે. અને પૈસાને લીધેજ મારે આટલુ દુઃખ સહન કરવું પડે છે. જો મારી પાસે પૈસા હોત તો, સીતા જેવી સુંદરી મેળવવા ભાગ્યશાળી થાત. પરંતુ લાચાર છું કે, પૈસાને લીધેજ મારે આટલું ખમવું પડે છે. ટોકરશી આગળ મેં સીતાની માગણી કરી,

પણુ તેણે મને તુચ્છકારી કહ્યું કે, તારાજેવી ગરીબ અવસ્થા ભોગવનારને કદીપણુ કન્યાની આશા રાખવી નહીં. વળી તારાજેવા ગરીબને દીકરી આપી મને કંઇ ફાયદો થાય નહીં; તેમ દીકરીને પણુ સુખ આવે નહીં. જો તારી પાસે ત્રણુ ચાર હજાર રૂપીઆ પણુ હોત તો તે લેઇને તને પરણુાવત; પણુ તેમાંનું તારાથી કંઇ બને તેમ નથી. તો અત્રે આવવાની તારે કંઇપણુ જરૂર નહોતી. અરેરે! આવું અપમાન કરીને મને કાઢી મુકયો. પૈસો દરેકને આવાં બુરાં કામ કરાવે છે. પૈસાને લીધે ભાઇ બ્હેનનું, બાપ છોકરાનું, તથા છોકરો બાપનું; એમ અરસ પરસ ખુન કરવા તૈયાર થાય છે. પૈસોજં બુરી ચીજ છે. ટોકરશી પણુ પૈસાને લોભે, મારાજેવા યોગ્ય વરને પોતાની પુત્રી નહીં આપતાં, એક એશી વરસના વૃધ્ધ સાથે પોતાની સકુમાર બાળા પરણુાવે છે. કે જે તદન નિર્માલ્ય છે. તથા લાકડીના ટેકા શીવાય, એક ડગલું પણુ ચાલી શકતો નથી. અરે! એ પાપી પિતા તને ધીઃકછે. તારાજ લાભને ખાતર બીજાના સુખનો કંઇપણુ વિચાર ના કરતાં, દીકરીને સદાની દુખમાં નાંખે છે. અરે! તમે બાપ નહી, પણુ ખરેખરા કસાઇ છો. કસાઇ તો સારો કે, ફૂકત જનાવરો વેચે છે; પણુ તમે તો પોતાનાં સંતાન વેચોછો. અરે! જો ત્રણુ ચાર વરસની વીલંબ હોત તો, હું ગમેતેમ કરી તેટલી મુદતમાં ત્રણુ હજાર રૂપીઆ ભેગા કરી,

તે દુષ્ટ પીતાનું. મ્હોડું બંધ કરી; મારી વ્હાલએલી સીતા સાથે લગ્ન કરી, સદાનો સુખી થાત. પણ લાચાર છું કે, મારાથી હાલ તેમાંનું કંઇ પણ બનીશકે તેમ નથી. મારો વકીલાતનો અભ્યાસ, હાલમાં ચાલે છે. તેમાં પાસ થઇ, તેટલી રકમ ત્રણ વરસમાં મેળવી શકત. કદી હાલ હું, ત્રણ ચાર હજાર રૂપીઆ મેળવી શકું; તોપણ હવે કામ બનવું અશક્ય છે. કારણ જાન આવી ગઇ છે; અને આજે લગ્ન છે. હવે તો ઓ! પ્રેમથી પીડાતા જીવ, તારે સદાનું બળવુંજ પડશે. પણ પેલો પોષ્ટમેન આવે છે, કોણનો કાગળ હશે? [ટપાળવાળો પત્ર આપેછે] અહાહા! અક્ષર તો સીતાના છે. શુ લખ્યું છે? લાવ વાંચું (કાગળ ફોડી વાંચે છે)

સુજ્ઞ રસીકલાલ—

"લખવાને લાચારછું કે, મારો હાથ મેળવવામાં તમને નિષ્ફળતા મળી છે. મારા પીતાએ આપને નિરાશ કર્યા છે, એ જાણી ઘણી દુઃખીછું. પણ શું કરૂં ? મારૂં હૃદય ભેદાઇ જાય છે. મારો ઇલાજ નથી. હીંદુ સંસારમાં દીકરીઓને યોગ્ય વર મેળવવાની સ્વતંત્રતા નથી, તેનુંજ આ પરિણામ છે. "પિતા પૈસાના લોભે દીકરીનું સુખ જોતા નથી." તેને લીધેજ મારે તથા તમારે ખમવું પડે છે. અરે! હું ભુલુંછું. કારણ ભાવી પ્રબળ છે. તેમાં કોઇનો દોષ નથી. આપ મને હવે સદાની વીસરીજજો.

મારી મુર્ત્તિની જગાએ, બીજી કોઇ મુર્ત્તિ ઠસાવવા પ્રયત્ન કરજો. અને મારો સંસાર સુખી નીવડે; એવી આશીષ દેજો. આપને વીસારવા હું પણ પ્રયત્ન કરીશ. કારણ લગ્નની પવીત્ર ગાંઠથી બંધાયા પછી, પર પુરૂષનું સ્મરણ કરવું તે ઘણું દોષિત છે. ગમેતેવો પતિ મળે પણ તેને પ્રભુ સમાન ગણી, તેમની ચાકરી કરવી; તેજ સ્ત્રીનો મુખ્ય ધર્મ છે. તે પ્રમાણે હું મારા સ્વામિનાથ સાથે વર્તિશ. રસીકલાલ? તમે દુઃખી થશો નહીં. સંસાર વિચિત્ર છે. ઇશ્વર પોતાનું ધાર્યું કરે છે. તો શોક કરવાથી કંઇ વળવાનું નથી. આપણી જ્ઞાતિની કોઇ બીજી કન્યાનું દીલ જીતવા પ્રયત્ન કરજો. અને તેની સાથે લગ્નની પવિત્ર ગાંઠથી બંધાઇ સદા સુખી થજો, એવી મારી આશિષ છે. હવે હું આપને પત્ર લખીશ નહીં. આ પત્ર છેલ્લોજ જાણજો. પત્ર વાંચી તુરત ફાડી નાંખજો. આપણા વચ્ચે આજ સુધી જે પવિત્ર પ્રેમ હતો, તેનાથી કોઇને વાકેફ કરશો નહીં. મેં પણ મારી કોઇ બ્હેનપણીને આ બાબત ઈસારો કર્યો નથી. હાલ એજ. ઇશ્વર તમને સુખી રાખે.”

લી૦ શુભેચ્છક “ સીતા ”

(પત્ર વાંચી રહયા બાદ)

અરેરે ! સીતા, તારો પત્ર વાંચી મારૂં હૃદય ભેદાઇ જાય છે. મારા હૃદયમાં રહેલો પ્રેમ, મને બહુ દુઃખ આપે છે. ઓ ! પ્રેમ, તારી ગતી અજબ છે.

[હે ચાંપરાજ [૨] તું આંખ ઉઘાડી દેખ] એ રાહ.

ઓ પ્રેમ દેવ [૨] કાં પિડા અમોને આપે;
જીગર અમારાં જીતી લઇને, નાહક કાં સંતાપે.
અકળિત રચના [૨] ઓ પ્રેમ દેવ તારી;
પાર ન પામે કો સંસારી, શું કહું વીસ્તારી.
દુઃખિયા જનને [૨] પળમાં સુખિયો કરતો;
સુખિયાને દુઃખિયોજ બનાવી. હૃદય તું કોતરતો.
કદી રંક જને [૨] તું રાજગાદી આપે;
શાહ હોય પણ ફકીર બને છે. તે તુજ પરતાપે.

અહા ! સીતા લખે છે કે, તમે મારી મુર્તિને હૃદયમાંથી ખસેડી કોઇ બીજી સુંદરીને તે જગ્યા આપજો. શું ! તેમ થઇશકે, ના, નહીં. સીતા ? તારાજેવી સુંદરીને વિસરતાં ઘણા દિવસ જોઇએ. હવે મને આ સંસાર ઝેર સમાન લાગે છે. મારૂં જીગર ચીરાઇ જાય છે. હવે તો, વૈરાગ્ય શિવાય મારા મનની શાન્તિ નથી. અરે ! હું આપઘાત કરૂં ? ના, તેમ નહીં. તેમ કરવાથી ઘણો દોષ છે. બસ હવે તો વૈરાગ્ય લેઈ, સીતાની જગાએ ઇશ્વરનેજ જગ્યા આપવી. અહાહા ! ! ! આ વખતે પેલું જોગીબાવાએ કહેલું ગીત મને યાદ આવે છે. તે અત્યારે કેવું પ્રીય લાગે છે. (ગાય છે)

(એક નારી જગતમાં પ્યારી (૨) એ રાહ.)

જંગલમાં પ્યારા જઇશું (૨)
હિમગીરીના સુંદિર વનમાં, હવે હમે તો રહીશું. જગલમાં.
ગંગા નીરથી નિત્ય નહીશું, હરિગુણ હરનિસ ગઇશું;
હિમાલયનાં સુંદીર વનફળ, હેત ધરીને ખઇશું. જગલમાં.
આ દુનિયાની તજી ઉપાધિ, ઇશ્વરને આરાધિ;
સહુ દુ:ખ ત્યાગી, લઇ સમાધિ, સુખી નિરંતર રહીશું જં.
સદગુણના શણગાર સજીશું, માયા મોહ તજીશું;
ભાવ ધરી ભગવાન ભજીશું, સદા સ્વતંત્રજ થઇશું. જંગલમાં.
શંકર વાણી, સદા સુખાણી, અંતરમાં પ્રભુ આણી;
એ સુખ આપો સારંગ પ્રાણી, ચરણ કમળ સુખ ચહિશું. જં,

અહા ! હવે તો એ સુખ અનુભવવાનુ મન થાય છે. (સુંદરલાલ વિગેરે આવે છે)

સુંદરલાલ—કેમ ભાઇ રસીકલાલ, શા વિચારમાં બેઠા છો ? ચ્હેરો પણ ઉદાશ લાગે છે.

રસીકલાલ—(છુપાવીને) આવો ભાઈ કંઇ નહીં, આજે જરા જીવને ઠીક નથી. માથું ચડયું છે.

સુંદરલાલ—ચાલો ત્યારે સભાનો વખત થયો છે, આવશો ?

રસીકલાલ—હા ભાઇ, ઉભા રહો કપડાં પ્હેરી લેઉં.

સુંદરલાલ—ભાઇ રસીકલાલ, આપણા મિત્ર મોતીલાલની બ્હેન સીતાનું આજે લગ્ન છે. વરની ઉમ્મર

લગભગ એંશી વરસની છે. બિચારી તેર વરસની છોક-રીને બુઢા સાથે પરણાવવા, ટોકરશી તૈયાર થયો છે. બિચારો મોતીલાલ પણ શું કરે ! તેણે તેના બાપને ઘણોએ સમજાવ્યો, પણ તે માનતો નથી, અને ઝાઝું કહે છે ત્યારે અફીણ ખાવા તૈયાર થાય છે.

રસીકલાલ—હા ભાઇ, મેં પણ સર્વ વાત જાણી છે. જ્યાં સુધી આપણી જ્ઞાતિમાં કન્યા વિક્રયનો ધારો બંધ નહિં થાય, ત્યાં સુધી આપણા લોકનો સંસાર સુખી નીવડવાનો નથી. તેમ સુકુમાર બાળાઓને પણ, દુઃખનો છેડો આવવાનો નથી. કારણ પૈસાના લોભે વૃદ્ધ, લુલો, આંધળો, અભણ, ગમે તેવો હશે, પણ તેની સાથે લગ્ન કરશે.

સુંદરલાલ—હા ભાઇ સત્ય છે. આપણી જ્ઞાતિ-વાળા પણ, આ બાબત કંઇ બંદોબસ્ત કરતા નથી; અને આંખ આડા કાન કરે છે.

રસીકલાલ—ભાઇ, કોણ બંદોબસ્ત કરે ? કહેવત છે કે, "પગ તળે રેલો, તો પારકી વાત પડી મેલો."

સુંદરલાલ—આવતા રવિવારની સભા વખતે હું કન્યા વિક્રય વિષે ભાષણ કરીશ; કારણ આ વખતે ભાષણ કરવાનો મારો વારો છે.

રસીકલાલ—ભાઇ સુંદરલાલ, આજે કોણનું ભાષણ છે. ?

સુંદરલાલ—આજે તો મી૦ પ્રાણુલાલનું "બીડી" વિષે ભાષણુ છે.

છગનલાલ—ત્યારે તો આજે ગમ્મત પડશે. કારણુકે તે કવી સાહેબ કંઇને કંઇ ટુકા, છપ્પા જોડી લાવશે.

સુંદરલાલ—હા ચાલો, સહુ રાહુ જોતા હશે.

(જાય છે.)

પ્રવેશ ૧૬મો.

સ્થળ સુંદીરપુરીના બાગ માંહેનો બંગલો.

પાત્ર સભા.

પ્રમુખ—પ્રીય ભાઇઓ, હવે સર્વ સભાસદો આવી ગયા છે, માટે ઇશ્વર સ્તુતી કરી ભાષણ ચાલુ કરો. આજે કોણુનું ભાષણ છે ?

સુંદરલાલ—આજે મી૦ પ્રાણુલાલનું "બીડી" વિષે ભાષણ છે. તેઓ અત્રે હાજર છે.

પ્રમુખ—બહુ સારૂ. ચાલો હવે ઇશ્વર સ્તુતી કરીએ.

સર્વ—

(રાગ હમીરી ગજલ.) હુવે બસ છાઠ ઓ પ્યારી એ રાહ.

અરે! ઓ વિશ્વના રચનાર, ને હરનાર ઓ સ્વામી;
સકળને સુખના દેનાર, ને લેનાર ઓ સ્વામી. ૧
ગહન તારી ગતિ પ્યારા, ગણાયે ના ગુણો તારા;
અહો આ વિશ્વના આધાર, ને સુખકાર ઓ સ્વામી. ૨
શશીને સુર્ય આ જગમાં, વળી તારા કીધા ખગમાં;
અમારા સુખના માટે, કીધાં તેં સર્વ ઓ સ્વામી. ૩
પવન પાણીજ તેં કીધાં, નીરખવા નેત્ર આ દીધાં;
દયાના તો અરે ભંડાર, ને ઉદાર ઓ સ્વામી. ૪
પ્રભુ તુજ ગુણ છે ઝાઝા, કરે તું રંકને રાજા;
અમીરોને ફકીરો તું, કરે પળમાંહ્ય ઓ સ્વામી. ૫
સગાં છે સ્વાર્થનાં સ્વામી, ખરો છે તું સગો નામી;
જગે બિનસ્વાર્થી ને પરમાર્થી, છે તું એક ઓ સ્વામી. ૬
અરે! ઓ તાત હનસારી, બખસ મુજ પાપની મારી;
અમારી દીનની ફરીયાદના લેનાર ઓ સ્વામી. ૭
દયાળું તું દયા કરજે, કુબુદ્ધિ મારી હરજે;
કહે શંકર વિમળઆ, વાણીના દેનાર ઓ સ્વામી. ૮

પ્રમુખ—હુવે મી૦ પ્રાણુલાલે ભાષણ કરવું.

પ્રાણુલાલ—(ઉભો થઇને) અહો! આ સુભ સ્થળને વિષે બિરાજમાન થયેલા પ્રીય ભાઇઓ. આજે મારૂં "બીડી" સંબંધી ભાષણ છે, તો તેમાં કંઇ દોષ જેવું લાગે તો દરગુજર કરશોજી. તથા સર્વ ભાઇઓ

પોતાના વિચાર જણાવશોજી. "બીડી" બે વસ્તુથી બની છે. એક તમાકું, અને બીજું પાતરાં. તમાકું એવું ઝેરી વ્યસન છે કે, શરીરને પાયમાલ કરી નાંખે છે. તેનાથી કોઇ પણ જાતનો ફાયદો નથી. તમાકુને લોકો ઘણી રીતથી વાપરે છે. કોઇ પીએ છે, કોઇ સુંઘે છે, અને કેટલાક ખાય છે. પીવાથી ઉધરસ થાય છે, ગળામાં ચાંદી પડે છે, મ્હોડું ગંધાય છે. વિગેરે ઘણાં દર્દોનો જમાવ થાય છે. સુંઘવાથી, મગજની સ્થીતી ખરાબ રહે છે. નાક હરદમ ચુયા કરે છે તથા કપડાની સ્થિતિ સારી રહેતી નથી. ખાવાથી દાંત સડી જાય છે, ઉધરસનુ જોર વધે છે. અને હર વખત થુંકવાની જરૂર પડે છે. આવી નિંદવા લાયક વસ્તુની "બીડી" બનેલી છે. તે કોઇ પણ જાતનો ફાયદો કરી શકતી નથી. આજ કાલ 'બીડી"નો ઉપયોગ એટલો બધો વધી પડયો છે કે, ૭ વરસના છોકરાથી તે ૮૦ વરસના વૃદ્ધ સુધી તે વ્યસન કરે છે. તમાકુથી ક્ષય રોગ લાગુ પડે છે. અને માણુસના લોહીનું પાણી થઇ જાય છે. તે વિષે એક છપ્પો કહું છું તે સાંભળો.

છપ્પો.

દુનિયામાંહી આવી, બીડી તેં ગજબજ કીધો;
ન્હાના મોટા સર્વ જને, છેડો તુજ લીધો.
તુજ પીધામાં દોષ, તોય હોંસેથી પીતા;
ખાંસી ઉધરસ થાય, પણ મનમાં નહિં બ્હીતા.

એવી મોહીની તારી છે, કળા તારી અપાર છે,
પણ હું કહું છું છેવટે, તુને કોટીવાર ધિઃક્કાર છે. ૧
માટે મારા મિત્ર સુણોને વાતજ મારી,
શ્યો એવો છે ગુણ કે, દીલમાંહી ધારી,
લોહીનું માંસ પાણી રૂપ તેજ કરી દે છે,
ઘાંટો બેસી જાય, લાળ મુખેથી વહે છે;
વળી કંઠ માંહી ચાંદી પડે, તેમાં કહો શ્યો સારછે,
સજ્જનને તો શું કહું, પણ બીડીને ધિઃકાર છે. ૨
પૈસો થાશે અપાર, તોય મનમાં નહિ ડરતા;
ખાવા ન હોય અન્ન, તોયપણ વ્યસનજ કરતા,
હર્યું જનોનું ચિત્ત તે, અવનીમાં આવી,
ન્હાના મ્હોટા સર્વ જનોને, મનમાં ભાવી;
દુર્ગુણ કરે છે દેહને, તેને પીવી કેમ ગમે,
કહે શંકર સુખી થશો, ધિઃકરશો તેને તમે. ૩

અહા! નિર્દોષ બાળકો પ્રથમ રમતની ખાતર, ખરાબ દોસ્તોની સોબતે બીડી પીએ છે; અને ધુમાડા કહાડી ખુશી થાય છે. પછી થોડા દીવસમાં તેમને તે વ્યસન વિના બીલકુલ ચાલતું નથી. પ્રથમ બીડી તેમને સ્વાદ રહિત લાગે છે, પરંતુ પછીથી તેઓને તે પકવાનથી પણ પ્યારી લાગે છે. મતલબ કે નિર્દોષ રમતનું પરિણામ ઘણું ભયંકર આવે છે. વળી સાંભળો.

(ક્ષત્રી કલંક)

સુણો મિત્ર તમે આ વાર, બીડી પીધામાં દોષ બહુ રે.
તે કહું છું હું નિરધાર. બીડી.

શો ગુણ દેખો તેમાં વીર, બીડી.
ઉલટું સુકાઈ જાય શરીર. બીડી.
લોહી માંસનું પાણી થાય, બીડી.
ઉધરસ, ખાંસીને ચાંદીયો થાય. બીડી.
બીડી કહાડે માણસનું મુળ, બીડી.
પેટ ચોળી પેદા ન કરો શુળ. બીડી.
તેથી ધનની થાય છે હાણ, બીડી.
માટે સમજો ને ચતુર સુજાણ. બીડી.
શાણા હોતો સમજજો વીર, બીડી,
છોડો છોડો ને રાખી ધીર. બીડી.
બીડીથી બહુ ગંધાય મુખ, બીડી.
કહો શું જ દેખો તેમાં સુખ. બીડી.
સભા વચ્ચે તો નવ બેસાય, બીડી.
થુંકવું પડે ને મુખ ગંધાય. બીડી.
આપણા વડીલોની વાંચો વાત, બીડી.
તે હતા કેવા જુઓ ભ્રાંત. બીડી.
તમાકુથી સરવ ધન જાય, બીડી.
ક્ષય રોગ તેનાથી થાય. બીડી.
મારી છેલ્લી સાંભળજો વાણ, બીડી.
છોડો છોડો એ અવગુણ ખાણ. બીડી,
કહે શંકર છેલ્લીવાર, બીડી.
આપો બીડીને સહુ ફીટકાર. બીડી.

"બીડી"નું વ્યસન અફીણના વ્યસન જેવુંજ છે. જેમ અફીણ ટાઇમસર નહીં મળવાથી, અફીણી કેવો

ગભરાય છે. અને ગમે તેમ કરીને પણ તે ટાઇમસર અફીણ ખાવાની તેને જરૂર પડે છે. તેમજ બીડીનું પણ છે. તલપ આવી એટલે પીવીજ પડે. ભુખ લાગી હોય તો કલાક નીભાવી લેવાય, પણ બીડીની તલપ આવી તો ગમે તેમ કરીને પણ બીડી પીવીજ પડે. પાસે પૈસા ના હોય તો કોઇ પાસે માગીને પણ પીવાની જરૂર પડે. કેટલાકોને તો બીડી પીવાના પૈસા નહીં મળવાથી છેવટે ચોરી કરવાનું પણ મન થાય છે. એ બધા બીડીનાજ પ્રતાપ છે. માટે હે મ્હારા પ્રિય બંધુઓ ! બીડી જેવા ઝેરી વ્યસનનો જલદી ત્યાગ કરો. કેટલાક કહે છે કે અમને વ્યસન પડી ગયું છે, તે ગમે તેટલા ઉપાય કરીએ છીએ પણ મુકી શકાતું નથી. પણ તે મુકવાના ઉપાય છે. દરેક કામ ઉતાવળથી સુધરતું નથી, તેમ તમો એકદમ બીડી ત્યાગ કરવાનું ધારશો તે બનશે નહીં. પણ આજે દસ પીધી તો આવતી કાલ પાંચ, વળી પરમ દીવસે ત્રણ. એવી રીતે હમેશાં ઘટાડતા જવું. છેવટે એક ઉપર આવશો. પછી આપોઆપ થોડા દીવસમાં તે વ્યસન ત્યાગી શકશો. કેટલાક માણસને બીડી પીવાનો નિયમ રહેતો નથી. દીવસની પોણોસો, સો સુધી પીએ છે. મતલબ કે તેનો હાથ કોઈપણ વખતે બીડી વિના ખાલી દેખી શકશો નહીં. માટે હે મારા પ્રિય બંધુઓ? એ વ્યસનનો ત્યાગ કરવા

પ્રયત્ન કરો. તથા ઉછરતી પ્રજાને તે વ્યસનથી મુકત રાખો. તોજ સુખી થશો. વળી સાંભળોઃ–

(નાથ કેસો ગજકો બંધ છોડાયો,)

સર્વે બંધુ સુણજો આ, અર્જ અમારી:
છોડો બીડીને દોષ છે ધારી. સર્વે.
બીડી પીવાથી દુર્ગુણ ઝાઝા, માટે છોડો હિત ધારી,
ઉધરસ ખાંસીને લોહી બળે બહુ, ચાંદી પડે આવારી. સર્વે.
સભા વચ્ચે તો નવ બેસાયે, થુંકવું પડે જયાંહી ત્યાંહીઃ
તલપ આવી જો બીડી પીવાની તો, ખુણે જવું પડે ભાઇ.સર્વે.
પાસે પૈસા હોય નહીં તો, ચોરવામાં ચિત્ત જાએ;
એક બીડી પાછળ કેટલા અવગુણ, ધન બધું ધુળ થાયે. સર્વે.
સ્વદેશ બંધુ મ્હેર કરીને, મુકો બીડી આ વારી;
થશો સુખી કહે શંકર કંરગરી,બીડી એ તો હદવાળી. સર્વે.

પ્રીયભાઇઓ? હવે હુ મારૂં ભાષણ બંધ કરી બેસવાની રજા લઉં છું.

પ્રમુખ—મી૦ પ્રાણલાલના ભાષણ સંબંધી કોઇને કંઇ બોલવું હોય, તેમણે ખુશીથી બોલવું.

સુંદરલાલ—મી૦ પ્રાણુલાલે બીડી સંબંધી જે જે અવગુણો કહ્યા તે સત્ય છે. તથા તેમનું ભાષણ બીડી પીનારાઓપર છાપ બેસાડે તેવું છે.

રસીકલાલ—હું પણ મી૦ સુંદરલાલના વાકયોને ટેકો આપું છું. અને જે ભાઇઓ તે વ્યસન કરતા હોય, તેમણે ત્યાગ કરવા પ્રયત્ન કરવો.

પ્રમુખ—મી૦ પ્રાણલાલ? તમારૂં ભાષણ ફતેહમંદ ઉતરેલું જાણી ખુશી છું. હવે આવતા રવીવારે કોણનું ભાષણ છે; તથા તે કયા વિષય ઉપર બોલશે તે જણાવવું.

સુંદરલાલ—સાહેબ? આવતા વખતે ભાષણ કરવાનો વારો મારો છે. હું " કન્યા વિક્રય " વિષે ભાષણ કરીશ.

પ્રમુખ—બહું સારૂં. જગતકર્ત્તા આપણને સ્હાય કરે, તથા સદબુધ્ધિ આપે. હવે સભા બરખાસ્ત કરો, અને આવતા રવીવારે સર્વને હાજર રહેવા ભલામણ કરૂં છું. ચાલો— (સર્વ જાય છે)

પ્રવેશ ૧૭મો.

સ્થળ-ટોકરશીના ઘરનો ઓરડો.

પાત્ર-સીતા, પાછળથી ટોકરશી અને દીવાળી.

સીતા—(સ્વગત) અરે! જગદીશ્વર તેં શું ધાર્યું છે? મારા ઉપર આટલો બધો કોપાયમાન કેમ થયો છે? શું આજનો દીવસ મને આછો દુઃખકારક છે. શું? આજે હું એક વૃધ્ધ પતિની ધણીઆણી થઇશ. શું આજથી મારા દુઃખનો સુર્ય ઉદય થયો? આજથી

હું સંસાર સુખથી બાતલ થઇશ? શું આજથી રસીક-લાલને હૃદયમાંથી સદાનો વિસારવોજ પડશે. રસીકલાલ તારા મનની સ્થીતી કેવી હશે. આ દુઃખિ સીતા તારા મનની આકાંક્ષા પુરણ કરી શકી નહીં. આજે તને હમેશા-ના માટે વીસારી, હું વૃદ્ધ પતિની ધણીઆણી થઇશ. પરમેશ્વરે તારા તથા મ્હારા મનની ઇચ્છા પુરી કરી નહી. અરે! હું શું કરૂં, કયાં જઉં. ઓ ઇશ્વર, વૃધ્ધ પતિની પત્નિ લેખાવા કરતાં મરણને હું વધારે પસંદ કરૂં છું. માટે મ્હને હાલ ઘડી મ્હોત આપ. મને આ સ્વાર્થી સંસાર ઝેર જેવો લાગે છે. કારણ જેમાં સ્વાર્થ-ને લીધે પીતા પુત્રીનું સત્યાનાશ વાળવા તૈયાર થયો છે. અરે! આજનો દીવસ સર્વને ખુશકારક છે. લગ્નની પવિત્ર ગાંઠથી બંધાતા જોડાને આજનો દીવસ કેવો આનંદકારક લાગે છે. ત્યારે મને મરણથી પણ વધારે પરિતાપ થાય છે. ઓ પૃથ્વિ માતા, આ તારી દુઃખી કીકરીને તારા પેટમાં સમાવી દે, અને આ દુઃખના સમુદ્રમાં ડુબતા જીવને બચાવ. ઓ! યમરાજા, તમે તમારા દુતોને મોકલી, મને આ સંસારમાંથ ઉપાડી દ્યો. હાય! શું કરૂં, કયાં જાઉં, શું? રસીકલાલની સાથે કંઇ પરદેશમાં નાશી જઉં. ના, ના, તેમ નહીં. એવું કામ કરવાથી લોકો મ્હને નિંદે, મારી સદવિદ્યા વગોવાય, અને મારી માતુશ્રીની કુખ લજવાય, અરે!

એવો વિચાર કરતાં મારૂં દીલ કેવું કંપે છે. નહિ, નહિ, મારાથી તેમાંનું કંઇપણ બની શકે નહિ. ત્યારે શું આપઘાત કરૂં. (છરી લઇને) આ તીક્ષ્ણ ધારની છરીને મારા પેટમાં જગા આપું. (વીચાર આવવાથી) નહિ, નહિ, તેમ કરવાથી ઇશ્વરની અપરાધણ થાઉં. આત્મહત્યાનો દોષ લાગે, અને શાસ્ત્રમાં કહેવા પ્રમાણે સાત જન્મ સુધી એવીજ સ્થિતી ભોગવવી પડે. (છરી મુકી દઇને) અરે! ત્યારે શું કરૂં. નશીબ ઉપર આધાર રાખી જોયા કરૂં. હા, તેજ રસ્તો ઉત્તમ છે. મારા નશીબમાંજ દુઃખ લખેલું હશે તો સુખ કયાંથી મળશે. પરંતુ આ દુનિયામાં નહિ પણ પેલી દુનિયામાં સુખ મેળવવાનો એકજ ઉપાય છે. તે એજ કે, પતિની સાચા દીલથી શેવા ચાકરી કરવી. પછી ભલેને પતિ ગમે તેવો ~~વધ્ધ,~~ આંધળો, લુલો અગર અભણ હોય; પણ સતીએ તો પતિને પ્રભુ સમાન ગણી તેમની શેવા ચાકરી કરવી. (વીચાર આવવાથી) હજુ વાત હાથમાં છે. છેક બગડી ગઇ નથી. માણસે બનતો પ્રયત્ન કરવોજ જોઇએ. પીતાજી હમણાં અત્રે આવશે, તેમને શરમ મુકીને કાલાવાલા સાથે અરજ કરૂં. જો તેઓના દીલમાં દયા આવે છે. અને તેવો પોતાનો વિચાર ફેરવે છે. પણ હવે શા કામનું. કારણ છેલ્લો વખત છે. જાન આવી ગઇ છે. તેને પાછી કહાડી શકાય નહિ કંઇ નહીં. ચાલ, કહી તો જોઉં. શું? ઘણા વર તોરણેથી

પાછા જતા નથી. ઉપાય તો અજમાવવો. પછી હરિ ઇચ્છા. ઓ! પરમાત્મા ઓ! દીનદયાળ. મને આ કાર્યમાં સ્હાય કરજે; અને મારા પીતાના હૃદયમાં દયા-નો અંશ મુકજે. એજ મારી ખરા દીલની પ્રાર્થના છે. અરે! ઓ સામેથી પીતાજી આવે.

(ટોકરશી આવે છે.)

ટોકરશી—(સીતાને) બ્હેન સીતા, કેમ અત્રે ઉભી રહી છે. ચાલ કપડાં બદલ. જાન માંડવે આવી ગઇ છે, અને સહુ ખોટી થાય છે. ત્યારની અહીં ભરાઈ રહી છે. તારી બા તને કયારનીએ શોધે છે. ચાલ બ્હેન ઉતાવળ કર.

સીતા—(આંખમાં અશ્રુસહિત ટોકરશીના પગમાં પડે છે) બાપા, આ શું કરવા બેઠા છો. દીકરી તરફ દયાવાન થાઓ, અને એક વૃદ્ધને તમારી સકુમાર બાળા સોંપતાં વીચાર કરો.

ટોકરશી—અરે! આ ઘરનાં બધાં મને દુઃખ આપવા ઉભા થયાં છે, અને આ છોકરીએ તો તદન શરમ મુકી. મેં એના સુખને માટે, સારૂં પૈસાવાળુ અને કુળવાન ઘર જોયું, ત્યારે મારેજ ખમવું પડે છે.

સીતા—પણ પિતાજી વિચાર કરો કે, વૃદ્ધ પતિ સાથે પરણી હું કેટલા દીવસ સુખી રહીશ. બાપુ, કંઇ દયા લાવો. ધનવાનના કરતાં ગરીબ પણ સદગુણી અને

યુવાન વર સાથે મારાં લગ્ન કરશો તો હું ઘણી ખુશી થઇશ. અને મારી આશીષથી ઈશ્વર આપનું કલ્યાણ કરશે.

ટોકરશી—(ચીડાઇને) ત્યારે શું આવેલી જાનને પાછી ક્હાડી મારી આબરૂને ધુળમાં મેળવું, એવો તારો વિચાર છે? બોલતાં કંઇ શરમ પણ આવે છે. આજકાલની છોકરીઓને ભણાવી એટલે શરમ મુકી બાપના સ્હામા સવાલ જવાબ કરે. જમાનો પણ કેવો આવ્યો છે.

સીતા—પિતાજી, જો આપ ધારો તો વગર હરકતે જાનને પાછી મોકલી શકો, તથા તમારી આબરૂ-ને પણ કલંક લાગે નહીં; એવો ઉપાય છે. હું એકદમ માંદી થઇ જાઊં, અને હાલ જીવ જશે એવી સ્થીતી કરૂં છું. પછી આપ સામાવાળાને કહેજો કે છોકરી ઘણી સીક થઇ ગઇ છે, માટે હાલમાં લગ્ન બંધ રાખવું પડશે. કારણ આવી સ્થીતીમાં લગ્ન કરી શકાય નહીં. માટે મહીના પછી જેઠ સુદી ૧૫નું લગ્ન આવે છે, તે નક્કી કરીશું. ત્યાર સુધીમાં સીતાને આરામ થઇ જશે. આવું કહો, એટલે તેઓ હાલમાં તો પાછા જશે. અને પછી ગમે તે વાંધો કહાડી વીવાહ તોડી નાંખજો. કારણ "અણી ચુકયો શો વરસ જીવે" માટે ઓ! મારા વ્હાલા પીતાજી, આ સકુમાર દીકરી ઉપર દયા લાવી આપનો

વિચાર ફેરવો, અને આ અસહ્ય દુઃખમાંથી બચાવો.

ટોકરશી—(ગુસ્સે થઇને) ચુપ, ચુપ, એ બેશરમ છોકરી. મારાથી તેમાંનું કંઇ પણ બનવાનું નથી. મને મારી આબરૂ વહાલીછે. જો જલ્દી કપડાં બદલી લગ્ન મંડપમાં નહી આવેતો, તુ નક્કી જાણજેકે, મારી આબરૂની ખાતર હું આપઘાત કરીશ. હું જાઊં છું.

(ટોકરશી જાયછે તેનો હાથ પકડી)

સીતા—(રૂદન સહીત)

(લાજ લીધી હો બાપ લાજ લીધી. એરાહ.)

દયા લાવો પિતાજી દયા લાવો (૨)
કેમ છોરૂને આમ, કલપાવો. પીતાજી દયા લાવો.
વર્ષ તેરની તનુજા તમારી, કેમ વૃદ્ધની સાથે વળાવો. પીતાજીદયા
લાડ કોડે અત્યાર સુધી પાળી, હવે કેમ, કુબુદ્ધિ થાઓ. પીતાજીદયા
દઇ વિદ્યાને જ્ઞાન શાળી કીધી, હવે દુઃખનાં દ્વાર બતાવો. પીતાજીદયા
એક પુત્રી અને બીજી ગાય, દોરી આપે તહાં તેતો જાય. પીતાજીદયા
વધુ ઝાઝું શું ? પ્રેમ કાંઈ લાવો, શરમાવો હવે કાં સતાવો. પીતાજીદયા

(ટોકરસી છોડાવી ચાલ્યો જાયછે, સીતા બેભાન થઇ નીચે પડેછે. બે મિનિટ પછી દીવાળી આવેછે.)

દીવાળી—(સીતાને ખોળામાં લેઈ શુદ્ધિમાં લાવેછે.) ઓ ! મારી વહાલી દીકરી, તારી આવી દશા: અરે! મારૂ હૃદય બળીજાય છે [કલ્પાંત કરે છે.]

સીતા—[શુદ્ધિમાં આવે છે.] બા, એ વ્હાલી બા. મારા પિતાજીને કેમ સમજાવતી નથી. શું તું મને વૃધ્ધ સાથે પરણાવા દઇશ.

દીવાળી—એ મારી પ્યારી દીકરી સીતા, હું શું કરૂં. મેં ઘણી રીતે તારા પિતાને સમજાવ્યા, તથા ઘણું કલ્પાંત કર્યું; પણ મ્હારી મેહેનત નિષ્ફળ ગઇ છે. તેઓ પોતાનો વિચાર ફેરવતા નથી, અને ઝાઝું કહું છું તો જીવ કહાડવા ઉભા થાય છે. માટે એ ! મારી વ્હાલી દીકરી, તું લગ્ન મંડપમાં ચાલ, જે નશીબમાં હશે તે બનશે. ઇશ્વર તને અખંડ શૌભાગ્ય આપે.

સીતા—શું ત્યારે, મારે લગ્ન મંડપમાં આવવું-જ પડસે.

દીવાળી— હા બ્હેન, હવે ઉપાય નથી. જો જરા વધારે વખત લાગશે, તો તારા પિતા નકકી આપઘાત કરશે. અને દુનિયામાં આપણું ખોટું કહેવાશે.

સીતા—(આંસુ સહીત) અરેરે !! એ ! બા, મારૂં નસીબ પુટીગયું. આજથી મારા દુ:ખનો સુર્ય ઉદય થયો.

દીવાળી—(સીતાને બાથમાં લઇને)

(જાવાદે રસીલીરંભા એ રાહ)

છાનીરેને શાણી મારી, દાઝે અતિ દીલ મારૂં.
દાઝે અતિ દીલ મારૂં, દેખી અરે મુખ તારૂં. છાની.
કરૂં હું સુતા શું મારી, ગઇ વાત બગડી પ્યારી;

થાશે શાહ્ય શ્રી મોરારી,
કરશે બ્હેન તારૂં સારૂં, દાઝે અતિ દીલ મારૂં. છાની.
નસીબે લખેલું થાયે, બોલ્યું સર્વ મિથ્યા જાએ;
કરૂં શું હવે હું હાયે,
નથી છુટવાનું બ્હારૂં, દાઝે અતિ દીલ મારૂં. છાની.
ચાલો બેટા મંડપમાંહે. સહું લોક ખોટી થાયે,
તાત તારા તો મુઝાયે;
લાગે નહિં તેજ સારૂ, દાઝે અતિ દીલ મારૂ. છાની

માટે ચાલ બેટા, દીવાનખાનામાં જઇ તને કપડાં પહેરાઉ [જાય છે]

પ્રવેશ ૧૮ મો.

સ્થળ ટોકરસીનુ ઘર.

(લગ્ન મંડપ.)

(સીતાનું લગ્ન શરૂં થાય છે, ગોર મંત્ર ભણે છે, સ્ત્રીઓ ગાયછે.)

સર્વ સ્ત્રીઓ (ગાય છે)

સોનાનું બેડુંરે, રૂપલા ઉઢાણીરે, સીતાવેલ પાણીડાં સંચર્યાં.
સોનાની ગેડીરે, રૂપલા દડુલોરે, ધનજીસા રમવાને નિસર્યાં.
કોણ રાયની બેટીરે, કોણતારૂં નામરે, કીયારે નગરની ગરાસણી.
ટોકરસીની બેટીરે, સિતાવેલ નામરે. હજીએછું બાળ કુંવારડી.
કોણ રાયના બેટારે, કોણ તારૂં નામ, કીયારે નગરના ગરાશીયા.
કપુરચંદનો બેટારે. ધનજીસા નામરે, સીતારં પુ[illegible] ા ગરાસીયો.

ધનજી— (લેહેકાવીને.) અલ્યા મકન ? જરા તમાકુ તો કરી આપ. (સઉ હસે છે)

મકન—હા સાહેબ, કરીઆપું છું.

ધનજી—અલ્યા સોપારી, ઝીણી કાતરો ચવાતી નથી.

ગોર—ચાલો હવે મંગળ ફેરા ફેરવવાનો સમય થયોછે. સિતા બ્હેન ઉભા થા. ધનજીશ્યા તમે પણ ઉભા થાઓ.

ધનજી—અલ્યા મકન ? જરા મને ઉભો તો કર, અને મારી લાકડી આપ.

(સઉ હસે છે)

સર્વ સ્ત્રીઓ—

સોળ વરસના સોમૈયાને ફેરા ફરતાં ના આવડયા.
નાહાની સરખી સિતા બ્હેનને ફેરા ફરતાં આવડયા.

(ફેરા પૂરો રહે છે)

ધનજી—અલ્યા મકન ? મને હાથ ઝાલીને પાટલા ઉપર બેસાડ.

(સ્ત્રીઓ ગાય છે.)

માતાજીરે આજે આનંદ મારે અંગરે,
શ્રી કૃષ્ણ પરણ્યા રાધા સંગરે. આજે.
માતાજીરે આજે સ્વપ્ન એવું દીઠુંરે,
અમૃતથી લાગ્યું મુજને મીઠુંરે. આજે.
માતાજીરે જાણે વૃષભાન મુજ તાતેરે,

બ્રાહ્મણ મોકલ્યો પ્રભાતેરે. આજે.
માતાજીરે તમે જાણે નંદ ઘેર વીવાહ કીધોરે,
મેં જાણે હરીવર માંગી લીધોરે. આજે.

ગોર—માથે માંડ, ખોળે ગોળ, હાથમાં વ્હાડી, કંસાર પીરસવા આવે કન્યાની માડી.

(કંસાર જમાડે છે)

સ્ત્રીઓ—

લાડો તો ડુચેને ડુચે મારે, લાડીને કંસારના ભાવે,
લાડો તો દુકાલમાંથી આવ્યો, લાડી સકાળમાંથી આવી.

લાડો લાડી જમેરે કંસાર, ઉપર વેવાઇ ટળવળેરે,
ભાઇ મને કંસાર ચખાડ, કંસાર કેવો ગળ્યો લાગેરે.

મેં તો જાણ્યું ટોકરશી જુઠારે, આનંદ ભર્યો.
એ તો દીકરી પરણાવીને ઉઠારે, આનંદ ભર્યો.

મે તો જાણ્યું જે મુલચંદ સાચારે આનંદ ભર્યો.
એ તો ભાઇબંધ પરણાવીને નાચ્યારે આનંદ ભર્યો.
એક ઝારા ઉપર ઝારીરીરે,
આ તો કન્યા થઇ અમારીરે,
એ તો હમારાં કહયાં કરશેરે,
એના બાપના બોલ પુઠે ધરશેરે.

(બે કુંવારી છોકરીઓ માંહો માંહે છાની વાતો કરે છે.)

જડી—બ્હેન જેઠી ? બિચારી સીતાને એના બાપે આવા ઘરડા ટરચા સાથે પરણાવી. બિચારીની શી ગતિ થશે.

જેઠી—બ્હેન જોને, લાકડી વિના હિંડી પણ શકતો નથી, અને મોંઢામાં દાંત પણ નથી. બ્હેન તારા બાપ તને એવા વર સાથે પરણાવશે, તો તું શું કરીશ?

જડી—બા, હું તો કુવે પડીશ પણ આવા વરને નહીં પરણું.

જેઠી—મુવાં નખોદીયાં મા બાપો, પોતાના લોભને લીધે, આપણા જેવી છોકરીયોનો ભવ બગાડે છે.

જડી—બિચારી સીતાને, અત્યારે કેવું એ થતું હશે.

જેઠી—બ્હેન કેમ ના થાય, ઇશ્વરને અરજ કરીયે છીએ કે, આવું દુઃખ આપવા કરતાં મ્હોત આપજે, કે છુટીયે. ચાલો હવે ઘેર જઇએ. (જાયછે)

[સીતાનું લગ્ન થયાબાદ સીતાને સાસરે વળાવે છે]

અંક ૧લો સમાપ્ત

અંક બીજાના વધુ પાત્રો.

કડવીબાઈ	વીદુષકની સ્ત્રી.
મથુરો ભગલો	તેના છોકરાઓ
તારા	રસીકલાલની સ્ત્રી.
જયચંદ્ર	સોનેરી ટોળીના માણસ–એક ઠગ.
હીરાલાલ	એક સોની સુંદીરપુરીનો.
સ્વરૂપચંદ	
નાનચંદ	
જેસીંગ મનોર	ટોકરસીનાં સગાંવહાલાં.
ઉમીયા મા	
કપુરચંદ મંછામા	ધનજીનાં સગાંવહાલાં.

બાદ ડોક્ટર સન્યાસીનીઓ દારૂડીઆ, ઉતારૂઓ, વિગેરે.

સ્થળ વિદુષકનું ઘર.

પાત્ર–વિદુષક કડવીબાઇ અને તેનાં છોકરાં.

વિદુષક—ઓ રાંડ હવે તો હું જાઉછું.

કડવીબાઇ—ક્યાં જાઓ છો ? ઘરમાં આવોછો તો એક ઘડી પણ ટકતા નથી. કુતરાંની પેઠે નાશ નાશ શું કરો છો.

વિદુષક—મને તો ઘરમાં ઘડીએ ગોઠતું નથી.

કડવીબાઇ—ક્યમ નથી ગોઠતું ?

વિદુષક— લોકોની બાયડીઓ કરે છે, તેમ તું મને કંઇ કરે છે ?

કડવીબાઇ—લોકોની બાયડીઓ રાંડો ક્યમ કરેછે?

વિદુષક—પોતાના ધણીને મધુર ગાયન ગાઇને ખુશી કરેછે. અને પતિનાં વખાણ કરે છે. તેમાંનું તું કાંઇ કરે છે ?

કડવીબાઇ—ઓહો ! એમાં શું ? સાંભળો તમારાં વખાણ કરૂં.

વિદુષક—વાહ ! ત્યારે કર, આ બેઠો.

કડવીબાઇ—સાંભળો. પણ આતો ગરબામાં ગાવાનું છે, તે બેચાર સહીઓરો જોઇએ.

વિદુષક—લેની રાંડ એક તો હું, અને આ બે છોકરાં. અલ્યા મથુરીયા, ભગલા, અહીં આવો. (છોકરાંને બોલાવે છે)

મથુરીઓ—હું કહે છે, હહરા.

વિદુષક—મેર લુચ્ચા બાપને સસરો કહેવાય.

ભગલો—હાહરા મથુરીઆ, તને બોલાવતાં ચ્યારે આવડશે! બાપને હાહરા કેહેવાય. કેહેકની હાળો.

મથુરીઓ—ચ્યમ છે હાળા ચ્યમ છે, કેહેતો હોય તો ઝટ લઇને કહી નાંસ.

વિદુષક—અલ્યા આવો, તમારી માને ગરબો ગવરાવો.

ભગલો—હા ચાલો ગાઇએ.

વિદુષક—લે રાંડ ગાતી હોય તો ગા.

કડવીબાઇ—ના, તમે મારો શાલ્લો ઓઢો ત્યારે ગાઉ.

વિદુષક—લાવ. (શાલ્લો ઓઢે છે.)

કડવીબાઇ—બરોબર તાલીયો લેજો હો, ગરબાગાં ખામી ના પડે.

વિદુષક—સારૂં, છાનીમાની ગા.

કડવીબાઈ—સાંભળો.

(રાગ બેડા બાઇ બુડતો તારોરે એ રાહ.)

વાહવા મારા વર રૂપાળારે, લાજે જોઇ કાગડા કાળા.
ધન્ય સ્વામી તમે ધન્યજ મારા, શું વખાણું આજ.
આપનું રૂપ દેખીને પામે, રાત અંધારી લાજ. વાહવા. ૧
કોયલા જેવું ઉજળું મ્હોડું, જોઇને ખુશી થઉં.
આવરદા પ્રભુ વેહેલો ઘટજો, વારણાં વારી લઉ. વાહવા. ૨

રાક્ષસ જેવા દાંત તમારા, જોઇને દીલ ખુશ થાય;
હોઠજ જાણે હબશી આવ્યો, મુખ બહુ મચકાય. વાહવા. ૩
આંખનું તેજ તો સ્વામી મારા, મુખે કહ્યું નવ જાય;
છતે દહાડે પુરૂ ના દેખો, આંખ લબુકાં ખાય. વાહવા. ૪
એવું તમારૂં રૂપ જોઇને, વરી છું તમને નાથ;
પેલા ભવના ભોગજ મારા, ઝાલ્યો તમારો હાથ. વાહવા. ૫

વિદુષક—(સ્વગત) અહાહા! હું લોકોની મશ્કરી કરૂ છું, અને મારા ઘરમાં તો ઠીકજ છે. (પ્રકાશ) વાહ! ઠીક ગાયું.

કડવીબાઇ—કેમ નજરમાં આવ્યુંને? અમારી વાતો તો એવી છે, જ્યાંસુધી બોલીયે નહીં ત્યાંસુધી.

વિદુષક—અરે રાંડ ગજબ થયો, હું તો જાઉં છું. મારા લાડવા જાય છે.

કડવીબાઇ—શું છે? વળી, કોના ભોગ સળ્યા.

વિદુષક—પેલા નાટકવાળા સુત્રધારને હું વાયદો કરીને આવ્યો છું. સ્હવારે લાડવાનું સીધુ આપવાનું કહ્યું છે; રાંડ તેં મને રોકી રાખ્યો. હવે અડધુ નાટક તો થઇ ગયુ હશે. લાવ્યને હવે જાઉં. આપણી જીભ મીઠી છે, એટલે કંઇ હરકત નથી.

(વિદુષક જાય છે.)

અંક ૨ જો (સુંદારપુરી)

પ્રવેશ ૧ લો.

સ્થલ—મોતીલાલનું દીવાનખાનું.

પાત્ર—મોતીલાલ, સુંદરલાલ, પ્રાણુલાલ, છગનલાલ પછીથી જુઠાલાલ ને વિદુષક.

મોતીલાલ—(સ્વગત) અહાહા! શું પિતાનો દુષ્ટ વિચાર. અરે બીચારી માતુશ્રી પણ શું કરે? કારણ તેમાં તેનું કાંઇ ચાલે તેમ નહોતું. અરે ઇશ્વર! મારા પિતાએ તેર વરસની ભણેલી ગણેલી છોકરીને વૃદ્ધ પતિ સાથે પરણાવી. પિતાજી ધીક:છે. (પ્રાણુલાલ છગનલાલ સુંદરલાલ વિગેરે આવે છે.)

સુંદરલાલ—કેમ મી. મોતીલાલ ખુશીમાંછોને?

મોતીલાલ—હાજી આવો.

પ્રાણુલાલ—(મોતીલાલને ઉદાસ જોઇને)

[રાગ ધનાશ્રી એ જમવા અભિલાખ સાસમહી]

કેમ જણાઓ. ઉદાસ, બંધુમારા કેમ જણાઓ ઉદાસ;
શું દુઃખ એવું આવી પડયુ છે, બેઠા થઇને નીરાશ. બંધુ. ૧
આપના મનની વાત સાંભળવા, હું રાખુંછું આશ. બંધુ. ૨
શોકાગ્નિમાં ડુબી ગયા છો, થાય છે મુજમન ત્રાસ. બંધુ ૩
દોસ્તજ મારા શું નાખો છો, આપ [illegible] નિશ્વાસ. બંધુ ૪
[illegible] દુઃખ જાણું આવી પડયું છે. [illegible] ચીંતાના [illegible]. બંધુ ૫

મોતીલાલ—કંઇ નહીં ભાઈ, પણ મ્હારા પિતાએ પૈસાના લોભે, મ્હારી બ્હેન સીતાને વૃદ્ધ પતિસાથે પરણાવી, તેથી મારૂં મન ઉદાસ છે. બીજું કંઇ નહીં. તમો મારા હેતસ્વી ભાઇ છો; માટેજ તમારે મ્હોડે મેં મારા અંતઃકરણની વાત કહી.

સુંદલાલ—કંઈ નહીં ભાઇ, જે બન્યું તે ખરૂં, હવે શોક કરી આત્માને શામાટે દુઃખી કરવો. વાત વીતી ગયા પછી પસ્તાવો કરે શું વળે! પ્રથમ તમે જાણ્યું નહોતું કે વીવાહ કર્યો છે, તે માણુસની ઉમર વધારે છે.

મોતીલાલ—ભાઇ જાણ્યું હતું તો ખરૂં. પણ મારાં પિતાને ઘણું સમજાવ્યા છતાં, માન્યું નહીં. ઝાઝી તાણ કરીને મેં કહ્યું કે; હું વીવાહ ભાગી આવું છું; ત્યારે તેઓ ઝેરખાઇ મરવાની બ્હીક બતાવતા હતા, એટલે શું કરૂ?

સુંદરલાલ—તમારા પિતાએ પૈસા લીધા એવી તમને ખાત્રી થઇ ?

મોતીલાલ—ભાઇ કેમ ના જાણીયે, યોગ્ય વર કયાં નથી, કે વૃધ્ધ વર શોધ્યો. છેક નાનું છોકરૂં પણ જાણે છે કે, પૈસા લીધા હશે. અને લગ્ન આગળ બે દીવસ અગાઉ મારો માસો આવ્યો હતો; તે મારા બનેવીનો મીત્ર હતો; તે અવી બે કલાક રહીને જતો રહ્યો. તે નક્કી રૂપિયા લેઇનેજ આવેલો, પણ કેટલા લીધા તે ખબર નથી.

પ્રાણલાલ—અરેરે! પૈસો શું કરાવે છે! પણ ભાઈ મોતીલાલ, હવે શોક છોડી દયો. હવે પસ્તાવો

કરવો એ નિરર્થક છે; ચાલો ફરવા જઇએ, એટલે દીલગીરી મટશે.

(જુઠાલાલ આવે છે.)

જુઠાલાલ—(દીવાન ખાનાની નીચલી બાજુએ ઉભો રહી) એ ઉપર કોઇ છે કે.

મોતીલાલ—હા, કોણ? જુઠાલાલ. આવો.

સુંદરલાલ—ભાઇ મોતીલાલ, આવા દુરાચરણીની વળી કયાં ભાઇબંધી કરી છે.

મોતીલાલ—ભાઇબંધી નથી, પણ આતો સ્હેજ આવે છે; તેમાં આપણું શું જાય છે.

પ્રાણલાલ—છાના રહો, હવે તો પેલો આવ્યો; વળી સાંભળશે તો નકામો ટંટો થશે. [જુઠાલાલ મેડા ઉપર આવે છે.)

જુઠાલાલ—કેમ સાહેબજી ખુશીમાં તો ખરા?

સુંદરલાલ—હા ભાઇ આવો. મોતીલાલ ચાલો? હવે વખત થઇ ગયો, માટે ફરવા જઇએ.

મોતીલાલ—(જુઠાલાલે શાનમાં કહ્યું કે ના જશો માટે.) ભાઇ આજ તો તબીયત ઠીક નથી, માટે હું નહીં આવું. આપ જાઓ.

(સુંદરલાલ, પ્રાણલાલ, છગનલાલ જાય છે)

જુઠાલાલ—કેમ મી૦ મોતીલાલ, ઉદાસમાં છો?

મોતીલાલ—કંઇ નહીં સ્હેજ,

જુઠાલાલ—આજ મને લાગે છે કે, તમો કંઇ મોટા વિચારમાં પડયા છો, અને દીલગીર છો; માટે તે દીલગીરી મટાડવા, આજ કંઇ છાંટા પાણી ઉડાવવાનો વિચાર છે કે ?

મોતીલાલ—શું યાર. તે દીવશે, આપણે ગમત કરી પણ તે મારા પિતાના જાણવામાં આવ્યાથી કેવુ પરિણામ આવ્યું હતું. ફકત મારે તો એ તરફનો વાંધો છે.

જુઠાલાલ—આપણી તે દીવસે ભુલ થઇ ગઇ હતી; પણ જો ખાધા પછી પ્યાલો લીધો હોત તો, કોઇ જાણવાનું નહોતું. કારણ તમે જમીને આવત એટલે પછી તમારે ઘેર જવાની જરૂર નહોતી. અને તેમ થાત એટલે કોઇના જાણવામાં આવત નહીં; માટે જમ્યા પછી લેવાય તો હરકત નહીં.

મોતીલાલ—આજ મારે જમવા જવાનું હતું, તેથી જમીને હમણાંજ આવ્યો છું; અને હવે મારે ઘેર ખાવા જવાનું નથી. હું ના કહીને આવ્યો છું. તો તમારી ખુશી હોય તો લઇ આવો. લ્યો આ પાવલી, પણ જલદી આવો.

જુઠાલાલ—અરે ! હમણાં આવું છું, પાંચ મીનીટ પણ નહીં લાગે.

(જુઠાલાલ દારૂ લેવા જાય છે)

મોતીલાલ—(સ્વગત) અહાહા ! દારૂમાં ગુણ તો ખરો, કારણ મારી બ્હેનના લગ્નના દીવસે, આમ તેમ આથડયાથી પગમાં કેવા ચસ્કા આવતા હતા; તથા બ્હેનને વૃધ્ધપતિ સાથે પરણાવી તેથી કેવી દીલગીરી હતી. તે પછી દીવાનખાનામાં આવી મદ્યપાન કર્યું કે બધું મટી ગયું, અને જીવ ખુશી થયો. ફકત અમારી જ્ઞાતીવાળા મના કરે છે, એટલોજ વાંધો છે. નહિં તો દારૂ જેવું ઉત્તમ વ્યસન એકપણ નથી. ડાકટરો પણ દવાની અંદર વાપરે છે, તેથી તે લોકોની દવા કેવો ફાયદો કરે છે? ફકત અમારૂં શાસ્ત્ર નીંદે છે; એટલોજ બાધ છે.

(ગીતી)

સરસ દવા આ જગમાં, મદ્ય બરાબર એકે નહીં આવે;
નાશ થાય સહુ દુ:ખો, ઘડીવારમાં સુખજ બતલાવે.
પણ માબાપો મારાં, કરી કઢાપો મુજ મન અકળાવે;
વ્યસનજ છાનુ કરવું, જાહેર કરશું તોજ નહીં ફાવે.

વિદુષક—(સ્વગત) હાં, બેટાજીને સ્વાદ લાગ્યો જણાય છે. (જુઠાલાલ આવે છે)

જુઠાલાલ—લ્યો સાહેબ લાવ્યો.

મોતીલાલ—હા કાઢો (ગ્લાસમાં કાઢી અરસપરસ પીએ છે. પી રહ્યા બાદ દારૂ ખુબ ચઢે છે.)

વિદુષક—(સ્વગત) દારૂ ખુબ ચઢેલો છે; માટે લાભ્યને પેલા જુઠીયાની ફજેતી કરૂં. (એમ કહી જુઠાલાલની કાછડીએ જોડો બાંધે છે. અને રૂશનાઇના ખડીયામાંથી રૂશનાઇ કાઢી જુઠાલાલને કપાળે ઉભુ ટીલુ તથા ગાલે ટપકાં કરે છે દારૂની ઘેનમાં નિચે પ્રમાણે બોલે છે.)

જુઠાલાલ—(ઘેનમાં) મોતીલા–લ–ત–મા–રૂ–લ–ગ–ન–કેમ–નથી–થયું ?

મોતીલાલ—અચ્છા હમેરા લગ્ન થયા હે, હમતો પરણ્યા હે, તુમ જાનતા નહિં ?

જુઠાલાલ—કોને પરણ્યો છે; તારી માને.

વિદુષક—(સ્વગત) વાહરે વાહ ! ઠીક જામી છે.

મોતીલાલ—અચ્છા તુમલોક, હમેરેકુ ગાલીદેતાહે. (એમ કહી શાહીનો ખડીયો છુટો જુઠાલાલને મારે છે. જુઠાલાલ નાસે છે; એટલે વિદુષક નીચે પ્રમાણે જુઠાલાલને કહે છે.)

વિદુષક—(જુઠાલાલ તરફ ફરી લાંબો હાથ કરીને)
(હાંજી મોરે બાલેકા બાલા જોબનવા બટવા ગુથણદે એ રાહ)
હાંજી મારા બેટા હો લાડકા [illegible]યા, લાડવો લેતો જા. લાડ.
નાસે છે શું અલ્યા ઉભોતું [illegible], હેઠળ બેસીને ખા;
બાપને મુકીને બેટા જમે [illegible] દેશનો ન્યા. હાંજી.
થોડો ઘણો તું રેહેવાદેજે; ચાખશે તારી મા, ચાખશે.
લોકોના છોકરાંને બગાડવાનું, ફળ તું જોને આ. હાંજી.

ધીઃકછે તારી માને મુરખડા, જન્મદીયો આહા હા, જન્મ. લાજ ગુમાવી ગાંડો બન્યો તું, શિક્ષા થઇ વાહવા. હાંજી.

(જુઠાલાલ ઘેર નાશી જાય છે. મોતીલાલ પણ દારૂના ઘેનમાં ઉંઘી જાય છે. વિદુષક પણ જાય છે)

પ્રવેશ ૨ બીજો. [સુંદીરપુરી]

સ્થળ ટોકરશીની દુકાન

પાત્ર, ટોકરશી, પછીથી જયચંદ્ર શોનેરી ડોળીવાલો એક માણુસ પછીથી મોતીલાલ આવે છે.

ટોકરશી—(સ્વગત) અહાહા! રાંડ અને છોકરે ઓછું તોફાન કરયું હતું; પણ બંદાને પૈસા લેવા હતા તે લીધા. જુઓને કોઇને ખબર પણ પડવાદીધી છે. [જયચદ્ર આવે છે.]

જયચંદ્ર—શેઠજી જેશ્રીકૃષ્ણ.

ટોકરશી—આવો ભાઇ કોણ છો, અને કયાંથી આવ્યા છો.

જયચંદ્ર—શેઠજી આપનું એક મોટું કામ પડયું છે, અને આપ મોટા ગ્રહસ્થ છો, એમ જાણી આપના ત્યાં આવ્યોછું.

ટોકરશી—શું કામ છે ફરમાવો.

જયચંદ્ર—સાંભળો. અહીંથી ત્રીસ ગાઉ ઉપર ધર્મ-પુર શેહેર છે, ત્યાંના એક લક્ષાધીપતી શેઠનો હું મુ-નીમછું. તેઓ શેઠ યાત્રા કરવા નીકલ્યા હતા; તેઓ યાત્રા કરી રહી હવે, પોતાના દેશ જાય છે. તેઓ આ ગામ નજીકના શળળપુર ગામમાં ઉતર્યા છે, અને આજ સાંજરે અમારો મુકામ અમારા ગામ તરફ રવાના થવા-નો છે. હવે તેઓ યાત્રા કરી આવ્યા, માટે અમારા ગા-મના સરવે લોકને તેઓ બે દીવસ જમાડવાના છે. એ-ટલે આખુ ગામ નોતરવાના છે. તો અમારા ગામમાં સારૂ ચોખુ ઘી, મળતુ નથી; માટે સળળપુરમાં એક માણુસ સારૂ ચોખું ઘી આપવા ઉભો થયો છે; તેથી દોઢશો મણુ ઘી લેઇ જવું છે. હવે અમોયે સાથે છ સાત હ-જાર રૂપિયા લીધા હતા. પણ શેઠજી ઉદાર દીલના તથા ધર્મીષ્ટ હોવાથી તેઓએ સર્વત્ર પૈસો ધર્માદામાં ખરચી નાંખ્યો, ને હવે ઘી લેવાને નાંણુ નથી. તો અમારા શેઠે મને આ સુંદીરપુર શેહેરમાં કોઇ શાહુકારને ત્યાંથી વ્યા-જે રૂપિયા ઉપાડી લાવવાને કહ્યું, એટલે હું સુંદીરૂ પુરીમાં આપનું નામ સાંભળીને આવ્યો છું; તો રૂપિયા ત્રણુ હજાર જોઇએ છીયે; તો તે વ્યાજ લઇ દસ દીવસ ની મુદત માટે આપવા મેહેરબાની કરશો. અમે અમારા ગામ જઇ તુરત રૂપિયા મોકલાવી દઇશું. તે શેઠનું નામ વિઠ્ઠલદાસ ધનજી છે; અને તેમના નામેજ દુકાન ચાલે છે.

બહુ મોટી દુકાન છે લાખો રૂપિયાનો વેહેપાર ચાલે છે; આપ કહેશો તે વ્યાજ આપીશું. પણ મેહેરબાની કરી આટલું અમારૂ કામ કરશો તો અમો તમારા આભારી થઇશું

ટોકરશી—(સ્વગત) આને રૂપિયા આપી મન માન્યું વ્યાજ તો લેઇયે, પરંતુ ઓળખાણ શીવાય શી રીતે અપાય. (પ્રકાશ) સાંભળો ભાઈ, રૂપિયા આપવાની અમારી ના નથી; કારણ અરસ પરસ વેહેપારીઓને એક બીજાનું કામ તો પડેજ; માટે રૂપિયા બેલાશક લેઇ જાઓ, પણ ઓળખાણ શીવાય શી રીતે આપવા તેનો આપ મનમાં વિચાર કરો.

જયચંદ્ર—શેઠજી તમારૂં કેહેવું યોગ્ય છે, પરંતુ પરદેશમાં ઓળખાણ હોય નહીં, તેથી અમારા શેઠે આ તેમના હાથપગનાં સોનાનાં નકકર, કડાં સાંકળાં સાનમાં આપવાને કહયું છે. તે આપ લ્યો. ને અમારો માણુસ અગર હું જ્યારે રૂપિયા લેઇને આવીયે ત્યારે આપજો. બંને નંગ થઇને એકસોને પચીસ તોલા સોનું છે.

ટોકરશી—(સ્વગત) હવે તો કંઇ હરકત જેવું નથી. (પ્રકાશ) બહુ સારૂ લેઇજાઓ; ઓળખાણ શિવાય અજાણ્યા માણુસને રૂપિયા આપ્યા નહીં, માટે ખોટું લગાડશો નહીં.

જયચંદ્ર—શેઠજી એમાં શું ખોટુ લાગવાનુ છે! કંઇ નહીં. પણ વ્યાજ શું લેશો ? તે કહો, એટલે હું

ચોપડામાં ખાતું પાડીઆપું; અને આ કડાં સાંકળાં સાનમાં રાખો.

ટોકરશી—શેઠજી? વ્યાજ બાર આના પ્રમાણે લેઇશું, અને ચાર આના આરતના.

જયચંદ્ર—શેઠજી? કોઇ ભીખારી હોય તેનાપાસેથી પણ આ પ્રમાણે વ્યાજ ન લેવાય, અમોને ભીખારીથી પણ હલકા ગણ્યા!

ટોકરશી—ભાઇ, હું તો હરેક પાસેથી આ પ્રમાણે વ્યાજ લઉ છું; ખુશી હોય તો લેઈ જાઓ.

જયચંદ્ર—શેઠજી તમારી ખુશી. અમારે કયાં વધારે દીવસ રૂપિયા રેહેવા દેવાના છે કે જેથી વ્યાજ વધારે થશે. લાવો ચોપડો ખાતું પાડી આપું, રૂપિયા ગણી આપો; અને આ કડાં સાંકળાં લ્યો.

ટોકરશી—લાવો તેનું તોલ કરી લઉં. (એમ કહી ત્રાજવામાં એક બાજુએ કડાં સાંકળાં અને એક બાજુએ ત્રણ શેરને નવટાંક મુકે છે તો બરોબર થાય છે)

જયચંદ્ર—કેમ શેઠ એકસોને પચીસ તોલા છે કે!

ટોકરશી—હા ભાઇ છે. પણ આ રૂપિઆ શી રીતે લેઇ જશો. કારણ આપનાથી શી રીતે ઉંચકાશે?

જયચંદ્ર—શેઠની ગાડી અને નોકરને લાવ્યોછું.

ટોકરશી—બહુ સારૂ ગણી લ્યો.

(રૂપિયા ત્રણ હજાર રોકડા ગણી આપે છે. જયચંદ્ર ખાતુ પાડી આપે છે. શોનાના કડાં સાંકળાં આપે છે તે લેઇ ટોકરશી પેટીમાં મુકે છે, અને જયચંદ્ર રૂપિયા ગાડીમાં નાંખી રવાના થાય છે.)

ટોકરશી—(સ્વગત) આહાહા! હું કેવો મોટો ધનાઢય છું કે, મારે ઘેર લક્ષાધિપતિ પણ ઘરેણાં મુકી રૂપિયા લેવા આવે છે. જો છોડીના ત્રણ હજાર લીધા, તો બારોબાર અપાયા. વાહ! હવે તો, ભુંગળ વાગવી બાકી રહી છે. (છપન ઉપર)

(કેરબો પૈસા પૈસાની ખુબી ખુબી છેજ ન્યારીરે.)

વાહ બન્યો હું તો હવે, મોટો શેઠ ભારીરે;
મોટો શેઠ ભારીરે થયો આ વારીરે. વાહ. ૧
હજારો રૂપિયાનો વહેપાર, આ દુકાને ચાલે;
મારી બ્હીકેથી હવે તો આખુ ગામ હાલે. વાહ. ૨
પૈસો પૈસો આ દુનિયામાં, સર્વ થકી છે પ્યારો;
મોટા મોટા મારે ઘેર, આવે છે હજારો; વાહ. ૩
દીકરીના પૈસા લીધા તે, શો અવગુણ છે એથી;
ઉલટા રૂપિયા વ્યાજે ફરશે, વધસે નાણાં તેથી. વાહ. ૪
રાંડ, છોકરા સહુ મુરખ છે, નથી સમજતાં કાંઈ.
દશા થશે શી એ સુત કેરી, વધુ વંદુ શું આહી. વાહ. ૫

પણ મોતીયાની બાએ, પેલી વાત કહી હતી તે ખરી છે. કારણ મોતીયો દારૂબાજ છે, તે જો કોઈ જાણશે, અને વધારે વાત ચરચાશે; તો કોઈ રૂપિયા

આપતાં પણ કન્યા નહીં દે. માટે લાવ્યને હુજી કોઇ જાણતું નથી ત્યાં સુધીમાં એનાં લગ્ન કરી નાંખુ. આજ સીતાપુરી ધનજીશા ઉપર કાગલ લખુ કે, સીતાપુરીમાં કન્યાની શોધ કરીને પત્ર લખે. એટલે આ બે ત્રણ માસમાં લગ્ન કરી નાંખું. રાંડ સાચી વાત કહે છે. લોક જાણુશે તો કન્યા નહીં આપે. રાંડ સમજુતો છે. (કાગળ લખી ટપાલમા નાંખે છે. મોતીલાલ આવે છે)

મોતીલાલ—પિતાજી, પેલા હરીલાલ બ્રાહ્મણ પાશે; આપણું કંઇ લેહેણું છે?

ટોકરશી—હા. છે ભાઇ, કેમ પુછવું પડયું.

મોતીલાલ—તે અને તેની બાયડી બંને સાથેજ. એક કલાકની અંતરે પ્લેગના રોગથી મરણ પામ્યાં.

ટોકરશી—હાય-હાય-શું કહે છે, એની પાસે તો આપણા હજાર રૂપિયા લેહેણા છે. ગજબ થયો, એને છોકરો એ નથી ને હવે રૂપિયા કયાંથી આવશે. એના ઘરનું તો હવે એકે માણુસ ના રહ્યું કે એના પાસેથી રૂપિયા લઇએ પણ મોતીલાલ એનું ઘર આપણે કબજે કરી લઇએ, માટે ચાલ.

મોતીલાલ-

(થયા છોરે પતિ તેજ પ્યારી તનના એ શાહ્ર)

હવે મુકોને આશ પિતાજી રૂપિયા શર્વ ગયા.
રૂપિયા શર્વ ગયા પિતાજી. હવે. ૧

ભાડાના ઘરમાં તે રહેતો હતો, સુણો હે તાત;
નથી કાંઇ, ઘર માંહી, કહું ત્યાંહી,
સત્યવચન કહું પિતા મારા, દીલગીર કેમ થયા. હવે. ૨
માટે હવે જઇ શું કરશો, અરે પિતા આવાર;
કહું વાત, ખરે ખાત,
એમ જાણજો, હજાર રૂપિયા નક્કીજ નહોતા રહ્યા. હવે. ૩

ટોકરશી—અરેરે! મોતીલાલ! હાય! હાય! હજાર રૂપિયા ગયા! મારા બાપ હવે કેમ થશે. (બેભાન થઇ પડે છે.)

મોતીલાલ—પિતાજી, દીલગીર શા માટે થાઓ છો? આમ ગભરાઈ જાઓ તે ઠીક નહીં. રૂપિયામાં શું! આપણે હયાત હઇશું તો કાલ પેદા કરીશું. જાણે એક વરસ વેહેપારમાં નહોતા કમાયા. ચાલો હવે ઘેર, જમ્વાનું થયું છે.

(મોતીલાલ ટોકરશીને ઘેર લેઇ જાય છે.)

પ્રવેશ ૩જો. (સીતાપુરી)

સ્થળ ધનજીનું ઘર.

પાત્ર–સીતા, અને પછીથી ધનજીશેઠ.

સીતા—(સ્વગત) અરે આ દુષ્ટ પિતાજી! ફકત

પૈસાના લોભેજ તમે મને અંધારા ખાડામાં નાંખી. તમે મારી જીંદગીનો કાંઇ વિચાર નહીં કરતાં, નિર્માલ્ય થઇ ગયેલા; વૃદ્ધ સાથે મને પરણાવી. હવે મને સંસાર સુખનો લ્હાવોજ શો? મને વિદ્યા દેવીનુ જ્ઞાન, સંપુર્ણ થયું છે. અને મળેલી કેળવણી પ્રમાણે, મારા સ્વામીની લાંબી મુદત સુધી એક ચીત્તથી શેવા કરવી; અને તેમનું મન રંજન કરવું, એજ મારો મુખ્ય ધર્મ છે. પરંતુ તેમ કરવાનો લ્હાવો મને મળ્યો, એમ લાગતુ નથી; કારણ સ્વામીનાથની વય અધીક થઇ ગઇ છે; એટલે હું નથી ધારતી કે મને તેમની શેવા કરવાનો લાભ વધારે દીવસ મળે. આમાં હું મારા પિતાનો દોષ કાઢું છું, પરંતુ તેમનો દોષ નથી; સર્વ દોષ મારા નશીબનોજ છે. ઉદયભાણમાં કહ્યું છે કે "વિધીયે લખીયા લેખ ટાળ્યા નહીંરે ટળે" મારા પતિ વ્રધ્ધ છે, તેની મને દીલગીરી નથી. પણ ઝાઝા દીવસ તેમની શેવા કરવાનો વખત મને મળવાનો નથી; તેજ દીલગીરી છે. પ્રભુ ઇચ્છા!!! (ધનજી શેઠ આવે છે)

ધનજી—કેમ રસોઇ થઇ કે?

સીતા—હા સ્વામીનાથ! હું તો કયારનીએ રસોઇ કરીને બેસી રહી છું.

ધનજી— (ત્રીતાળ ચોપાઇ.)

સુણ વાત કહું એક પ્યારી, ખાઉ વધામણી હું સારી.

તારા તાતનો પત્રજ આવ્યો, જુઓ કેવો વીચાર જણાવ્યો.
તારા ભાઈ સારૂ આવોરી, જોઇએ કન્યા અરે પ્રીય મારી,
લખી ભલામણ રૂડી રીત, લખે શોધજો કન્યા ખચીત.
સર્વ ખુશી છે સુંદીરપુર, તારી માત સંભાળે જરૂર.
એવો પત્રજ આજે આવ્યો, તેનો સારજ મેં તો જણાવ્યો.

સીતા—શું મારા બંધુના વેવિશાળ માટે પત્ર આવ્યો છે? ત્યારે તો તપાસ કરો.

ધનજી—હા, તે તો તપાસ કર્યો છે. સવારમાં પત્ર આવ્યો તેવોજ વાંચીને હું જયચંદને ત્યાં ગયો હતો; કારણ તેની દીકરી કુંવારી છે. તેથી તેને પુછતાં હા કહ્યું; પણ બે હજાર રૂપિયા માગે છે.

સીતા—અરર સ્વામીનાથ! આપણી જ્ઞાતીમાં કન્યા વિક્રયનો ધારો કેટલો બધો પ્રચલિત થયો છે! શું બે હજાર લેવાના કેહે છે!

ધનજી—એ તો ઓછા છે! આપણી નાતમાં તો હજારે લેખાં છે.

સીતા—(પોતાના પિતાયે પૈસા લીધા છે કે નહીં તે ખાત્રી કરી જોવા સારૂ) સ્વામીનાથ? કંઇ બધા જણ પૈસા લે છે. મારા પિતાયે મારા લગ્નમાં, કેમ તમારા પાસેથી કાંઇ ના લીધુ? જુઓને કૃષ્ણાર્પણ કન્યા આપી.

ધનજી—હવે છાની રેહેને; જાણ્યા તારા બાપને,

કોઇ નથી મુકતુ.

સીતા—શું ત્યારે મારા બાપે તમારા પાસેથી રૂપિયા લીધા છે? સાચુ ના બોલો તો મારા સમ છે.

ધનજી—તું શું જાણે! મ્હાડા ત્રણ હજાર આપ્યા છે.

સીતા—(સ્વગત) હાય હાય! પૈસાએજ દાટ વાળ્યો છે. (પ્રકાશ) ત્યારે મારા બાપ તો મારી માતુશ્રીના મ્હોડે કેહેતા હતા કે, કંઇ લીધું નથી.

ધનજી—તારી બાના મ્હોડે તો એવુંજ કેહેતો! પણ ચાલ ઉતાવળ કર જમી લઉ. કારણ, મુળચંદને જોવા જવું છે. કેહે છે કે તેને આજ બહુ મંદવાડ છે.

સીતા—તેમને શું થયું છે?

ધનજી—પોતાનો માસો થાય છે ને હજી જાણુતીએ નથી કે? મુળચંદને ભગંદર થયું છે.

સીતા—ત્યારે તો હું પણ આજ સાંજની જોવા આવીશ. (ખાવા કાઢે છે ધનજી જમવા બેસે છે)

સીતા—જયચંદને તમે શું કહ્યું? કંઈ ઓછા નહી લે?

ધનજી—એ તો ત્રણ હજારે બાઝયો હતો, પરંતુ પરાણે બે હજારે ઠરાવ્યું છે.

સીતા—ત્યારે સુંદીરપુરી કાગળ લખો કે, કન્યા પણ બે હજાર રૂપિયા કેહે છે.

ધનજી—હું દુકાને જઇને લખીશ. અને કાગળ લખી રહ્યા બાદ મુળચંદને ઘેર જઇશ.

(જમી રહયા બાદ ધનજી દુકાને જાય છે.)

સીતા—(સ્વગત) અરે! શું મારા પિતાયે પૈસાની લાલચે કેવા પ્રપંચ કર્યા છે! મારી માતુશ્રીને કેવુ આડુ અવળું સમજાવીને પૈસા લીધાની વાત છુપાવી. અરે પાપી પિતા! તમને ધીઃક્કાર છે. શું ત્હાડા ત્રણ હજાર રૂપિયાની લાલચે, પોતાની દીકરીને દુઃખ પડશે; તેનો કંઇ પણ વિચાર ના આવ્યો? બસ, હવે એ દુષ્ટ પિતાને ત્યાં, કોઈ દીવસ જવું નહીં. બધુ આયુષ્ય સાસરેજ પુરૂ કરવું. ભાઇના લગ્નમાં પણ જવું નહીં. પણ અરેરે!! પિતાએ પૈસો વ્હાલો કરી મને દુઃખના સમુદ્રમાં નાંખી. અરે! જેમ નીચ લોકો જનાવર પાળી, પૈસાની લાલચે તે જનાવરને કસાઇના ત્યાં આપે છે. તેમ મને બાર તેર વરસ સુધી પાળી, છેવટે પૈસાની લાલચે તમે આવું કામ કર્યુ! અરે! તમે જનાવર વેચનાર નીચથી પણ ભુંડા થયા. કારણ હું તો તમારા પેટનું છોકરૂ હતું.

(બનજારો) તું સાંભળ સહીયેર મારી.)

ધીઃક દુષ્ટ પિતા આવારી, શું કામ કર્યું દુઃખકારી.
પૈસાની તૃષ્ણા રાખી, પુત્રીજ કુવામાં નાંખી;
એ પાપ લાગશે ભારી. શું કામ કર્યું દુઃખકારી. ૧
ધીઃક પુત્રીથી વ્હાલુ ધન, નહીં વિચારીયું કંઇ મન;

કંઇ બ્હીક હૃદય નહી ધારી. શું કામ કર્યું દુઃખકારી. ૨
કરે અરે માત શું મારી, તમ બ્હીક હતી બહુ ભારી;
કરી દીકરીને દુઃખીયારી. શું કામ કર્યું દુઃખકારી. ૩
હવે શુંજ વિમાસણ કરવું, દુ;ખ દીલ વિષે નહી ધરવું;
થશે કર્મે લખ્યુ આવારી. શું કામ કર્યું દુઃખકારી. ૪

(ચાલ હવે જમી લઊ.)

પ્રવેશ ૪ થો. [સુંદીરપુરી]

સ્થળ ટોકરશીની દુકાન.

પાત્ર ટોકરશી, મોતીલાલ, પછીથી હીરાલાલ સોની

ટોકરશી—(સ્વગત) અહાહા!! આજ કાલ કરતાં, વીસ દીવસ થઇ ગયા પણ, પેલા ધર્મપુરવાળા શેઠના ત્યાંથી રૂપિયા લઇને કોઇ કેમ ના આવ્યુ? કારણ તેમનો દસ દીવસનો વાયદો હતો. એક બે દીવસ વધારે થાય, પણ આજ તો લગભગ દસ દીવસ વધારે થયા; માટે રખેને કંઇ કપટ હોય. પણ અરે! હું વાણીયાનો દીકરો થઇને ભુલ્યો! કારણુ તે કડાં સાંકળાં, મેં સોનીના ત્યાં બતાવી ન જોયાં; વખતે બનાવટી પણ હોય. રખેને તે ધુતારોજ હોય! અરે! હવે લાવ શોનીને બોલાવું. (મોતીલાલ આવે છે.)

મોતીલાલ—કેમ પિતાજી શા વિચારમાં બેઠાછો?

ટોકરશી—અરે ભાઇ મોતીલાલ! પેલા ધર્મપુર વાળાને આપણે રૂપિયા આપ્યા હતા, તેનો દસ દીવસનો

વાયદો પુરો થયો, અને આજ તો વીસ દીવસ થવા આવ્યા; છતાં રૂપિયા ભરવા આવ્યો નહીં. માટે રખેને તેમાં કંઇ કપટ હોય! કારણ તે કડાં સાંકળાં લેતી વખતે મેં ચોકસીને બતાવી જોયાં નહોતાં. વખતે બનાવટી પણ હોય. માટે તું જલદી જા; અને હીરાલાલ સોનીને બોલાવી લાવ.

ગીતી.

સોનીને બોલાવા, પુત્ર મારા જા જલદી આજે;
તેડી લાવ ઝટ અહિંયાં, કડાં સાંકળાં તપાસવા કાજે.
રખે કપટ કંઇ હોયે, અરે પુત્ર હું વણીકતણો કાચો;
તપાસ કરીયે તેનો, છે દાગીનો જુઠો કે સાચો.

મોતીલાલ—સારૂ પિતાજી, બોલાવી આવું છું. (જાયછે)

ટોકરશી—[સ્વગત] અરેરે પ્રભુ! તે વખતે મને કંઈ પણ વિચાર ન આવ્યો! અને એકદમ રૂપિયા ગણી આપ્યા. વખતે દાગીના જુઠા નીકળશે તો શી વલે! હાય હાય! તે વખતે મારૂ ભાન કયાં બળી ગયું હતું! વ્યાજની લાલચે કંઇ પણ વિચાર ના કર્યો!

[મોતીલાલ તથા હીરાલાલ સોની આવે છે.]

હીરાલાલ—કેમ શેઠજી શું કામ છે?

ટોકરશી—હીરાલાલ? લ્યો આ સાંકળાં કડાં, તપાસો! કેટલા રૂપિયાની કીંમતનાં હશે?

હીરાલાલ—(તપાસી જોઇ) અરે સાહેબજી! શું

મારી મશકરી કરો છો ? અમે સોની લોક થઇને આટલુ નહિં જાણુતા હઇયે ! આતો પીતળ ઉપર સોનાનો ગીલેટ છે; આશરે રૂ ૧૦) ની મતા છે.

ટોકરશી—(બે શુદ્ધ થઇને પડે છે) હાય ! હાય ! ઓ પ્રભુ હવે શું કરૂં ! અરેરે શયો ગજબ થયો !

મોતીલાલ—હીરાલાલ ભાઇ! હવે આપ જાઓ. (હીરાલાલ જાય છે)

ટોકરશી—ઓ મારા બાપરે ! ઓ ભાઇ મોતીલાલ! શો ગજબ !

મોતીલાલ—(ટોકરશીને સુદ્ધીમાં લાવીને) પિતાજી! આમ શું તરછટ ગાંડાતુર જેવા બની જાઓ છો; હશે, નશીબમાંથી ઉતર્યા તો ગયા; એમાં દીલગીર શા માટે થાઓછો. લાવો ચોપડો હું ધર્મપુર જાઉ; અને રૂપિયા લઇ આવું.

ટોકરશી—અરેરે ભાઇ ! એ તો ધુતારો હશે! હાય ! હાય ! નક્કી ધુતારો મળ્યો; રામ જાણે કયાએ ગામનો હશે.

મોતીલાલ—[મને સ્હાય કરશે મોરારીરે. એ રાહ)

કેમ ચીંતા ચાતે બહુ ધારીરે, છોડો શોક તમે આવારી;
ઉદાશી ટાળી, હવે મનવાળી, રહો તાત ધીરજને ધારી.
ધર્મપુરીમાં જાઉં અત્યારે, કરૂં તપાસજ ભારી;
આવડો શો, શોક રાખો; રજા આપો હવે તો વિચારી. કેમ.

પીતાજી મને રજા આપો, હું ધર્મપુરમાં જઇ આવું. જઇને તપાસ કરૂં કે વીઠલદાસ ધનજી નામનો કોઇ વણીક ત્યાં રહે છે.

ટોકરશી— જા ભાઇ! પણ સાથે માણુસ લેઇ જજે, તથા તારા મામાની ગાડી માગી લેઇ જજે.

મોતીલાલ—સારૂ પિતાજી જાઉં છું. (મોતીલાલ જાય છે)

ટોકરશી— (સ્વગત) અરેરે પ્રભુ! મારા ઉપર એકદમ આટલો બધો જુલમ કેમ ગુજારવા માંડયો? પેલો હરીલાલ બ્રાહ્મણ મરી ગયો, તે હજાર રૂપિયા ગયા; તથા આ પાછી ત્રણ હજારને ઘેર બેઠી. અરે! મને સાંભળી આવ્યું. મોતીલાલની બા મને શીખામણ દેતી હતી કે, દીકરીનો પૈસો લેશો તો નહીં પચે. તે ખરે! એમજ થયું. અને ઉલટા હજાર રૂપિયા વધારે ગયા. હાય! હાય! મેં પ્રથમ તેનું વચન ન માન્યું. પૈસા લીધા તે હાથમાંતો કશું રહ્યું નહીં, પણ ઉલટી દીકરીને દુઃખમાં નાંખી! અરેરે! તે વખતે હું કંઇએ સમજયો નહીં. અરે! લોભના લીધે, મોતીલાલના તથા તેની બાના આગળ જુઠું બોલ્યો કે, રૂપિયા લીધા નથી; પણ હાય! હાય! મારૂં પાપ મનેજ લાગ્યું. અરે! હવે હું શું કરૂ! ઓ સ્ત્રી! મેં પ્રથમ તારૂ વચન માન્યું હોતતો, મારી આ દશા થાત નહીં.

(રાગ માઢ, અમલામાં રેન ગુમાઇરે એ રાહ)

શું વીમાસણ કરૂં હાયરે, મને ચીંતા અતિશય થાય.
મારૂ દીલડુ બહુ દુઃખાયરે. મને.

પ્યારી મારી વચનજ તારૂં, ધ્યાને ધર્યું નહીં હાય;
પસ્તાવો હવે પુરણ પામું, થર થર કંપે કાયરે. મને.
પાણી પીને ઘર પુછયાથી, સરે નહિ કંઇ કાજ;
તેની પેઠે મેંજ કર્યું છે, ખબર પડી છે આજરે. મને
પારખું જોયું હાય હવે મેં, સર્વ ગયું આ વાર;
ઉલટી ખોટ ગઇ તે સાથે, થયો હવે લાચારરે. મને
આશા મુકી મેં તો તેની, આવશે નહિ હવે દામ;
દાગીના જુઠા દેખીને, ગઇ મુજ સર્વે હામરે. મને

અરેરે! હું શું કરૂં! હવે ચીંતા કરવાથી કાંઈ વળવાનું નથી, અને લોક જાણુશે તો મને મુર્ખ બનાવશે; માટે હવે ધીરજ ધરી ધંધો કરવો. અરે! મેં તે વખતે પૈસાના લોભમાં, સ્ત્રીનું કહ્યું નહીં માનતાં; મારી એકની એક દીકરીને વૃદ્ધ સાથે પરણાવી. અરેરે! તે બીચારી સાસરે જઇ શું સુખ ભોગવતી હશે! કંઇજ નહિ. પણ અરે! તે છોકરી, અંતઃકરણના નિશ્વાસ નાંખી મને શ્રાપ આપશે, તે શ્રાપ મને લાગ્યા વિના રહેશેજ નહિ. શું કરૂં? ચાલ હવે જરા સુઇ જઉં.

પ્રવેશ પમો. (સીતાપુરી)

સ્થળ મુળચંદનું ઘર.

પાત્ર—મુળચંદ એકલો.

મુળચંદ—(ખાટલામાં સુતો સુતો સ્વગત) આહાહા! પ્રભુ! મેં તે એવાં શાં પાપ કર્યાં છે કે, મને આવું ભગંદર જેવું દુખ આપ્યું. અરેરે! એક માસથી હું અતિશય હેરાન થાઉં છું. પ્રભુ! આ થકી મને મર્ણ આપ, જેથી દુઃખમાંથી છુટું; હવે તો આ દુઃખ સહન થતુ નથી. અરેરે ઇશ્વર! મેં શો ગુન્હો કર્યો?

(આકાશ વાણી.)

(ગીતી)

"परपुत्रीने जे जन, दलाळी लेई दुःखमां नंखावे."
बहु पीडया ते पामेः सुख कदि ते नरने नहिं आवेः
तथा मीत्रथीं जे नर, दई विश्वास जग कपट जाल रमसे.
थाय दशा आ तेनी, दुःख तणा सागरमां ते भमसेः

અહાહા! આ શબ્દ ક્યાંથી થયો! અરે! મેં બસો રૂપિયાના લોભે ભણેલી ગણેલી સકુમાર બાળાને, વૃદ્ધ પતિ સાથે પરણાવી. અરે! તે બીચારી સાસરે જઇને શું મુખ ભોગવતી હશે! કંઇજ નહી. પણ ઉલટી તે નિશ્વાસ નાંખતી હશે; તેનું પાપ મને લાગ્યું. ખરે ભુલ્યો! મારે આવી ખટપટમાં પડવું-

જ ના જોઇએ. પણ આકાશવાણીની બીજી કડીમાં મેં એવું સાંભળ્યું કે, મીત્રથી કપટ રમશે; તેની આ દશા! ખરે! મેં તે પણ પાપ કર્યું છે; કારણ પોતાના મીત્રનામાંથી પણ રૂપિયા બસો ખાધા. અરે! મને ધીઃક છે! મેં ઘણું અઘોર કર્મ કર્યું; પારકી છોડીને કુવામાં નંખાવી!

(દશા આ શી થઈ મારી; કરમની છે ગતિ ન્યારી એ રાહ).

અરે આ શી દશા મારી, કર્યું મેં પાપ તો ભારી. અરે.
પર પુત્રીને હાય મેં, નાંખી દુઃખ મોઝાર;
કૃત્ય કર્યું મેં તો બુરૂ, સમજ્યો નહિં કંઇ સાર.
નિસાસા તેહના ભારી, પડયા મુજનેજ આવારી. અરે.
વળી કપટ મેં તો કર્યું, મીત્ર થકી આ વાર;
અરે હવે હું શું કરૂં, બની ગયો લાચાર.
થયો અપરાધી તો [illegible], પ્રભુ કર સ્હાય તું મારી. અરે.
દઉં શીખામણ સર્વને, સમજી લ્યો આ સાર;
કૃત્યજ આવુ ના કરો, કહુ છું હું નિરધાર.
પડયુ દુઃખ તો મને ભારી, સમજજો શીખ આ મારી. અરે.

અરેરે પ્રભુ! હવે તો મને જલદી બોલાવી લે; કારણ આ દુઃખ હવે મારાથી બીલકુલ સહન થઇ શકતુ નથી.

(મુળચંદની વાચા એકદમ બંધ થઇ જાય છે. અને સ્વાસ ઉપડી પા કલાકની અંદર, ખાટલામાંને ખાટલામાં દેહ પડી જાય છે. અને તેનો અમર આત્મા, પુન્ય પાપનો હીશાબ આપવા, કર્ત્તા પાસે રજુ થાય છે.

પ્રવેશ ૬ ઠો.

(સ્થળ ટોકરશીની દુકાન. (સુંદીરપુરી)

પાત્ર-ટોકરશી, મોતીલાલ, પછીથી તેના સદગુણી મીત્રો.

બાદ—દીવાળી તથા બીજાં સગાંવ્હાલાં.

ટોકરશી—(સ્વગત) અરેરે! દશા ચારે તરફની બેઠી; કારણ સીતાપુરીથી પત્ર આવ્યો છે કે, મુળચંદ ભગંદરના દરદથી મરણ પામ્યો, તથા ધનજીશાને ક્ષય રોગ થયો છે, તેથી ખાટલામાં છે. માટે ધનજીશાને જોવા માટે કાલ સીતાપુરી જવું પડશે. પણ હજુ સુધી બે દીવસ થયા, પણ મોતીલાલ કેમ ના આવ્યો?

(મોતીલાલ આવે છે.)

ટોકરશી—કેમ ભાઇ આવ્યો?

મોતીલાલ—હા પીતાજી. પણ સાંભળો.

(લાવણી. મુજ ઉપર ગુજરી. એ રાહ.)

હે પિતા માહરા સત્ય કહું આ વાર;
જઇ આવ્યો હું તો ધર્મપુર મોઝાર. ૧
કર્યો તપાસ મેં તો ગામ મહી તો ભારી;
નથી વિઠ્ઠલદાસજ. ધનજી કો આ વારી. ૨
અરે તાત, ધુતારો હશે એહ કહુ સાચુ;
મેં શોધ કર્યામાં નથી રાખીયુ કાચુ. ૩
હવે મન વાળીને રહો પિતા આ ઠાર;

નહી કરશો ચીંતા ચિત્ત મહીજ લગાર. ૪
દીલગીરી ત્યાગી ધરો દીલમાં હામ;
ચીંતા કરવાથી નહિં આવશે દામ.

ટોકરશી—હાય હાય! હું તો કયારનોએ જાણતો હતો કે મને ધુતારો મળયો.

મોતીલાલ—પીતાજી શોક અને ચીંતા કરીશું તો કંઈ આપણા રૂપિયા પાછા આવશે નહીં.

ટોકરશી—ના ભાઇ હુ કયાં ચીંતા કરૂં છું. હું તો કયારનોએ મન વાળીને બેઠો છું. હશે! વેહેપાર કરવા બેઠા તો એમ હોય. પણ ધનજીશા માંદા છે, એવો સીતાપુરથી કાગળ આવ્યો છે. માટે હું કાલ તેમને જોવા સીતાપુર જવાનો છું.

મોતીલાલ—શું પિતાજી ધનજીશા માંદા છે?

ટોકરશી—હા ભાઇ, કાગળમાં તો એમ લખ્યું છે કે ક્ષય રોગ થયો છે.

મોતીલાલ—સારૂ પિતાજી ત્યારે કાલે જજો.

ટોકરશી—(સ્વગત) મ્હારે કાલ સીતાપુર વેહેલુ પરોઢીયામાં જવું છે, માટે લાવ આજ ઘેર સુઇ જવા જાઉં. કારણ ઘેરથી વેહેલા ઊઠી દાતણ પાણી કરીને બારોબાર જવાય પણ દુકાન સુની રેહેશે; માટે મોતીલાલને અહીં સુવાનું કહું. તેમ કરવામાં પણ ફાયદો નથી; કારણ તે દારૂબાજ છે, માટે તેનો ભરૂસો કેમ

રખાય. ફીકર નહીં, પૈસો ટકો તો ઘેર છે. ફક્ત ચોપડા છે, તે ચોપડાને શું કરશે? (પ્રકાશ). ભાઇ મોતીલાલ! આજ હું ઘેર સુઇ જવા જાઊંછું, કારણ વેહેલો ઊઠી બારોબાર જઇશ; માટે આજ રાત્રે, તું અહીં આપણી દુકાનમાં સુઇ જજે.

મોતીલાલ—સારૂં પિતાજી. (ટોકરશી જાયછે)

મોતીલાલ—(સ્વગત) અહાહા. પ્રભુ! તારી ગહન ગતી છે! જો કોઇ માણસ પાપ કરે છે તો તેનો બદલો તું થોડી મુદતમાં બતાવે છે. અરેરે! મ્હારા પિતાજી એ મ્હારી બ્હેનના રૂપિયા લીધા. તો તેનું પારખું તે ઘણી થોડી મુદતમાં બતાવી દીધું. વખતે મ્હારા પિતાયે કદી બે હજાર અગર હડી હજાર રૂપિયા લીધા હશે; પણ આ એકદમ ચાર હજારના ઘેર બેઠી. કારણ ત્રણ હજાર પેલો ધુતારો ઘાલી ગયો. અને એક હજાર હરીલાલ બ્રાહ્મણને ધીર્યા હતા તે ગયા. અને હજી શું થશે! તે કંઇ કહી શકાતું નથી. અરે પરમેશ્વર તને ધન્ય છે! કે આ કલીયુગના વખતમાં તું માણસને પ્રત્યક્ષ પારખાં બતાવે છે. અહાહા! શી તારી લીલા.!

(તંતો ઘટમાં ઘર કીધુ વાલમ વરણાગીયારે)

અહ જગદીશ્વર કેવી છે તારી ગહનગતીરે. ગહનગતીરે, તારી. અ.
કરણી તેવી પાર ઉતરણી, સુખદુઃખ સહુકો પામે ધરણી;
લીલા તારી કળી અમોથી નથી જતીરે, અહ. ૧

મુજ તાતે તો ગજબજ કીધો, પુત્રી આપી પૈસો લીધો;
દંડજ તેને દીધો, કરી તેં શી ગતીરે. અહ. ૨
ધન્ય! પ્રભુ છો સુખના દાતા, સકળ જગતમાં છો પ્રખ્યાતા;
તુજ ગુણગણુવા તણી નથી મુજમાં મતીરે. અહ. ૩
અજબ ખુબી છે ઇશ્વર તારી, પાર ન પામે કો સંસારી;
કરે જે ભક્તિ તારી પામે સુખ અતિરે. અહ. ૪

હવે ચાલ સંધ્યાકાળ થઇ ગઇ, માટે દુકાનમાં બત્તી સળગાવું. (બત્તી સળગાવી રહ્યા બાદ)

આજતો કંઇ જમવાની રૂચી નથી. પિતાજીને કહ્યું છે કે, મારે વાળુ કરવું નથી; માટે મારી રાહ જોશો નહીં. હું હવે ઘેર નહીં આવું, એવું કહયું છે. તેથી આજ છાંટા પાણીની સારી લ્હેજત આવશે. આજતો ધર્મપુરીથી આવતી વખત, રસ્તામાંથી બાટલી લાવ્યોછું; તે હમણાં કલાક રહીને ઊડાવીશું. પ્રાણુલાલ, છગનલાલ, સુંદરલાલ આવે છે.

મોતીલાલ—આઇયે મીસ્ટર.

પ્રાણુલાલ—હા ભાઇ મોતીલાલ. ખુશીમાં છોને ?

મોતીલાલ—આપ સર્વે ખુશીમાં છોને ?

પ્રાણુલાલ—હા, કેમ મીત્ર આજ બે ત્રણ દીવસથી જણાતા નહોતા ?

મોતીલાલ—ભાઇ હું ગામડે ઊઘરાણી ગયો હતો, તે આજેજ આવ્યો.

સુંદરલાલ—ઠીક ભાઇ મોતીલાલ, પણ આપને

મારે એક ઠપકો દેવાનો છે તે ખોટું ના લગાડો તો કહું.

મોતીલાલ—શું ભાઇ કહોને? આપ કેહેશો તેમાં શું ખોટું લાગવાનું છે.

સુંદરલાલ—મ્હારો જીવ દુઃખાયછે ત્યારે હું આપને કહું છું. મેં એવી વાત સાંભળી છે કે આપ પેલા જુઠીયાની સોબતે ચઢી મદ્યપાન કરો છો; તે સાચી વાત છે?

પ્રાણલાલ—હા ભાઇ! મેં પણ એવું સાંભળ્યું છે ખરૂં.

મોતીલાલ—હું આપના પાસે કોઇ દીવસ જુઠું બોલવાનો નથી; હું તે વ્યસન કરૂં છું; કારણ તેણાં મને ફાયદા માલુમ પડયો.

સુંદરલાલ—હર-હર-હર! ભાઇ આ શું કહો છો! અહો! આપના અંતઃકરણમાં દુર્વ્યસન કરવાનો વિચાર કોણે ઠસાવ્યો?

મોતીલાલ—ભાઇ તેમાં દુર્વ્યસન શું? ફાયદા-કારક છે માટે પીઉ છું.

સુંદરલાલ—અરે મિત્ર આપ ભુલો છો. તે વ્યસન ફાયદાકારક છેજ નહિં. તેના જેવુ ઝેરી વ્યસન દુનિયામાં એક પણ નથી.

મોતીલાલ—ભાઇ! મને ફાયદો પડયો માટે મેં કર્યું.

સુંદરલાલ—

(રાગ ભાવણી. ભભાજી મેં બાલકડી હોતી.)

"સુણો હે ભ્રાત વાત મારી, (૨)
વ્યસન મધુનું આ જગમાં છે અતિશય દુઃખકારી.
વ્યસન એ જે જનને વળગે, (૨)
તેના દીલમાં ગુપ્તજ લાહ્યો અહોનીશ સળગે.
ખબર નહિં તે જનને પડશે, (૨)
થોડે થોડે મીત્ર માહ્યરા તે દુઃખ તો નડશે.
આબરૂ લોક મહિ જાયે, (૨)
ઉંચ જ્ઞાતીના થઇને આવુ વ્યસનજ કેમ થાયે.
કરે નહિં વિશ્વાસજ કોઇ, (૨)
કેહેશે આ તો છે છટકેલો સર્વ આબરૂ ખોઇ.
વળી સહુ લોક કહે ગાંડો, (૨)
મીત્ર માહ્યરી શીખ સુણી એ વ્યસન હવે છાંડો.

માટે મ્હારા વ્હાલા મીત્ર! એ વ્યસન તમે કર્યું તો કર્યું; પણ હવે તેનો ત્યાગ કરો.

પ્રાણલાલ—હા ભાઇ મોતીલાલ! સુંદરલાલ સર્વ સાચુ કહેછે, માટે તે ઝેરી વ્યસનનો જલ્દી ત્યાગ કરવો-જ જોઇએ.

મોતીલાલ—ભાઇ તમે પણ આવા વ્હેમી ક્યાંથી થઇ ગયા! મને તો તેમાં ફાયદો લાગેછે; જુવોને તેદીવસે મને આંગળીયે કેટલી ઇજા થઇ હતી; તે થોડો પીધો

કે તુરત વેદના મટી ગઇ. અને મીઠી ઊંઘ આવી.

સુંદરલાલ—પણ ભાઇ! તે પીયે છીયે એટલે તેનો જ્યાં સુધી નીસો રહે, ત્યાં લગીજ જરા ફાયદો; કારણ ઘેનમાં કંઇ દુઃખ માલુમ પડેનહીં; પણ પાછળથી બહુ અવગુણ કરેછે. વળી આપણા શાસ્ત્રકારો પણ લખે છે કે નહીં પીવો જોઇએ.

મોતીલાલ—શું યાર! શાસ્ત્રકારોની વાત કરોછો! એતો એક બકરૂં કુવામાં પડયુ, એટલે તેની પાછળ બીજું પણ પડે; પરંતુ એમ વિચાર ન કરે કે તેના વાદે પડીએ છીયે, પણ મરી જઇશું. તેમજ એક જણે દારૂ ના પીધો, એટલે બધા જણાયે ના પીધો; કારણ જેણે દારૂનું વ્યસન નહોતુ કર્યું; તેણે સર્વને કહ્યું કે ભાઇ દારૂ પીધામાં અવગુણ અને દોષછે માટે ના પીવો. એટલે આપણા લોકો ઝાલી પડયા; કે નાજ પીવો. અને પીધા વિના ગુણ અવગુણની પરિક્ષા પણ શીરીતે પડે. નહિતો જે દારૂનું વ્યસન કરતા હશે, તેમને પુછી જુવો કે દારૂમાં ફાયદો છે કે નહીં. આમજ આપણા હીંદુલોકોની પડતી દશા આવી; કારણ કેહેશે અમારા બાપદાદા ના કરતા હોય, તેહમે કેમ કરીયે. પેલા ઘેટાની પેઠે એક ઘેટું કુવામાં પડયું એટલે બીજુએ પડે; તેમ અમારા બાપે કર્યું તે અમે પણ કરવાનં; પણ કાંઇ ફાયદા ગેરફાયદાનો વિચાર કરવો કે નહીં. જુવોને! ઇંગ્રેજ લોકો કેવા ચડતી પા-

ચઢીયે આવી ગયા. કારણ તેઓ જે ફાયદો પડે, તે ધં-ધો કરવા લાગ્યા. પોતાના બાપ કરતા તે પ્રમાણે પોતાની મરજીમાં આવેતો કરે; નહીતો ન કરે. માટે તેઓ ઉંચે દરજે ચડયા. તમે દારૂ પીધામાં અવગુણ કહોછો, ત્યારે આગળના વખતમાં યાદવો, રજપુતો, વિગેરે દારૂ પીતા હતા, તેઓ શું સુખે હતા?

સુંદરલાલ—અરે ભાઇ! ત્યારે જુવોને યાદવ લોકોની કેવી દુર્દશા થઈ. દારૂ પી માંહોમાંહે કપાઇ મુવા. રજપુતો પણ દારૂ પીને પોતાનું રાજ ગુમાવી બેઠા. આપણા ઈતિહાસમાં પણ વાત છે કે, શીકંદર રાજા કેવો સુરો હતો; તોપણ દારૂના વ્યસનથી તેના પ્રાણ ગયા. જુઓને! રાણકદેવી રાખેંગારની વારતામાં દારૂના પીધાથીજ તેના રાજ્યની પાયમાલી થઇ; અને પોતાનો પ્રાણ ગયો. માટે હવે ઝક મુકી, એ દુર્વ્યસનથી અળગા રહો તો ઠીક.

મોતીલાલ—નહિં, નહિં, ભાઇ! મને તો એ વ્યસનમાં ફાયદો માલુમ પડયો છે; માટે હું તો કદાપી કાળે એ વ્યસન મુકવાનો નથી. બેસો હું જરા નીચેથી પાણી પી આવું. (જાય છે)

સુંદરલાલ—ભાઇ પ્રાણલાલ! આતો વાત હવે છેક બગડી ગઇ છે. એના અંતઃકરણમાં દારૂના વ્યસને

મજબુત પાયો બાંધ્યો છે; માટે તે કદી કાળે માનવાનો નથી. હવે શ્યો ઉપાય કરવો?

પ્રાણુલાલ—હા ભાઈ સુંદરલાલ. એના બોલવા ઉપરથી જણાય છે કે, એ કદીકાળે માનવાનો નથી. માટે હવે તો છેવટનો એજ ઉપાય કે, તેને તાપ દઇને કેહેવું કે, જો તું આ વ્યસન નહિં છોડે તો અમે તારી મીત્રાઇ છોડી દઇશું; એવું હવે તો કેહેવું. કેમ તમને પસંદ છે?

છગનલાલ—હા, તેને મ્હોડે સ્પષ્ટ કેહેવુ કે, તમે એ વ્યસન છોડતા નથી, અને તમારી જોડે અમો હમેશાં રહીયે છીયે, તેથી લોકોમાં અમારૂં પણ નામ ગણાય છે; માટે તમે હવે એ વસ્તુનો ત્યાગ નહીં કરો તો આજથી તમારી અને અમારી વચ્ચે જે મીત્રાઇનો હક રેહેલો છે, તે તુટયો સમજજો. કારણ નઠારાની સોબતમાં કોઇ દીવસ ગેરલાભ થયા વિના રહેજ નહી. કેહેવત છે કે 'સોબત તેવી અસર.'

સુંદરલાલ—મી૦ પ્રાણુલાલ? છગનલાલ ઠીક કહે છે, માટે હવે મોતીલાલ પાણી પીને આવે એટલે એવુંજ કેહેવું; જાઓ પ્રથમ મારે વાત ઉપાડવી.

છગનલાલ—તેમાં શું? કેહેશો તો હું પેહેલો કહીશ. (મોતીલાલ આવે છે.)

સુંદરલાલ—મી૦ મોતીલાલ? હું તમને આ છેલ્લા

શબ્દ કહું છું, તે આપ મ્હેરબાની કરીને સ્વીકારશો. જુઓ! દારૂનું વ્યસન અતી દુઃખકારક છે; તેનો તમે જલ્દી ત્યાગ કરો; નહિં તો પાછળથી પસ્તાશો. તેમ છતાં જો આપ તે વ્યસન ત્યાગ કરવા નહિં માગતા હો તો, આજથી તમારી અને અમારી વચ્ચે જે મીત્રાઈનો હક છે, તે તુટ્યો સમજજો.

મોતીલાલ—ભલે મીત્ર ગમે તેમ હોય; પણ મને જે ચીજમાં ફાયદો લાગ્યો, તે કદી છોડવાનો નથી.

પ્રાણુલાલ—અરે ભાઈ પસ્તાશો! વિચાર કરો.

મોતીલાલ—નહિં, નહિં, ભાઇ! વધારે આગ્રહ કરવાનું કારણ નથી.

સુંદરલાલ, પ્રાણુલાલ, છગનલાલ—સારૂ ભાઇ! તમારી મરજીમાં આવ્યું તે ખરૂં; પણ હવે અમે રજા લેઇએ છીયે; પણ યાદ રાખજો! પુરા પસ્તાશો.

(માર માર શીધરાજ ઉભો જુએ છે શું.)

"પુરા પસ્તાશો ભાઇ હવે જઈએ અમે. જઇએ. પુરા.
એક શીખામણ ઉરે ધરી નહિં; જાઓ જાઓ ઓ ભાઇ તમે. પુરા.
જે કરશે તે ભરશે જગમાં; પોતાનાં કર્મો પોતે ખમે. પુરા.
છેલ્લી સલામ છે હવે અમારી; અમને સંભાળશો કોઇ સમે. પુરા.

(ત્રણે જણ જાય છે.)

મોતીલાલ—સારૂ સારૂ ભાઇ પધારો.

(સ્વગત) શું ત્યારે શાળા કયારના જીવ લેતા હતા ! તમે તો કેહેશો કે કુવામાં પડો, નહીં તો. મીત્રાઇ તોડી નાંખીશું. માટે કુવામાં પડવું ? જાઓ જાઓ! તમારા જેવા દોસ્તદારો ઘણાએ મળશે. લાવ હવે નવ વાગવા આવ્યા; માટે જરા દારૂ પી લઉં. (ખુબ પી ચકચુર થઇ ગાદી તકીયા ઉપર પડે છે. બાદ પાણી પ્યાલામાં લઇ પીયે છે. પાણી પીતાં પીતાં ગ્યાસલેટના સળગતા ખડીયા સ્હામી નજર જવાથી, તે ઝાંખો બળતો હતો; માટે તે ખડીયાને બેભાનમાં નીચે પ્રમાણે કહે છે.)

"અચ્છા સાળા તુમ ઝાંખા કયું જલતા હે; અમારા વચન માનકે બ્હોત અજવાળા કર દયો; નહિં તો માર ખાઓગે.

(દીવો તેવોને તેવો રેહે છે; માટે એકદમ પાણીનું ભરેલું પ્યાલુ હાથમાંથી દીવા તરફ ફેંકયું. બળતા ગ્યાસલેટમાં પાણી પડવાથી એકદમ મોટો ભડકો થઇ, ખડીયો ગાદી તકીયાપર પડે છે. ગાદી તકીયો સળગે છે; તે જોઇ મોતીલાલ ખુશી થાય છે અને કહે છે.

મોતીલાલ—કયું સાળા ! હવે શાન આવી; પેહેલાં કયું ના સમજયા? હવે કયું બ્હોત અજવાલા કીયા. "માર ચઉદમા રતન હે."

(ગાદી તકીયો સળગવાથી મોટો ભડકો થઇ ઘરની બારીયો વિગેરે બળવા માંડે છે; અને એકદમ મોટો

ભડકો થવાથી મોતીલાલ પણ અંદર બળી જાય છે. અને તેનો અમર આત્મા તેના કર્તા પાસે પુન્ય પાપનો હીસાબ આપવા રજુ થાય છે. ઘર અડધું લાગી રહયા પછી લોક જાણે છે, અને સર્વ ભેગા થાય છે. ટોકરશી અને દીવાળી પણ બુમો પાડતાં ત્યાં આવે છે. સર્વ મળી લાગતું ઘર હોલવી નાંખે છે. અંદર જઇ જોતાં મોતીલાલનું સબ બળીને કોઇલો થઇ ગએલું હતું; તથા સર્વ ચોપડા વીગેરે સરસામાન બળી ગએલો હતો. બળેલા સબને જોઇને.)

દીવાળી—હાય હાયરે! મારા બાપ! ગજબ થયો રે! હાયરે! ભાઇ મોતીલાલ તું કયાં ગયો?

ટોકરશી—ઓ ભાઇ મોતીલાલરે! તેં મને દગો દીધોરે! હવે તારૂ મ્હોડુ કયાં જોઇશ.

દીવાળી—

(ઓધવજી સંદેશો કેહેજો સ્યામને એ રાહ.)

હે મમ પ્યારા પુત્ર, ગયો કયાં હાય તું,
આ નિર્ભાગી માત તજી આ વારજો;
નાવી દયા મારી કંઇ દીલમાંરે તને;
ચાલી ગયો શું વ્હાલા હે સકુમારજો. હે મમ. ૧
પ્યારા તુજ વીણ પ્રાણ જશે આ માહયરો,
નહિં રહેવાશે દુઃખ વિયોગજ ભારજો;
ઝુરી ઝુરીને જીવ જશે કહું સત્ય હું;
બોલ જરા મમ પ્રાણ તણા આધારજો. હે મમ. ૧

કોપ કર્યો અગ્નિ દેવા તેં કારમો;
લીધો શાને પુત્રજ મારો હાયજો;
નાવી દયા દીલમાં કંઈ દેવારે તને;
અરર આસંસારજ ખાવા ધાયજો. હે મમ. ૩
કીધો અરે અપરાધજ મેં શો તાહરો;
હે જગદીશ્વર કરીઓ કાળો કેરજો;
દે મુજને તું મર્ણજ પ્યારા હે પ્રભુ;
એટલી મુજપર કરજે જલ્દી મ્હેરજો. હે મમ. ૪

અરેરે ! ઓ મારી આંખ્યોના તારા તું કયાં ગયો ? તારા વીના મારા પ્રાણ શી રીતે રેહેશે ?

ટોકરસી—હાય હાય ! ઓ પ્રભુ ! તેં આવડો બધો કોપ શ્યા માટે કર્યો ? (સ્વગત) અહાહા ! મેં કોઇનું વચન માન્યું નહીં, અને દીકરીના પૈસા લીધા, તેથીજ આ દાટ વળયો. હે પ્રભુ ! પાપનો બદલો મેં અતિશય ભોગવ્યો. અરેરે પ્યારા પુત્ર ! તારૂ કહ્યું પણ મેં ના માન્યું ! હાય હાય ! હવે હું શું કરૂં ? ને કયાં જઉં ?

સ્વરૂપચંદ—ટોકરશી ભાઇ ! ઈશ્વરે ખેલ તો બગાડી નાંખ્યો; બહુજ બુરૂં થયું. પણ હવે મીથ્યા શોક કરે શું થવાનું ? હવે શાન્તી પકડી રેહેશો તોજ રેહેવાશે. માટે છાના રહો. કલ્પાંત કરે મોતીલાલ પાછો આવવાનો નથી. આ પ્રકારે તેનો લેખ હશે.

નાનચંદ—ખરૂં છે ભાઇ ! હવે છાના રહો. ઇશ્વરને

જે ગમ્યું તે ખરૂ; તેમાં આપણો ઇલાજ નથી. ચાલો હવે શબને ઠેકાણે કરીએ; અને દુકાનમાં શું શું બળી ગયું છે, તે સંભાળો.

ટોકરશી—અરે ભાઇ! ચોપડાતો તમામ બળી ગયા છે. શીવાય બીજુ જોખમ અહીં નહોતું.

નાનચંદ—ચાલો હવે ઘરતો હોલવાઇ ગયું છે. માટે શબની દહન ક્રીયામાં રોકાઇએ. હું દહન ક્રીયાનો સરસામાન લઇ આવું. (સર્વે જાય છે ને મોતીલાલના શબને આખર મજલે પોહોચાડે છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ_ધનજીનું ઘર.

પાત્ર. ધનજી. સીતા. પાછળથી સગાં વાહાલાં તથા ડોકટર.

સીતા—સ્વામીનાથ! આજ આપના શરીરને કેમ છે? કેમ કાંઇ બોલતા નથી.

ધનજી—(ખાટલામાં) પ્યારી! આંજ હું બચું એમ મને લાગતું નથી. મારી આંખ્યોનું તેજ કમી થવા માંડયું છે; અને કાને બ્હેરાશ આવી છે; આવી રીતે મારી સર્વ ઇંદ્રીયો સીથળ થઇ છે.

સીતા—હાયહાય! સ્વામીનાથ આ શું બોલો છો!

ધનજી—સાચુ કહું છું. મારાથી હવે પુરૂ બોલી

પણ શકાતું નથી. (સગાંવાહાલાં આવે છે.)

કપુરચંદ—ધનજીભાઇ! આજ આપના શરીરને કેમ છે?

ધનજી—ઠીક છે ભાઇ! મને કાંઇ ઝાઝું બોલાવશો નહીં; કારણ હવે મારાથી બોલી શકાતુ નથી. હું બચુ એમ મને લાગતું નથી, કારણ આજ કાલ કરતાં વીસ દીવસથી ડોકટરની દવા ચાલે છે; પણ કંઇ ફેર પડતો નથી. ફેર પડવાનો હોત તો કયારનોએ પડયો હોત.

કપુરચંદ—ભાઈ પ્રભુ તમને ફેર પાડશે, ગભરાશો નહિં. (ડોકટર આવે છે)

ડોકટર—(ધનજીની નાડ જોઇને) કેમ છે ધનજીભાઇ? આજ તબીયત કેવી છે?

ધનજી—ઠીક છે સાહેબ. (ડાકટર કપુરચંદને ખુણામાં લઇજઇને કાનમાં કહે છે.)

ડોકટર—કપુરચંદ? આજ ધનજીભાઇ એમનાં પુરાં નશીબ હોય તો બચે. આજ માંદગી વિષેસ છે, નાડ તુટવા માંડી છે; હવે બે કલાક માહા મુશીબતે કહાડે તેમ લાગે છે. માટે ચેતતા રેહેજો.

કપુરચંદ—શું કેહો છો સાહેબ!

ડોકટર—હા સાચી વાત છે, આજ હું દવા આપતો નથી; માટે હાલ તો હું જાઉછું. (જાય છે)

સીતા—કપુરચંદ ભાઇ! ડાકટર સાહેબે શું કહયું?

કપુંરચંદ—(ઉદાસ ચ્હેરે) કંઇ નહિં.

કપુરચંદ—(ધનજીને) ધનજીભાઈ! લગાર પાણી પીશો? (ધનજીથી બોલી શકાતુ નથી, ઇસારતથી ના કહે છે. ધનજીની વાચા બંધ થાય છે.)

કપુરચંદ—(એક ઘરડી ડોસીને) મંછામા? આજ ધનજીભાઇને મંદવાડ વિશેષ છે; તમે ઉઠીને જરા બોલાવી જુઓ.

મંછામા—(ધનજીનું શરીર જોઇને) કપુરચંદ? હવે તો જલ્દી ચોકો કરીને ધનજીને હેઠે લ્યો! નહિં તો હમણાં ખાટલામાંને ખાટલામાં જીવ નીકળી જશે. ઉઠો મારા બાપ! હવે ગભરાયે વળવાનું નથી.

સીતા—હાય! હાય! ઓ મારા બાપરે! હવે હું શું કરૂં? અને કયાં જાઉં. મારૂં નશીબ ફુટીગયું.

મંછામા—વહુ? હમણા છાની રહે, કારણ ધનજીનો જીવ ગભરાય છે, પછી રોવાનુંજ છે તો, (ચોકો કરી ધનજીને સુવાડે છે. એકદમ ત્રણ હેડકીઓ આવી તેનો અમર આત્મા કર્તાની પાસે પુન્ય પાપનો હીસાબ આપવા રજુ થાય છે.)

પ્રવેશ ૮મો.

સ્થળ જુઠાલાલનું ઘર.

પાત્ર—જુઠાલાલ, ગાંડાભાઈ, ફજેતખાન, ગમારસિંહ, વિગેરે દારૂડીયા, વાતોના ગપાટા ઠોકે છે. વિદુષક આવી સંતાઇને ઉભો રેહે છે.

વિદુષક—(સ્વગત) આહાહા ! અક્કલના બારદાન તો અહીંજ ભરાયા છે. લાવ સાંભળું તો ખરો કે શી કથા ચાલે છે.

જુઠાલાલ—અલ્યા ભાઈ! કાલ પેલો મોતીલાલ ઘર લાગવાથી બળી ગયો, તે તમે જાણો છો ? મેં જેને આપણી મંડળીમાં દાખલ કર્યો હતો.

ગાંડાભાઇ—હા, હા, ગામમાં બનાવ બન્યો તે કેમ ના જાણીયે.

ગમારસિંહ—અરે ભાઇ ! એ વાત પડતી મેલો ને. પણ આજે છાંટાપાણી કોણ ઉડાવે છે.

વિદુષક—(સ્વગત) પેહેલો અધ્યાય શરૂ થયો !

જુઠાલાલ—અલ્યા ભાઇ ! આજ તો ફજેતખાનનો વારો છે. માટે તે મંગાવશે.

ફજેતખાન—દેખો ભાઇ ! મેરી પાસ પેસા નહીં હે, ગયા બખ્તકા બારા મેં સુરવાળ બેચકે કિયાથા. અબતો મેરી પાસ એસા કપડાભી નહિં હે કે જે બેચકે દારૂ મંગવાઉં.

વિદુષક—(સ્વગત) તુમ બી ખરા કે આટા બેચકે ગાજર ખાયા.

ગમારસિંહ—પણ દેખો ફજેતખાન! અમારી પાસે પણ પૈસા નથી. છતાં અમે ગમે તેમ કરીને અમારો વારો કરીયે છીયે. ગયે વખત મેં મારી બાયડીનો કાંટો વેચીને તમોને છાંટાપાણી કરાવ્યાં હતાં.

વિદુષક—(સ્વગત) તું પણ તેના માથાનો નીકળ્યો. બાપડી બાયડીનાએ ભોગ! કે તારી સાથે પરણી.

જુઠાલાલ—ભાઇ! એ તો વારી આવે, ત્યારે ગમે ત્યાંથી લાવીને પણ કરવું પડે. તમે જાણો છો કે મેં મારા ઘરનો તમામ સરસામાન છાંટા પાણીમાં ખલાસ કર્યો. મારી બાયડી પણ એના બાપને ઘેર જતી રહી, અને આ ઘર પણ દેવાવાળાને લખી આપ્યું છે. છતાં પણ મારો વારો આવે છે, ત્યારે ગમે ત્યાંથી લાવીને પણ છાંટાપાણી ઉડાવું છું.

વિદુષક—વાહરે વાહ! અક્કલના બારદાન! તું બી ખરો!

ફજેતખાન—દેખો ભાઇ! અબતો મેરી પાસ આ પેહેરા હે વો જુના સુરવાળ, ઓર આ ફાટેલા પેહેરણ, અને આ શીરકા ફેંટા હે. દુસરા મેરી પાસ કુછ નહીં. તુમ કેહેતા હો તો ફેંટા બેચકે છાંટાપાણી લાવું.

જુઠાલાલ—હા ભાઇ! લાવવોજ પડશે. પછી ગમે તેમ કરો.

ફજેતખાન—અબ મેં જાતાહું. ઓર ફલાલકે ઇધર ફેંટા મુકકે દારૂ લેકર આતાહું. (ફજેતખાન જાય છે.)

ગમારસિંહ—(જુઠાલાલને) જોયું કે! મીયાંને છાંટાપાણી ઉડાવતાં સારૂ લાગે છે, અને વારો આવે છે, ત્યારે લોચા વાળે છે.

જુઠાલાલ—તે ગમે તેમ કરે, પણ આપણને છાંટા પાણી વિના ચાલે. વાહ! શી તેની ગમત! કયા ઉસકી લહેજત!

ગાંડાલાલ—હા ભાઇ! જેણે દારૂ પીધો નથી તેનો જન્મ વૃથા છે. અરે! એક દીવસ ખાધા વિના ચાલે, પણ એ ગુલાબી પીધા વિના કેમ ચાલે.

(ફજેતખાન દારૂ લેઇને આવે છે.)

ફજેતખાન—દેખો મેં લાયા, અબ ઉડાઓ. (માટીનાં કોડીયાંમાં વારા ફરતી પીયે છે.)

ગમારસિંહ—અહાહા! શી લેહેજત આવે છે. વાહ! જેનું નામ ગુલાબી!

ફજેતખાન—અરે ઇસકી ખુબી ન્યારી હે. અમીર લોક બોલ ગયા હે કે, “જીસ્ને નહિં પીયા શરાબ, ઉસ્કા ખાણા ખરાબ.”

વિદુષક—(સ્વગત) અરે! આતો કુવી પાકયો.

ગાંડાભાઈ—ભાઇ એની ખુબી ન્યારી છે. મ્હોટા મ્હોટા લોક પીયે છે. (દારૂ ચઢે છે,)

ફ્રેજેતખાન—ઉ-ડા-વ-કે-સી-લ-હે-ર-આ-તી-હે.

ગાંડાભાઇ—વા-હુ-ગુ-લા-બી-ગુ-લા-બી !

વિદુષક—(સ્વગત) સાળાઓને હવે દારૂ ચઢયો છે. માટે તેઓની પાસે જઇ લડાવી મારૂ (પાસે જાયછે.)

વિદુષક—કેમ દોસ્તો ! કેમ છે ?

જુઠાલાલ—આ-વ-વિદુ-ષક-અચ્છા-હે-ગુ-લા-બી !

ફ્રજેતખાન—દો-સ્ત-જ-રા-ગા-ના-તો-ઉ-ડા-વ.

ગમાસિંહ—હા-વિ-દુ-ષ-ક-લ-ગા-ર-લ-લ-કા-ર.

(વિદુષક તેમના સ્હામો હાથ કરીને ગાય છે, અને દારૂડીયાઓ નાચે છે.)

વિદુષક—

(હાય હાય કેમ સ્હેશે ઉજેની રંડાપો એ રાહ્‌.)

હાય હાયભાઇ દેખો અજબ આ તમાસા,
દેખો અજબ આ તમાસા; ઢીંચી દારૂને મુર્ખ બન્યા ખાસારે હાય.
કેવા મસ્ત થઇ જુઓ ડોલે, બની ઘેલા ને જેમ તેમ બોલે;
વાહ આવ્યા ગધેડાની તોલેરે. હાય.
વેચી વસ્ત્રને કીધી ઉજાણી, કેવું પીધું શરાબકેરૂ પાણી;
બધી મુર્ખાની મંડળી ભરાણીરે. હાય.
નથી કોડીની કોઇને કમાણી, બધી આબરૂ તે આમાં સમાંણી;
રડે રાંડો એઓનો છેડો તાણીરે. હાય.
જેને તેને કુછંદે ચઢાવે, પાઇ દારૂને પઇસા કઢાવે;

પછી પોતાના જેવા બનાવેરે. હાય.
પ્લેગ દેછે એવાને કેમ જાવા, નથી આવતું મ્હોત ફસાવા;
કેમ ઓછા થતા નથી આવારે. હાય.

પૂજેતખાન—વા–હુ–અચ્છી–કી–ની.

ગાંડાલાલ—શા–બા–શ–દો–સ્ત--શા-બા-શ.

જુઠાલાલ—દે-ખો-ફજેત-ખાન-અ-ચ્છા-બ-ના-યા.

વિદુષક—(પૂજેતખાનના કાનમાં) દેખો તુમકુ જુઠાલાલ એસા બોલતાહે કે ફજેતખાન ગધ્ધા બનગયાહે.

ફજેતખાન—(જુઠાલાલને) અ-બી-સા-લા-તુ-જ કું–મા-ર-ડા-લું-ગા–મે-રે-કુ-ગા-લી-દે-તા-હે.

જુઠાલાલ—અ-લ્યા- બાં-ડા–છા-નો–રે –હે-નહિ-તો હુ–મ-ણુા-મા-થુ–ફો-ડી-ના-ખી-શ.

ફજેતખાન— (જુઠાલાલને મુકી મારીને] લે, અ-બ-લ-તો–જા.

(જુઠાલાલ ગજવામાંથી ચપ્પુ કાઢીને ફજેત ખાનના ગળામાં મારે છે. ફજેતખાન તરફડીયાં ખાતો- જમીન ઉપર પડે છે, અને બે મીનીટ તરફડી તેનો અ- મર આત્મા પાપ પુન્યનો હિસાબ આપવા ખુદાની હજુ- ર જાય છે.)

જુઠાલાલ—(ફજેતખાનના સ્હામુ જોઇ) લે-સા-લા લે-તો-જા-હ-વે-કે-મ-ઝં-પ્યો !

વિદુષક—(સ્વગત) અરેરે! બિચારો ફજેત-

ખાન તો મરીગયો. હવે પોલીસને બોલાવી ત્રણેને પકડાવું. (પોલીસને બોલાવા જાય છે. કોન્સ્ટેબલ તથા કેટલાક સીપાઇઓ આવે છે. ત્રણે જણને પકડી કોરટમાં લેઇ જાય છે. બાદ જુઠલાલને જન્મ ટીપ, અને બીજાઓને ત્રણ વરસની કેદની સજા થાય છે.

પ્રવેશ ૯મો. (સુંદીરપુરી)

સ્થળ ટોકરશીનું ઘર.

પાત્ર—ટોકરશી, દીવાળી, અને પછી તેમનાં સગાં-વહાલાં.

દીવાળી—સ્વામીનાથ! હવે મોતીલાલને ગુજરી ગયે આજ વીસ દીવસ થયા, માટે સીતાપુર જઇ ધનજીની ખબર લેઇ આવો તો સારૂ. કારણ તેઓ શીક છે તેવું સાંભળ્યું છે.

ટોકરશી—હા, કાલ સ્હવારે હું જઇશ. પણ અરેરે! ઇશ્વરે આપણા ઉપર શ્યો જુલમ ગુજારવા માંડયો છે? એકાએક દુઃખ પાછળ દુઃખ આવી પડે છે. હવે તો ઇશ્વર ક્ષમા કરે તો સારૂ.

દીવાળી—પ્રાણનાથ! ઇશ્વરનો આપણાથી કંઇ ગુન્હો થયો હશે. નહીં તો દયાળુ દેવ બીન ગુન્હે પોતાની પ્રજાને આમ એકાએક દુઃખ આપે નહીં. વળી આપે આપણી સકુમાર બાળાને વૃધ્ધ પતિ સાથે પર-

ણાવી તેના સંસાર સુખનું સત્યાનાશ વાળ્યું, તેથી તેના નિસાસાથી ઇશ્વર આપણા ઉપર કોપાયમાન થયા હશે. તો કોને ખબર!

ટોકરશી—હા, એ મારી શાણી પ્રીયા! હવે મારા હૃદયમાં પાપનો બોજો સહન નહિં થઇ શકવાથી તને કહું છું. મેં દુષ્ટે પૈસાના લોભે ફક્ત મારૂજ હીત તાકી રહાડા ત્રણ હજાર રૂપીયાના લોભે મારી એકની એક દીકરીને મેં સંસાર સુખમાંથી બાતલ કરી, તેથીજ ઈશ્વર મારા ઉપર કોપાયમાન થયા હશે. તેવું હવે મને સ્પષ્ટ સમજાય છે. વળી તારી શીખામણ મેં તે વખતે ન માની; છેવટે આ દશા આવી. રહાડા ત્રણ હજાર રૂપીયાના બદલે ચાર હજાર રૂપીયા તણાઇ ગયા. ત્રણ હજાર પેલો ઠગ છેતરી ગયો, અને એક હજાર હરીલાલ બ્રાહ્મણ મરી ગયો તે ગયા; અને આ દુઃખ પડે છે તે જુદું. અરેરે!

દીવાળી—સ્વામીનાથ! મારૂં કહ્યું તમે માન્યું નહી. અને હવે બળાપો કરે શું થાય. મને ખાત્રી હતી કે આપે પૈસા લીધા હતા. (ટપાલવાલો આવે છે)

ટોકરશી—જોને પેલો ટપાલ વાળો આવે છે. કોનો કાગલ આવ્યો; જા લેઇ આવ.

દીવાળી—સ્વામીનાથ લેઇ આવું. (કાગળ લાવે છે)

ટોકરશી—કોનો છે? વાંચ.

દીવાળી—સ્વામીનાથ! પત્રતો સીતાનો છે, અને મારા શીરનામાનો છે. સાંભલો વાંચું છું, પણ હાય હાય! આતો લુગડાં ઊતારીને વાંચવાનો છે.

ઠાકુરશી—એ મારા બાપરે! રખેને ધનજીશાને કાંઇ થયું હોય. વાંચ–વાંચ.

* * *

દીવાળી—(કાગળ ફોડી વાંચે છે.) મ્હારી વ્હાલી **માતુશ્રી** દીવાળીબા! લીઃ તારી દુઃખી દીકરી સીતાના પ્રણામઃ બા! હું-મારા લોભી પીતાના લોભનો ભોગ થઇ પડી છું. અને હું જન્મ સુધીની વીધવા થઇ છું. મ્હારા સ્વામીનાથ ગઇ કાલે દસ વાગે ઘણા દીવસ પીડાઇ સ્વર્ગે સીધાવ્યા છે. તે જાણી તું દીલગીર થશે. પરંતુ તેમાં તારો બીલકુલ દોષ નથી. મારે માટે તેં મારા પીતાને ઘણી વાર સમજાવેલા; અને ઘણી હઠ કરેલી પણ તે લોભી પીતાયે બીલકુલ લક્ષમાં નહીં લેતાં ફકત પોતાના સુખને માટેજ તૈયાર રહી; મને દુઃખમાં નાંખી હતી. તેનાં ફળ તેઓ ભોગવતાજ હશે. અગર નહીં ભોગવતા હોયતો હવે પછી પણ ભોગવશે. પણ માતુશ્રી! નકકી જાણવું કે કન્યાનો વીક્રય કરનાર માંણસ કદાપી સુખી થશે નહીં. વ્હાલીમા!-હવે હું મારા પીતાનું મુખ સ્વપને પણ જોવાની નથી. અને હવે હું સુંદીરપુરીનાં ઝાડવાં, કોઇ દીવસ પણ અવલોકી

હીં. ફક્ત મારૂ ચીત્ત તારા તરફ વધારે દોડે છે; તોતું
ા મારો પત્ર વાંચી, તુરત એક રાત અત્રે આવી મને
વટની મળીજજે; કારણ-મારા સ્વામીની ક્રીયા કરી, હું
ારૂ સઘળું ધન-અને ઘરબાર ધર્માદા કરી, એક
ન્યાસની થઇ, કાશી વિશ્વનાથના મંદીરમાં જઇ; મારૂ
ાયુષ્ય પુરૂ કરીશ. તે તારે નક્કી જાણવું. હવે મને
I દુઃખરૂપી સંસાર ઝેર જેવો થઇ પડયો છે, અને
ર્વ દુનીયાના કર્તા પ્રત્યે મારો ભક્તિભાવ છે; માટે
વે તો હું જરૂર મારા સ્વામીની ક્રીયા પછી જવાની
. તે બાબત તારે દીલગીર થવું નહીં. કારણ સંસારમાં
હી દુઃખ ભોગવવા કરતાં, પવીત્ર ધામમાં જઇ ઈશ્વર
મરણ કરી, આયુષ્ય પુરૂ કરવું; તે મને વધારે પસંદ
. બીજુ ભાઇ મોતીલાલ ગુજરી ગયો, તે જાણ્યું છે.
માં તું દીલગીર થઇશ નહીં. સર્વના માથે મર્ણ તો છેજ.
હેલાં મોડાં સર્વને જવાનું છે; તો પછી દીલગીર
વાનું કારણ નથી. જે મરે છે, તે આ સંસારની
ાધીમાંથી છુટે છે. વ્હાલીબા! હવે વધારે લખી
ાક્તી નથી.

લીઃ તારી દુઃખી દીકરી
સીતાના પ્રણામ.

(દીવાળી મુર્છા ખાઇ નીચે પડે છે. અને એકદમ
તેનો સ્વાસ બંધ થઈ જવાથી, તેનો અમર આત્મા

ક-ર્તાની પાસે રજુ થાય છે.

ટોકરશી—ઓ મારા બાપરે! હાય હાયરે! મને મોત કેમ નથી આવતુ રે! મારા બાપ! ઓ બ્હેન સીતા! તને મેં દુઃખના સમુદ્રમાં નાંખી, તારૂ સત્યાનાશ વાળ્યું. હાય હાય! હવે હું શું કરૂ! કયાં જઉરે મારા બાપ!

(દીવાળીને જોઇને) અરે આ લાકડા જેવી કેમ થઇ ગઇ છે! અરે કોઈ આવો! (સગાંવ્હાલાં આવે છે)

જેશીંગ—કેમ ટોકરશીભાઇ શું છે?

ટોકરશી—અરેરે! ભાઇ! મારી સીતા રાંડીરે મારા બાપ!

મનોરદાસ—હાય! હાય! ગજબ થયો! પણ દીવાળી કાકી આમ કેમ લાકડા જેવાં થઇને પડયાં છે?

ટોકરશી—અરે ભાઇ! એણેતો કાગળ વાંચ્યોને પછાડ ખાઇને પડી છે.

જેશીંગ—અરે મનોર જા! ઊમીયામાને બોલાવી લાવ; દીવાળી કાકીને તપાસે. (મનોર જાય છે ઊમીયામાને બોલાવી લાવે છે.)

જેશીંગ—ઊમીયામા! જુવોને! દીવાળી કાકી કયારનાં પછાડ ખાઇને પડયાં છે, તે લાકડા જેવાં થઇ ગયાં છે. જાણે શરીરમાં જીવજ નથી.

ઊમીયામા—ભાઇ કેમ આમ થયું?

જેશીંગ—સીતા રાંડયાનો કાગળ આવ્યો; તે વાંચીને એકદમ મુર્છા ખાઇને પડયાં છે, તે હાલતાં કે ચાલતાં નથી.

ઊમીયામા—હાય! હાય! સીતા રાંડી? અરેરે! બીચારી ન્હાની બાળ હતી.

મનોરદાસ—ઊમીયામા! જે બનવાનું હતું તે બન્યું; પણ જરા દીવાળી કાકીને તપાસો. (તપાસે છે.)

ઊમીયામા—ઓ મારા બાપરે! આ શું થયું! ઓ ઇશ્વર તું એકાએક કેમ રૂઠયો! હાય હાયરે! આ તો મરી ગઇ મારા બાપ!

ટોકરશી—હાય! હાય! શું કહો છો? અરેરે! હું શું કરૂ? અરે છરી લાવો, મારે ગળે ઘાલીને મરી જાઉં. હાય હાયરે! બધાં મરીગયાં ને હું કેમ જીવતો રહયો. મ્હારા પાપના છાંટા તમામને ઉડયા. હવે મ્હારી શી ગતી થશે! હે દીનાનાથ! હવે તો દયા કર.

(લલીત છંદ)

" અરર આવડો, કોપ કાં કરો; દીલ વીષે દયા, નાથજી ધરો.
દુઃખ બહુ પડયું, બાકી ના રહ્યું; સુત ત્રીયા અને, ધન તો ગયું.
કર્મ માહયરાં, આવીને નડયાં; પાપ જે કર્યાં, તે દુઃખો પડયાં.
મનન નહિં કરી, શીખ તાહરી; અરર ઓ પ્રીયા, શાણી માહરી.

ઊમીયામા—ભાઇ ટોકરશી! હવે બળાપો કરે શું થાય. જેવી લેણાદેવી! ઈશ્વરના ઘરના લેખ કોઇ મી-

થ્યા કરતું નથી. માટે ભાઇ હવે તો મન વાળી ઇશ્વર જે દુઃખ આપે તે સહન કરવું. મરદ થઇને; આવી પોચી છાતી ના રાખીયે.

મનોર—જેશીંગભાઇ! તમે સગામાં કહીઆવો, કે દીવાળી કાકી ગુજરી ગયાં. અને હું ખાંપણનો સરસામાન લેઇ આવું. (જેશીંગ જાય છે)

(બાદ સરવે સગાં ભેગાં થઇ દીવાળીને અગ્ની સંસ્કાર સારૂ લેઇ જાય છે.)

પ્રવેશ ૧૦ મો.

સ્થળ સુંદરપુરનો બાગ.

પાત્ર. પ્રાણુલાલ, સુંદરલાલ, પછી છગનલાલ.

સુંદરલાલ—પ્રાણુલાલ! આપણે કયારનાએ રાહ જોઇએ છીયે, પણ હજી છગનલાલ કેમ આવ્યા નહીં. ગઇ કાલે તો તેમણે કહ્યું હતું કે બરોબર ન્હાડા પાંચે બાગમાં આવીશ; પણ છ વાગવા આવ્યા, તો પણ આવ્યા નહીં.

પ્રાણુલાલ—કંઇ કામના લીધે રોકાયા હશે; હમણા આવશે. [છગનલાલ આવેછે]

સુંદરલાલ--આવો મીસ્તર છગનલાલ! અમો કયારના તમારી રાહ જોઇએ છીયે.

છગનલાલ--હા ભાઇ શુ કરીયે! કામ હતું. પણ તમે કંઇ સાંભળ્યું!

પ્રાણુલાલ--ના ભાઇ શું છે?

છગનલાલ--આપણા મીત્ર મોતીલાલની બ્હેન સીતા રાંડી. અને સીતાયે તેની મા ઉપર એવો કાગળ લખ્યો હતો કે, હવે હું સન્યાસની થઇ, કાશીમાં જઇ દીવસ પુરા કરીશ. તેથી દીવાળી કાકીને એકદંમ મુર્છા આવી; અને કોણુજાણે એકદંમ સ્વાસ બંધ થઇ ગયો. અને એ ભલી સ્ત્રી! ઇશ્વરના ધામમાં પોહોંચી ગઇ. તેથી હું તેમને અગ્નીસંસ્કાર સારૂ સ્મસાન ગયો હતો, તેથી મને વાર લાગી. હાલજ આવ્યો.

સુંદરલાલ--અરેરે! બહું ખોટું થયું. પણ ભાઇ ખરૂં કહો તો બધાં પાપ ટોકરશીનાં નડયાં. તેણે પૈસાના લોભે ઘરડા પતિની સાથે છોકરીને પરણાવી; તે છોકરીના નીસાસાથી આ બનાવ બન્યો છે. જુવોને મેં સાંભળ્યું છે કે ત્રણ હજાર તો એક ઠગ ઠગી ગયો. અને એક હજાર પેલો હરીલાલ બ્રાહ્મણ ગુજરી ગયો તે ઘલાયા બીજુ મોતીલાલ, દુકાન બળીગઇ તેના ભેગો બળીને મરણ પામ્યો. સીતા રાંડી, દીવાળી કાકી ગુજરીગયાં. મતલબ કે બીચારાનું સર્વ વાતે સત્યાન્યાસ વળીગયું. આહાહા! કન્યાનો પૈસો કેવો દુઃખ દાયક થઇ પડે છે; તેનો પ્રત્યક્ષ દાખલો આપણે નજરે જોયો.

પ્રાણુલાલ—ભાઇ સુંદરલાલ! આપનું કહેવું સત્ય છે. બાપડો ટોકરશી સર્વ દુઃખ જોવા એકલો રહ્યો. કોણ જાણે હજી પણ તેના ઉપર કેટલાં દુઃખ પડશે, તે અત્યારે કહી શકાતુ નથી.

છગનલાલ--પણ ભાઇઓ! મોતીલાલને આપણે ઘણી શીખામણ દીધી હતી પણ તેણે માન્યું નહીં. અને દારૂનું વ્યસન ના છોડયું; તેથી તેના પણ તે વ્યસનના લીધેજ પ્રાણ ગયા.

સુંદરલાલ--હા ભાઇ, આપણે શું કરીયે? પેલા જુઠીયાની સોબતે ચડયો, અને આપણી જુની મીત્રાઈનો હક્ક તોડી નાંખ્યો.

પ્રાણુલાલ—ભાઇ દુનિયામાં કેહેવત છે કે, "કર અને જો" તે પ્રમાણે આ બે દાખલા આપણે પ્રત્યક્ષ જોયા.

સુંદરલાલ—ભાઇઓ.! બીચારા ટોકરશીને માથે આટલાં બધાં દુ;ખ પડયાં, માટે તેને દીલાસો આપવા આપણે જવું જોઇએ. કારણ ગમેતેટલો પણ આપણા જુના મીત્ર મોતીલાલનો બાપ છે માટે આપણે આપણી ફરજ બજાવવીજ જોઇએ.

પ્રાણુલાલ--હા ભાઇ ઠીક સંભાળ્યું. આવતી કાલે સ્હવારે તમો બંને જણ મારે ઘેર આવજો, કે આપણે ત્રણે જણ ભેગા થઇ ટોકરશીના ત્યાં જઇશું.

સુંદરલાલ—સારૂ ભાઈ ચાલો! હવે સાત વાગવા

આવ્યા, તેથી વાળુ કરવાનો ટાઇમ થયો. કાલ મળજો.

છગનલાલ—સારૂ પધારો; કાલ મળીશું.

[સર્વ જાય છે.)

પ્રવેશ ૧૧ મો.

સ્થળ. મુબઇમાં રસીકલાલનુ દીવાનખાનું.

પાત્ર. રસીકલાલ, તારા, પાછલથી ટપાળવાલો.

પ્રીયવાંચક ! હાલમાં રસીકલાલની પ્રથમના જેવી સ્થીતી નથી. રસીકલાલના ઊપર નશીબ દેવીની પ્રસન્નતા હાલમાં ઘણી છે. તેમ સીતાના કેહેવા પ્રમાણે તેણે સીતાની મુર્ત્તિ હૃદયમાંથી વીસારી મુકી છે. હાલતે એક બીજી સુંદરી સાથે, લગ્નની પવિત્ર ગાંઠથી બંધાઇ, આનંદમાં દીવસ ગુજારે છે. રસીકલાલની જ્ઞાતીના મુંબઇમાં રેહેતા, એક ધનાઢ્ય વ્હેપારીએ, રસીકલાલ સાથે પોતાની તારા નામની એકની એક દીકરીનું લગ્ન કર્યું છે. તથા પોતાને બીજું છોકરૂં નહીં હોવાને સબબે પોતાની ગંજાવર દોલતનો વારસ રસીકલાલને કર્યો છે. અહાહા ! ઇશ્વર તારી કળા અપાર છે. તું રંક ને રાય, તથા રાજાને ફકીર કરે છે. કીસમત કરે તે કોઇના કરે. રસીકલાલ પોતાના સસરાના ધંધામા નાહીતગાર થઈ, સર્વ કામ ઉપાડી લે છે.

આ વખતે રસીકલાલ એક આરામ ખુરશી ઊપર બેસી કંઇ વિચારમાં પડયો છે. તેવામાં તારા બહારથી દરસન કરીને આવે છે. અને રસીકલાલને વિચારમાં પડેલો જોઇ તેની પાસે ખુરશીમાં બેસી પુછે છે.

તારા—કેમ પ્રાણનાથ? આપ કંઇ મોટા વિચારમાં પડયા છો.

રસીલાલ—કંઇ નહીં પ્યારી, સ્હેજ.

તારા—ના, ના, મારા સમ સાચું કહો. મારા તરફથી કંઇ દીલગીર થવાનું બન્યું છે? આપની તબીયત તો ઠીક છે ને?

રસીકલાલ—પ્રીય! મારી તબીયત સારીછે. તારા જેવી સદગુણી સ્ત્રી તરફથી દીલગીર થવાનું કંઇ પણ કારણ નથી.

તારા—ત્યારે આપ શ્યા વિચારમાં હતા?

રસીકલાલ—પ્રીય! અત્રે હું એકલો બેઠો હતો, ત્યારે મને મારાં માત પિતા તથા મારી પ્રથમની સ્થીતી યાદ આવી. અહા! તે સ્થીતીમાંને આજમાં કેટલો ફેરછે.

તારા—પ્રાણનાથ! "ચડતી પડતી ચાલી જાયછે" બધા દીવસ સરખા જતા નથી. ચાલો હવે જમી લઇએ.

રસીકલાલ—પ્રીય! મેં જમી લીધું છે. તું જા, રસોઇઓ રાહા જુવે છે.

તારા—હા, પ્રાણનાથ જાઉછું.

[તારા જાયછે. ટપાલવાલો કાગળો લઇને આવેછે રસીકલાલ કાગળ ફોડીને વાંચે છે]

સુંદીરપુરી તા૦ ૯-૯-૧૯૦૦

"પ્યારા અને સદગુણી ભાઇ શ્રી રસીકલાલ. તથા અં. સૌ. તારાગવરી ભાભી વિગેરે. મુા. સુભસ્થાન મુંબઇ. "લી૦ સુંદરલાલ કેશવલાલના યથાયોગ્ય માન્ય કરશો બાદ અત્રે કુશળ છે. આપનો પત્ર દસ દીવસ ઉપર આવેલો, પણ હું બહારગામ ગએલો હોવાથી પ્રત્યુતર લખી શકાયો નહોતો. તે માફ કરશો. બીજુ તા. ૧૫-૯-૧૯૦૦ ના રોજ આપણી જ્ઞાતીનું પંચ અત્રે ભેગું થવાનું છે. તેમાં આપણી જ્ઞાતીમાં કેટલાક ખરાબ રીવાજો છે, તે બંધ કરવા બાબત વીચાર ચલાવવાના છે. તો તે વખતે આપ અત્રે આવો તો ઘણું સારૂં. કારણ આપણી જ્ઞાતીમાં "કન્યા વિક્રય." લોક છડે ચોક કરે છે. અને બીચારી સકુમારબાળાઓને અયોગ્યવર સાથે પરણાવેછે. તે બાબત આપણે કંઇ બોલીશું. અને તે રિવાજ બંધ કરાવા, બંદોબસ્ત કરીશું. માટે જરૂર તે દીવશે અત્રે આવશો, એવી આશા છે. કન્યા વિક્રયનો કૃર ધારે બંધ થશે તો કન્યાઓની આશિષથી આપણું કલ્યાણ થશે. બીજુ અત્રે એક હૃદયભેદક બનાવ બન્યો છે નીચે લખુંછું.

"આપણી જ્ઞાતીના ટોકરશી વીઠલની દીકરી સીત

જેને તમે અત્રે હતા; તે અરસામાં તેના બાપે પૈસા લઇ એંશી વરસના વૃદ્ધ સાથે પરણાવી હતી. તે બીચારી આજે વીસ દીવસ થયાં રાંડી છે. તેના રંડાયા બાબતનો તેનાજ હાથનો પત્ર તેની મા દીવાળી ઉપર આવ્યો હતો. જે વાંચી તે એકદમ મુર્છા ખાઇને પડી; અને પાંચ મીનીટમાં તેનો જીવ નીકળી ગયો. વળી તેનાથી ત્રણ દીવસ અગાઉ તેનો દીકરો મોતીલાલ, જે અગાઉ મારો મીત્ર હતો. તે પોતાની દુકાનમાં સુઇ ગયો હતો. બાદ રાત્રે દુકાનમાં આગ લાગવાથી; લોક આવી આગ હોલવે, તે પેહેલાં તો તે બિચારો અગ્નીનો ભોગ થઇ પડયો હતો. એવી રીતે આપણા ગામમાં પાંચ દીવસમાં એકજ ઘરમાં આવી કમકમાટ ભરી રીતે બે મરણ નીપજ્યાં છે. તેથી આખા ગામમાં હાહાકાર વરતાઇ રહયો છે. બિચારો ટોકરશી તદન બેહાલ થઈ ગયો છે. તથા આંખોમાં ફુલ પડવાથી પોતે આંધળો થયો છે. કન્યાવિક્રય કરનાર કદી સુખી થતો નથી; તેનો આ પ્રતક્ષ પુરાવો મળ્યો. વળી સીતા, પોતાના સ્વામીનું કારજ કર્યા બાદ સર્વ દોલત ધર્મ ખાતામાં આપી, કાશી ક્ષેત્રમાં ઇશ્વર ભક્તિમાં આયુષ્ય પુરૂ કરવાના વિચારથી ગઇ છે. હાલ એજ. બાકીની બાબત ભેગા થએથી કહીશ."

લી૦ સુભેચ્છક સુંદરલાલ.

(પત્ર વાંચી રસીકલાલની આંખોમાં આંસું આવે છે.)

રસીકલાલ—(ગદ્દગદ કંઠે) અરે ! આ મેં શું વાંચ્યું. સીતા ! તું રાંડી ! મારા હૃદયઘડને જીતનાર, એ સુંદર સ્ત્રી ! તું જન્મ સુધીની વીધવા થઇ. અરે ! તારો કાળા નાગના જેવો સુંદર ચોટલો, હવે સદાનો દુર થયો. અરે ! તું શણુગાર રહિત થઇ. સીતા ! સીતા ! સ્ત્રીઓના ધર્મ વિરૂદ્ધ નહી ચાલનારી, ઓ ! સતી સીતા ! તારા નશીબમાં પણ વિધવાપણું આવ્યું. અરે ! આવેજ. તારા ક્રૂર બાપે તને પૈસાની લાલચે વૃદ્ધ સાથે પરણાવી ત્યારથીજ તારા સુખનું સત્યાનાશ વળ્યું છે. અરે ! સીતા ! જો તે વખતે મ્હારી હાલના જેવી સ્થીતી હોત, તો તારા બાપનું મ્હોડું બંધ કરી, તને સુખી કરત. ધીઃકાર છે ! એવા દુષ્ટ બાપને ! કે જે પોતાની દીકરીનું બુરૂ ઇચ્છે. ઇશ્વર ન્યાઇ છે. તેનો બદલો ટોકરશીને પુરો મળ્યો છે. ઓ ! પાપી માણસ ! હવે તારાં કરેલાં કર્મનો બદલો તુંજ ભોગવ:

સીતા ! શું તું સન્યાસીની થઇ, ઇશ્વર ભકિતમાં દીવસ ગુજારીશ. ના, ના, હજુ વખત છે. તેં હજી સંસાર સુખ જોયું નથી. તું કોઇ સાથે પુનર્લગ્ન કર. અરે ! જો હું અત્યાર સુધી કુંવારો રહ્યો હોતતો, જ્ઞાતી તરફની કંઇ પણ દરકાર નહીં રાખતાં તારી સાથે પુનર્લગ્ન કરત. પણ લાચારછું કે, મારૂ લગ્ન થયું છે. અરે ! ત્હારા જેવી સુંદીર તારાએજ મને પોતાનો વિવાહીત

બનાવ્યો છે. લાચારછું ! પણ ખેર ! ત્હારા મનમાં ઇશ્વર પ્રત્યે ભક્તિભાવ ઉત્પન્ન થયો છે. તે જાણી ખુશીછું. સુંદરલાલ લખે છે; તે પ્રમાણે બે ત્રણ દીવસમાં મારે સુંદીરપુર જવું જોઇએ. અને એ ક્રૂર રીવાજ બંધ કરાવવા, બનતો પ્રયત્ન કરૂં. પછી હરિ ઇચ્છા ! ચાલ હવે ઑફીસમાં જાઉં. (જાય છે)

પ્રવેશ ૧૨ મો.

સ્થળ કાશીપુરીની એક ધર્મશાળા.

પાત્ર—સન્યાસીનીઓ, અને પાછળથી સીતા.

(સન્યાસીનીઓ ઇશ્વર સ્તુતી કરે છે.)

(નાથ કેસો ગજકો બંધ છોડાયો) એ રાહ.

ધ્યાન નિરંતર ધરીએ, નાથ તમ ધ્યાન નિરંતર ધરીએ.
કાયા ખોટી, માયા જુઠી, પાપ કર્મ પરહરીએ;
એક તમારી અમીની નજરથી, ભવસાગર આ, તરીએ. નાથ તમ.
માફ કરો સૌ પાપ અમારાં, ભાવે ભજન તુજ કરીએ;
સ્હાય કરો હે દેવ દયાળુ, ટળવળીએ ભવ દરીએ. નાથ તમ.
અકળ કળા જગદીશ્વર તારી, નાથ મુખે શું ઉચરીએ;
સંસાર ત્યાગી થયાં વૈરાગી, હેતે સ્મરણ તુંજ કરીએ. નાથ તમ.

૧ સન્યાસીની—બ્હેનો ! આપણી ટોળીમાં હવે જમાવ થયો; કારણ આપણે આઠ જણ થયાં.

૨ સન્યાસીની—હા, સંસારમાં રહી વિધવાપણું

ભોગવવા કરતાં પવીત્ર સ્થળે રહી ભગવત સ્મરણ કરવું એજ ઘણું ઉત્તમ છે.

૩ સન્યાસીની—અને વળી જ્ઞાન મળે તે જુદુ, સર્વ બ્હેનો મળી ઇશ્વરનું સ્મરણ કરીયે છીયે; અને જ્ઞાનનાં પુસ્તકો શ્રવણ કરીએ છીયે. તે કરતાં વધારે સુખ સંસારમાં રેહેવાથી મળતુ નથી.

(સીતા આવે છે.)

સીતા—સદ્દગુણી બ્હેનો વંદન કરૂં છું.

૧ સન્યાસીની—આવો બ્હેન સુખી રહો.

સીતા—પવીત્ર બ્હેનો ! હું એક દુઃખી વિધવા છું, જેથી આપણી પવીત્ર મંડળીમાં રહી ઇશ્વર સ્મરણ કરી, બાકીનું આયુષ્ય પુરૂ કરવા ઇચ્છું છું. તો કૃપા કરી આપની મંડળીમાં સામેલ કરશો, એવી આશા રાખું છું. વળી મેં સાંભળ્યું છે કે, આપની મંડળી મારા જેવી વિધવા સ્ત્રીઓથીજ બનેલી છે અને આપ દરેક વિધવાને સંસાર દુઃખમાંથી છોડાવી આશ્રય આપો છો; તેવું જાણી હું મારા વતનથી અત્રે આવી છું. મારૂં વૃતાંત સાંભળવાની આપને ઇચ્છા હોય તો હું કહી સંભળાવું.

૧ સન્યાસીની—હા બ્હેન ! તારૂં વૃતાંતસુખેથી કહે, અને અમે તને આશ્રય આપીશું. કારણ અમારી મંડળી વિધવાઓનાં દુઃખ કાપવા, અને અંતે મોક્ષ મેળવવા માટેજ બનેલી છે.

સીતા—સાંભળો બ્હેનો! મારૂ નામ સીતા છે, મારૂં ગામ સુંદીરપુર છે, મારા બાપ ટોકરશીએ ફૂકત પૈસાની લાલચે મને સી-તેર વરસના વૃધ્ધ પતિ સાથે સીતાપુર ગામમાં પરણાવી હતી; પરંતુ દેખીતુજ છે કે, વૃદ્ધ કેટલા દીવસ કાઢે, તે પ્રમાણે આજ એક માસ થયાં મારા સ્વામી સ્વર્ગવાસ થયા છે. હું ભણેલી છું, અને મેં નિશાળમાં સારૂ જ્ઞાન મેળવેલું છે; તેથી મને એવો વિચાર થયો કે સંસારમાં રહી વિધવા-પણાનું દુઃખ ભોગવવા કરતાં, કોઇ પવીત્ર ધામમાં જઇ ઇશ્વર સ્મરણમાં ચિત્ત ઘાલવું એજ ઉત્તમછે. એવું જાણી મારી સઘળી મીલકત ધર્મ ખાતે આપી; આપનો આશ્રય લેવા આવી છું.

સન્યાસીની—સીતા બ્હેન! તમને અત્રે આવતાં, તમારા માતપિતાયે અટકાવ કરેલો હતો કે કેમ?

સીતા—ના બ્હેન, મારા પિતાયે પોતાનો સ્વાર્થ તાકી રૂપીયા સ્હાડાત્રણ હજારની લાલચે, મને વૃધ્ધ પતિ સાથે પરણાવી તેથી ઇશ્વર તેમના ઉપર કોપાયમાન થયા છે, અને એકંદર રીતે તેમનું સત્યાનાશ વળી ગયું છે; કારણ મને પરણાવ્યા બાદ, એક ઠગ આવી ત્રણહજાર ધાલી ગયો, તથા એક હજાર રૂપીઆ એક બીજો બ્રાહ્મણ ઘાલી ગયો. વળી ઇશ્વર કોપથી મારે એકજ ભાઇ મોતીલાલ કરીને હતો; તે ઘર લાગવાથી

અંદર બળી જઇ મર્ણ પામ્યો. ત્યારબાદ મ્હારા રાંડયાની ખબર મ્હારી માતુશ્રીએ જાણુતાં, એકદમ મુર્છા ખાઇ નીચે પડી કે તુરત તેનો જીવ નીકળી ગયો. મારી બા મારા ઉપર વધારે હેત રાખતી હતી. મને વ્રધ્ધ પતિ સાથે નહીં પરણાવવા બાબત મારા બાપને તેણે ઘણું સમજાવેલું, પરંતુ તે દુષ્ટ અને લોભી બાપે તેનું કહ્યું માન્યું નહીં; અને છેવટે આવી દશા ભોગવવાનો વખત આવ્યો.

૧ સન્યાસીની—અહાહા! ઓ ઇશ્વર! તારી કળા અપાર છે. આ કળીયુગના વખતમાં દરેક માણસને તું પારખા બતાવે છે. બીચારો કેવો બેહાલ થઇ ગયો!

સીતા-વળી બ્હેન મેં સાંભળ્યું છે કે, મારી બાના ગુજર્યા પછી દસ દીવસે મારા બાપની આંખ્યો દુઃખવા આવી; તેમાંથી પુલ પડી બંને આંખોએ અંધાપો આવ્યો છે. તે હમેશના આંધળા થયા છે. હાલ તે સુંદીરપુરીની અપંગશાળામાં દુઃખી જીંદગી ગુજારે છે; અને પોતાનાં કરેલાં પાપનો પસ્તાવો કરે છે.

૧ સન્યાસીની—અરેરે! બીચારાની આવી દશા થઇ! પણ સીતા હું તને એક બે શીખામણના શબ્દ કહું છું તે તું ધ્યાનમાં લે અને તે પ્રમાણે વર્ત્તીસ તો ઈશ્વર તારા ઉપર ખુશી થશે.

સીતા—હા બ્હેન કહોને; હું તો આપની પાસે જ્ઞાન ગ્રહણ કરવાજ આવી છું; તેથી આપ કેહેશો તે પ્રમાણે વર્ત્તીશ.

૧ **સન્યાસીની**-જો બ્હેન ઇશ્વરનો તારા પિતાઉપર એકદમ કોપ ઉતર્યો છે, અને અપંગશાળામાં માહા દુઃખ ભોગવેછે. તો તારી ફરજછે કે, ત્યાં જઇને તું તેની ખબર લે. અને તેની શેવા ચાકરી કર. કારણ ગમે તેટલો દુષ્ટ પણ તારો પોતાનો બાપ છે. તને તેણે પોતાના સ્વાર્થના લીધે દુઃખમાં નાંખી, પણ બાર તેર વરસ સુધી તારૂ પાલણ પોસણ કર્યું; અને તને લાડ લડાવી ઉછેરી, તેનો બદલો તારે વાળી આપવો જોઇયે. તેના પાપનો બદલો તેને બરોબર મળ્યો છે. માટે સર્વ તેમના અવગુણો ભુલી જઇ, એક દીકરી તરીકેની તારી ફરજ બજાવ. વીચારીજો કે એક અજાણ્યા અપંગ માણુસને મદદ કરવાથી, કેટલું પુન્ય થાય છે. માટે બ્હેન મારૂં કહ્યું માની તું સુંદીરપુર જા; અને અપંગશાળામાં જઈ, પાસે રહી ચાકરી કર; તો ઇશ્વર તારા ઉપર ખુશ થશે. વળી તેમના સ્વર્ગવાસ પછી સુખેથી અત્રે આવજે.

સીતા—હા બ્હેન તમારૂં કેહેવું સત્ય છે. મારા દીલમાં પણ દયાની લાગણી થઈ છે. હું તેમના સઘળા અવગુણો ભુલી જઇ, તેમની ચાકરી કરવા જઇશ. મને સારી શીખામણ આપવા બદલ આપનો ઉપકાર માનુછું.

૧ સન્યાસીની—બ્હેન એમાં ઉપકાર માનવા જેવું કંઇ નથી. અમે દરેકને સારી શીખામણ આપીયે છીયે; કારણ અમારી ફરજ છે. તું આવતી કાલે સ્હવારે સુંદીરપુર જવા નીકળજે. હાલ સહુ ઇશ્વર સ્મરણમાં લીન થાઓ. (સહુ ઇશ્વિર સ્મરણ કરે છે.)

પ્રવેશ ૧૩મો.

સ્થળ લીલાપુરનું રેલ્વે સ્ટેશન.

પાત્ર—ઉતારૂઓ. વિદુષક, સીતા, રસિકલાલ.

(ટ્રેન આવે છે. પેસેનજરો બસવા માટે ધમાલ કરે છે.)

માતીચંદ—અ મથુરાબા! હેંડ અલ્યા! ગાડી આઇ, રહી જઇશ. ઓ કપુરચંદ! આવજો; છોકરાને હાચવજો. જોઇતુ કરતુ મંગાવજો. કાગળપટર લખતા રેહેજો. મેહેરબાની રાખજો.

કપુરચંદ—ઓ મોટાભાઇ! આવજો. ખેમકુશલના હમાચાર લખજો. હાચવીને જજો. ગાડીનું કામ છે. હઉને બોલાવજો.

બીડીવાલો—તલકબીડી, આગપેટી, પાનસોપારી.

મીયાં—અબે બીડીવાલા! ઇધર આ પેસેકી બીડી દે.

મીઠાઈવાલો—પેંડા, બરફી, જલેબી, સુતરફેરી, બદામી હલવો.

મથુરીઓ—બાપા ! મને જલબેલી અપાવો.

મોતીચંદ—મારા હાહરા ! હમણાં તો બરફી અપાવી હતી. અને પાછો જલેબી માગે છે. પૈસા કુદી રહ્યા નથી. ચાલ આગળ અપાવીશું.

(ટ્રેનમાંથી ઉતારૂઓ ઉતરે છે. તેમાં એક ગામડીયો ઉતરી સ્ટેશનની બાહાર આવી વિચાર કરે છે. વિદુષક પાછળ રહી સાંભળે છે.)

ગામડીઓ—(સ્વગત) ઓ અંગરેજ સરકાર ! તારૂ રાજ અમર તપે. શી તારી બુદ્ધી. મારા દીચોરની બલધીયા વનાની ગાડી હુમહુમાટ હેંડી જાય છે.

વિદુષક—(સ્વગત) આ કોઇ બિચારો ગામડીયો છે. આજે નવો સવોજ ગાડીમાં બેઠો છે. લાવ હું પણ જરા એના જેવો ભોટ થઇને રમુજ મેળવું. (ગામડીયાની પાસે જઇને)

(**વિદુષક**—કેમ કાકા ! કયાંથી આવ્યા; અને કયાં જાઓ છો ?

ગામડીઓ—અરે ભાઇ ! હિતાપરથી આવ્યો, અને લીલાપર હેરમાં જવું છે. મારા દીચોરનું હું તો આ ગાડી જોઇને સડ થઇ જયો છું. મારૂ હાહરૂ બલધીયા વના, હુમહુમાટ હેંડયું જાય છે.

વિદુષક—જાઓ જાઓ મારા ભાઇ ! ગાંડા થયા કે શું ? બલધીયા વના તે ગાડી ચાલતી હુશે ! તમે પણ મશકરીખોર દેખાવ છો.

ગામડીયો—અરે ભાઇ ! મને મસકરી આવડતી નથી. ભાઇ હાચુ કહું છું. પરભુના હુમ. હુમણુંજ હું ગાડીમાં બેહીનેજ આવ્યો. તમારા જેવા માંહુણુની મસકરી થાય. મારા ગામના લોક મને કેહેતા હતા કે બલધીયા વનાની ગાડી ચાલે છે. તારે મેં પણ તમારી ગોડે, નાંતું માન્યું. પણ જ્યારે મારા ગામથી આઠ ગાઉને શેટે હિતાપરીનુ ઠેસન છે; ત્યાં આવીને જોયું; તારે મેં પણ માન્યું. જોજો આપણે થોડીવાર ઉભા રહીયે હુમણાં હુમહુમાટ કરતી આવહે. મારા દીયોરનું માંઇ બેહીએ શીયે, એટલે જાણે વેમાનમાં બેઠા. અને એવી દોડહે કે જાણે અમણાં ઉંધી પડહે.

બિદુષક—અરે ભાઈ શું કહો છો ! આ બધી સાચી વાત છે ?

ગામડીયો—રામ દવાઇ કે ભગવત આગના. આગના પ્યાલાના હુમ જોજો અમણાં ઘંટડી વાગહે અને હુમહુમાટ કરતી આવીને ઠેસનપર ઉભી રેશે. એનો પણ હરકારે કાયદો બાંધી મુચ્યો છે. ઘંટડી વાજી કે જાણે ગાડી આઈજ છે. તમે હાંભરો તો મારી બધી હુજીગત કહું.

વિદુષક—અરે કાંક કહોને! જે નવાઇનું સાંભળયું તે ખરૂં. હું તો હજી ગાડીમાં બેઠો નથી; તેથી હું પણ ભોમીયો થાઉ. કોઇ દહાડો બેસવું પડે તો હરકત નાપડે.

ગામડીયો—હાંભરો ભાઇ! અમારે તો સેતીનો ધંધો, તેથી ઝાઝા ગામ સોડીને બાયણે ચ્યાંઇ જેલાનહીં. મારી બોનને આ લીલાપર હેરમાં પરણાવી; તેથી મારે એને તેડવા આવવું પડયું. હું મારા ગામમાંથી નેકર્યો તારે લોકોએ મને કીધેલું કે, બલધીયા વનાની ગાડીમાં બેહીને જવાનુશે. હિતાપરીના ઠેશનપર જઇ માહતર પાહે ચીકટ કરાવશો, તારે ગાડીમાં બેહાડશે. માટે ઠેશનપર જઇને ચીકટ કરાવજો. બહુ હારૂ. ઇમ કહીને હું તો પશી મરઘડાં બોલે મારા ગામમાંથી નેકર્યો. તે બપોરે માંથે દહાડો ચઢે, હિતાપરના ઠેશનપર આયો. આઇને જોયું. તો જાંણે ચીડીયો ઊભરાઇ હોય, એટલાં માંહણ જોયાં. ભાઇ! થુચ્યું ભાંઇ પડે નહીં; અને થારી નાંશી હોય તો લોકાંના માંથાપર ફર્યાજ કરે; પણ ભુંઇ નાં પડે. એટલાં માંહણ હતાં. મીંતો ચેટલાક લોકોને પુશું કે ભાઇ તમારે ચ્યાં જવુ શે? તો કોઇ કે, જાંમનગર, તો કોઇ કે, મેમઇ, તો કોઇ કે હુરત. ઓ તારી માને રાખુ! આટલાં બધાં લાખ બે હજાર માંહણ ચ્યાં બેહશે. હું તો વચાર કરતો હતો, એટલામાં તો. એક ગારદી ઝાંપાસુ દાડુ લઇને આયો. એણે ઓચંતોકને માહાધેવજીમાં વગાડવાનો ઘંટ બાંધી મુચ્યો હોયશે, એવો ઘંટ ઠેશન

ઊપર બાંધી મુચેલો હતો; તેના વચલા મેખરાશીયાને દોાઇડી બાંધેલી, તે દોાઇડી ઝાલતેકને ત્રણુવાર ઘંટ વગાડયો, કે માંણુહાં ભડોભડ ઊઠાં; ને કેવા લાજ્યાં કે ચીકટો થાયશે. પેલો દરેશી શપઇ આવતેકને માંહુ-ણુની લેન કરી નાંશી. કે મારા દીયોરની ઠેશનપર જ્યાં ચીકટો થતી હતી; તે દોાડવેંતની બારી ભડાક ઊઘડી. મારા પેલાં હાત માંહણુ અગાડી હતાં. ચીકટ આલે કે બાર નીકળી જાંય. ઇમ કરતાં કરતાં મારો વારો આયો. મને તો ખબરે નઈ કે ચેટલા પઇશા લેતા હશે. પણુ મેં હાંભરેલું કે ટોપીવારાનું રાજ નેક બંધી ચાલેશે. તેથી વધારાંના પઇશા પાશા આપશે. તેથી હું તો હેમત રાસીને બારીના થડમાં જઇને જોયું; તો એક ટોપીવારો ઝાંપાશું દાઢુ ને મોટી મોટી ન્હાંસો, ભુરો ભટાકશો; ખરશીપર બેહીને બીડી પીતો હતો. બાંડી પણુ માર દીયોરની જાંણે આખુ જાડુ સકરીયુ! એવું મોઢામાં ઘાલી ફરૂક ફરૂક ધુણી કાઢે. ભાઇ જો તમે જુવો તો ચમર વસુટી જાંય. મને પણુ મારા દીયેરની બીક તો લાજી; પણુ હેમત રાસીને બારીમાં ડોકુ ઘાલ્યુ. તો એક માહુતર ખરશીપર બેઠેલો, તેને મેં તો રૂપીઓ એક આ-હગો ને કીધુ કે માહુતર શાહુબ! લીલાપરની ચીકટ આપો. એટલે મને તો અડધો રૂપીઓને બે જનાવાદી પાસા આલ્યા. ભાઇ! પઇશા પાછા ના આલ્યા હોત તો, હું

એના શ્યા નાગલા કાપત? પણ નેક બંધી રાજ. પસી પાહે પેટી હતી તેમાં લાખ બે હજાર ખાંનાં ને ખાંને ચીકટો-નો ભંડાર ભરી મુચેલો. મારા મનમાં તો જાણે ચ્યારે એ ચીકટ લીલાપરની હોધી કાઢહે. પણ ભાઇ! માહુતર શ્યો તાકોડી! ભડાક લઇને એક ખાંનુ ધારતોકને લીલા પરની ચીકટ કાઢીને, પાટીયાપર એક વેંતેકનું લોઢાનું મેખરાસીચુ ઉભુ કરી મુચ્યું હતુ; તેના ખાંનામાં ચીકટ ઘાલતેકને ભડાક લઇને ધબાકો કર્યો; ને ચીકટ મારા ભણી નાંશી કે મેં લઇ લીધી. પસી મેં તો એક જણને પુસ્યુ કે ભાઇ આમ ચ્યેમ કર્યું! ત્યારે કહ્યું કે એ તો શીકટ સપાંણી. મેં કહ્યું કે અખર ભેંના નથી ને. પસી તમારા જેવો એક ભણેલો ગણેલો હતો, તે બોલી ઉઠયો કે ભલા માહુણ! એતો તારીક નાંશી. જુવોને પાશર આંકા પડી જ્યાસેકની. મેં કહ્યું હોવે ભાઇ આંકા તો પડી જયાશે. પસી ચીકટ લઇને હું તો ઠેશનના ઝાંપા અગાડી જ્યોતો પેલો દરેશી શપઇ, હાથમાં કાતર લઇને ઊભો રહેલો તે મારા પાહેથી ચીકટ લઇને વચમાં કાતર મુચી કે ગોળ એંડાશ્યુ કાંણું મરીયાંના દાંણા જેવડુ પાડી આલ્યું. મેં તો કહ્યું; ઓ અંગરેજ હરકાર તારૂ રાજ અમર તપે! શ્યો કાયદો! આતો ચીકટ પડી નાં જાય, તેટલા માટે કાંણુ પાડયુ. પસી ભાઇ મેં તો મારા કેડીયાની કાંહે ચીકટ બાંધી, તો હું તો રાજા જેવો દીહુ. હરકારનો ચાંદકની. બધાંય ગાડીની વાટ જોતાં હતાં એટલામાંતો

ગાડીએ- પીઇ: લેતેકને રાઢ નાંછી ને જોયું તો ધુમાડાના ગોટે ગોટ જણાયા. મેં તો બુમ પાડી કે, ભાઇ ગાડીમાં. આગ લાજી છે ઓલવો: ઓલવો: એવી બુમ પાડુછું, એટલામાંતો લોક બોલી ઉઠયા ને કેહેવા લાજ્યા કે ભલા માંહણુ કોઇ દહાડો ગાડીમાં બેઠો સે કે નહીં. એ તો ગાડીના અંનજનમાં સલગતા કોયલા છે. ને તેનાથી ગાડી ચાલે છે. ભલામાહુણુ! નથી હાંભળ્યું કે આગગાડી આગવના ચાલે નહીં. માટે બુમ પાડીસ તો હમણાં સ-પઇ જુડશે. પસી હું તો સાંનોમાનો ઉભો રહો, કે ગાડી ધમ ધોકાર કરતી આંટ ચડાવતી આવી. મારા મનમાં કે, ઠેશનપર ઉભી નહી રેહે કે શું ? એવો વચ્યાર કરૂં-છું, એવામાં તો ઠેશનપર સાહેબ ઉભો થઇ રેલો તેણે ભડાક બે હાથ પોરા કર્યા; કે ટપ લેતેકને ગાડી ઉભી રહીં. ભાઇ ટોપીવાલાને ભગવાંન કીધો ચ્યમ નાં જાય. પછી ગાડીમાં જોતાં જોતાં એક ધોરો સેતર જેવો રંજે-લો ડબો હોધી કાડતેકને હું તો માંહુ જઇને બેઠો, કે ભડાક લેઇને પેલો ગારદ્દી આયો. મને તો બેઠેલો જો-ઇને મોટી મોટી આંસો કાઢીને જીભાલ્લી ગાલોદ્દેતોક ને ડબામાં આયો. ને મારા કાંનની બુટો ઝાલી ઝાલીને પેલું ભરામણુને રોટલી વણુવા જેવુ વેલણુ થેડ થેડ ચોડવા માંડયું. એ મીયાં સાબ ! એ મીયાં સાબ ! હું કરવા મારોસો ? આ મારા કેડીયાની કોહે ચીકટ રહી. પઇશા આલીને બેઠોશું. તોય માને નહીં. ને સાલા ફસકલાસમાં

બેઠો. ફ્રસકલાસમાં. આમ કહું તેથી હું તો હમજયો કે આ કાચની જારીયો ને બારીયો ફુટીજાય, તેથી ના કહેછે. પસી હું તો ત્યાંથી મારૂ પોટલુ લેઇને ઉતરવા જતો હુતો તેટલામાં તો બઇડામાં ધોકો મારો, કે હું તો ઉંધે ભોડે હેશનપર પડીજયો. ને કાંકરી પાથરી મુચેલી તેપર પડયો ને નાક સોલઇજયું. જુવોને હુજી સોલાયાની નેશાંણી છે. ભાઇ એ ડબામાં મારા દીયોરના સપાટાએ બેહુવા દીધો નહી. તમે જુવો તો માંહે ચાંમડાનાં રૂઉ ભરેલાં ગાદલાં નાંશી દીધેલાં; તેથી પોસુ પોસુ લાગે. વલી માંહુ નાડાછોડ કરવાનું, વળી પાંણી પીવાની સકલી. એવું એવુ મુચેલુ. સ્યાકામની વાત ! કેહેવત છેને "કરમ વનાના કરહુણીયા, જાંને ચ્યાંથી જાવું, કરમમાં લસ્યું ડોસીઉ તે ઝી ચ્યાંથી ખાવું." ભાઇ હું તો પછી હેશનપરથી મારી પોટલી લેઇને ઉભો શયો, કે ભડાક ગાડીએ તો પઇ–ઇ લેતેકને રાડ પાડી. અને ગાડીનાં પઈડાં હાલાં ને ગાડી ચાંલવા માંડી.

વિદુષક—કાકા ! ત્યારે તો તે ગાડીમાં જતાં તમે અટકી પડયા હશો.

ગામડીયો—ના, ભાઇ ના, હાંભલો તો ખરા. ગાડી હેડવા માંડી કે મેં પણ રાડ પાડી ને કહુ કે ઓ સાહેબ ! ઓ સાહેબ ! મારા પઇહા પાંણીમાં જયા, ને ગાડી તો ઉપડી. આવું કેહેતાંની હાથે ગાડીના પાસલા સેલા ડબામાંથી એક ટોપીવાલો બાયણે હીંડતી ગાડી-

માંથી ઠેસનપર ઉતરતોકને ગુંજામાંથી પીપુડી કાઢીને પી-પી-પી વગાડીને બે હાથ પોરા કર્યા, કે ગાડી ભડાક લેઇને ઉભી રહી. ને તે સાહેબ, મારી પાહે આવતોકને મને તો બગલમાંથી ઝાલતોકને, ગાડીનો ડબો ઉજેડતોકને, મને તો ડબામાં જીચ્યો. તો ડબામાં જાણે બકરાં પુરાં હોય, તેટલાં માણુહ. કોઇ કેહે કે મારૂં જી ઢોલી નાંશ્યુ, કોઇ કેહે મારો ભોટવો ફોડી નાંશ્યો, એમ કહી, માંહુ જવાનીયા બેઠેલા, તેમણે મારી ઝાંગોમાં ચુંટીયો લીધી, ને ઝાંઘ ફુલાડી નાંશી. ને ગાડી તો નાઠી તે નાઠીજ નાઠી ! ભાઇ જાણે જેટલાં ઝાડ જોઇએ તેટલાં જાંણે ભુઇ ભેગાં થઇ જાય. ને એક ટેચન જાયને બીજુ ભડાક આવે. કોઇ કહેકે સાત કોશ આવ્યા, કોઈ કહેકે દશ આવ્યા, મેં પુસયુ કે ભાઇ દશ કોસ કુવામાંથી કાઢીએ એટલામાં અહીં આવ્યા. ત્યારે લોકો મારા સામુ જોઇને ખડખડ હશે. એવી બહુ સુહીબત વેઠી આવ્યો શું. તમારી જોડે વાતો કરવામાં મને તો વાર થઈ જઇ. લીલાપર હેરમાં જવું છે ને ભુખપણ લાજી; માટે ભાઈ આવજો. માયા રાખજો. ને કોઇ દંન ગાડીમાં બેહાતો મારા જેવી હુંશીયારી રાખજો. નીકર પહટાશ્યો.

વિદુષક—(મનમાં) અહાહા ! શ્યાં પ્રભુએ, દુનીયાંમાં રાછડાં બનાવ્યાં છે. (પ્રકાશ) કાકા ! તમેતો બહુ જબરા.

ગામડીયો—(ફુલાઇજઇને) ભાઇ! લાલાલાખ, ત્યારે સવાલાખ! એ ઘડી પછી જઇશ. ગાડી ઉપરતોમેં એક રાહડો જોડી કાઢયોસે.

વિદુષક—અરે કાકા ત્યારેતો મને સંભળાવો.

ગામડીયો—હાંભરો તારે. (ચાળા કરીને ગાયછે)

(**કાસમ તારી વીજળીરે, મધ્ય દરીયે વેરણ થઇ**) એ રાહ.

ટોપીવારા જીવતો રેજે; તારૂ અમર તપજો રાજ.
બલધ વનાની ગાડીયું ચાલે(૨)કોયલા ખાતી જાય. ટોપીવારા.
હીતાપરીથી હમણાં બેઠા [૨] પળમાં આયા આંય. ટોપી૦
ઘંટડી વાગે ગાડીયું આવે [૨] પીહવો દેતી જાય. ટોપી૦
પૈહા લેસે. ચીકટું દેસે [૨] કાંકુ પાડે ઝટ માંય. ટોપી૦
એહવા હારૂ ખુરચી નાંસી (૨) ઠેસનનીતો માંય. ટોપી૦
બાર વાજ્યાની ગાડીયું આવે (૨) તેરના આવે તેમ. ટોપી૦
હાથ હલાવતો ગારડી આવે (૨) બીડીયું માંઢા માંય. ટો૦

વિદુષક—વાહરે! વાહ! કાકા! તમેતો કોઇ ઊશ્તાદ જણાઓ છો.

ગામડીયો—ભાઇ તમારા પુંન પ્રતાપથી. જરા અકકલવારો શું.

(ટ્રેન આવે છે.)

ગામડીયો—એ જુઓ! પીહવો વાજ્યો. અને ઘમઘમાટ થયો. હેંડો ઠેશન ફરીને, પેલા બાયણે ઊભા રહીયે. ત્યાં હારૂ દેખાશે. (જાયછે ટ્રેન આવે છે. એક ડબામાંથી સીતા તથા બીજા ડબામાંથી રસીકલાલ ઊતરે

છે. બંને ટીકીટ આપી સ્ટેશન બહાર આવે છે. રસીકલાલની નજર સીતા ઊપર પડે છે.

રસીકલાલ—(સ્વગત) અરે! અહીં સીતા કયાંથી? એતો સન્યાસની થઇને કાશી ગઇ હતી. અરેરે! પણ બીચારીના હાલ કેવા થઇ ગયા છે! એના કાળા નાગના જેવા વાળ સદાના ગયા છે! અરેરે! શું હું સીતાને વિધવા તરીકે દેખું છું. અરે! એનો સુંદીર ચ્હેરો કેવો ફરી ગયો છે! સીતા! તમને દેખી મારૂ હૃદય ચીરાઇ જાય છે. મને મહાદેવના બાગમાં મળતી હતી; તેજ તું કે? હા, હા, તેજ. પણ હાલ વિધવાપણાના કષ્ટથી તું બદલાઇ ગઇ છે.

(સીતાની નજર રસીકલાલ તરફ જાય છે, રસીકલાલને ઓળખવાથી તેની પાસે આવે છે.)

સીતા—રસીકલાલ! તમે અત્રે કયાંથી? અને કયાં જાઓછો?

(રસીકલાલનુ હૃદય ભરાઇ આવવાથી બોલી શકાતુ નથી)

સીતા—કેમ તમે મને નથી ઓળખતા. મારૂ નામ "સીતા"

રસીકલાલ—(ગદગદ કંઠે) અરે સીતા! તમે શું બોલોછો! હું તમને ના ઓળખું તેમ હોય. પરંતુ તમારી આવી વિધવાપણાની સ્થીતી જોઇ મારૂ હૃદય

ચીરાઇ જાયછે. મારાથી બોલી પણ શકાતુ નથી.

સીતા—રસીકલાલ! તે કંઇ આપણા હાથમાં નથી. પરમાત્માના ધારવા પ્રમાણે થયુંછે. આપણો કંઇ ઈલાજ નથી. માટે, તમે બીલકુલ શોક કરશો નહીં. પણ તમે કયાં જાઓછો?

રસીકલાલ—સુંદીરપુરમાં આપણી જ્ઞાતીનું પંચ ભેગુ થાય છે; તેથી સુંદરલાલે મને પત્ર લખ્યો હતો, કે તમે આવજો. કારણ જ્ઞાતીમાં ઘણા ખરાબ રીવાજો છે, તે બંધ કરાવવા આપણે જ્ઞાતીને અરજ કરીશું. તેથી હું સુંદીરપુર જાઊંછું. તમે રાંડયાં; તે બાબત મેં સુંદરલાલના પત્રથી જાણી હતી. પણ સુંદરલાલે તો લખ્યું હતું કે સીતા ઇશ્વર સ્મરણમાં દીવસ ગુજારવા, કાશી ક્ષેત્રમાં ગયાંછે. તો તમે અત્રે કયાંથી?

સીતા—સુંદરલાલનું લખવું બરાબર છે, પરંતુ મેં પાછળથી સાંભળ્યું કે મારા પિતાજીની હાલત તદન બગડી ગઇછે; અને આંખે આંધળા થયા છે. માટે તેમની ચાકરી કરવા સુંદીરપુર જાઊંછું. કારણ, "માબાપની શેવા તિર્થ કરતાં વધારે ફૂળ દાયક છે"

રસીકલાલ—સીતા તમને ધન્ય છે! પિતાના કરેલા અવગુણો ભુલીજઇ, તેમને મદદ કરવા જાઓ છો; તે ઉપરથીજ તમારા પરોપકારી સ્વભાવની ખાત્રી થાય છે.

સીતા—રસીકલાલ! પિતાને મદદ કરવી, તેમાં પરોપકાર કેહેવાય નહીં. આપણને દુઃખ વેઠી પાળી પોષીને મોટાં કર્યાં; તે કંઇ ઉપકાર ઓછો નથી. છતાં ફરજંદનો ધર્મ છે કે માબાપની સેવા ચાકરી કરવી. વળી નશીબમાં હોય તે પ્રમાણે બને જાય છે. તેમાં પિતાજીનો વાંક નથી. પણ રસીકલાલ! સુંદીરપુરી જવાની ટ્રેન અત્રેથી કેટલાવાગે ઉપડે છે? મારા ધારવા પ્રમાણે હવે ટાઇમ થયો હશે, માટે ચાલો દાદર ઊપર થઇને સ્હામેના પ્લાટફોર્મ ઉપર જઇયે.

રસીકલાલ—નહીં, હજી દસ મીનીટની વાર છે. પણ સીતા! હું તમને બે શબ્દ કેહેવા ધારૂંછું. જો આપને ખરાબ ના લાગે, તોજ બોલું. અને તેના માટે પ્રથમથી માફી માગુંછું.

સીતા—મને ખોટું નહીંલાગે. આપને જે કંઇ કેહેવું હોય તે સુખેથી કહો.

રસીકલાલ—સીતા! તમારી ઉમ્મર ઘણી ન્હાની છે. હજી તમે સંસાર સુખ બીલકુલ અનુભવ્યું નથી, ત્યાર પેહેલાં તો રંડાપો આવ્યો છે. માટે જો કોઇ સદ્ગુણી અને કુળવાન પુરૂષ સાથે પુનર્લગ્નથી જોડાઓ તો ઘણું સારૂં. કારણ ઇશ્વર સ્મરણ કરવાના દીવસને હજુ વખત છે; માટે જો તમારી ઇચ્છા હોય તો તે બાબત હું સવડ કરી આપું. મુંબઈની પુનર્લગ્ન પ્રસારક મંડળી આપણને મદદ કરશે.

સીતા—રસીકલાલ! તમારૂં કેહેવું સત્ય અને હિતકારક છે. પણ તે મ્હારા માટે નથી. કારણુ હવે મને સંસાર અપ્રીય લાગે છે. મારો ઇશ્વર પ્રત્યે જેટલો પ્રેમ છે, તેનાથી સતાંસ ભાગનો પણ સંસાર તરફ નથી. અને હવે હું ગમે તેટલો પ્રયત્ન કરૂં, પણ મારા મનના વિચાર બદલાય તેમ નથી.

રસીકલાલ—તમારો ઇશ્વર પ્રત્યે આવો ખરો અને સજજડ પ્રેમ જાણી ખુશીછું. તેમાં ઇશ્વર તમને સ્હાય કરે, એવી આશિષ આપુછું. ચાલો હવે ટ્રેન આવવાનો વખત થયો.

સીતા—ચાલો. (જાય છે)

પ્રવેસ ૧૪ મો.

સ્થળ સુંદીરપુરીની અપંગશાળા.

પાત્ર—ટોકરશી, પાછળથી સુંદરલાલ, પ્રાણુલાલ, છગનલાલ અને સીતા.

ટોકરશી—(સ્વગત) અરે દીનાનાથ! હવે તો કૃપા કર. દુઃખ પડવામાં કંઇ સીમા રહી નહીં. પાપનો બદલો પુરે પુરો મળયો. હાય હાય! હું શું સંભાળું! ધન ગયું; પુત્ર ગયો. સ્ત્રી ગઇ, છોકરી રાંડી; અને છેવટે અંધાપો આવ્યો; તે આ અંપગશાળામાં આવીને દુઃખી જીંદગી ગુજારૂંછું. તે બધાં પાપનાં પરીણામ છે. ઓ બ્હેન સીતા! તને વૃદ્ધ પતિ સાથે પરણાવી, તારા સુખનું સત્યાનાશ

વાળ્યું; તેનાં ફળ આ પાપી પિતા ભોગવે છે. ઓ દીકરી! હવે તું એક વખત અત્રે આવે તો તારા પાસે માફી માગી મારૂ હૃદય ખાલી કરૂં. અરેરે! કન્યા વીક્રય કરનારનો કેવો ફેજ થાય છે, તે મારા દાખલા ઊપરથી પ્રતક્ષ સમજાશે.

(સુંદરલાલ, પ્રાણુલાલ, અને છગનલાલ આવે છે.)

છગનલાલ—ટોકરશી કાકા કેમ છો?

ટોકરશી—આવો ભાઇ સારૂ છે.

સુંદરલાલ—કાકા! તમારા શરીરમાં અગન બળતી હતી, તેના ઊપર કાલ મેં જે દવા લાવી આપી હતી; તે પીધી કે કેમ? અને તેનાથી ફાયદો છે કે નહીં. તે કહો?

ટોકરશી—ભાઇ! તેનાથી ઠીક છે. અરે ભાઇ! તમારાં વખાણુ કરૂં તેટલાં ઓછાં છે. તમે ત્રણે જણાયે મારી જે બરદાસ કરી છે, તેનો બદલો મારાથી વળી શકે તેમ નથી. જો તમે મને મારા ઘેરથી અપંગશાળામાં લાવ્યા ના હોત તો મારી શી દશા થાત! અને મારી સંભાળ કોણ લેત. વળી તમે હમેશાં અત્રે આવો છો, તેથી મને આનંદ થાય છે; અને મારા દુઃખમાં વીસામો મળે છે.

સુંદરલાલ—કંઇ નહીં કાકા, એમાં ઉપકાર જેવું કંઇ નથી; અમે અમારી ફરજ અદા કરી છે. (સીતાને આવતી જોઇને) પણ પેલું સીતા બ્હેનના જેવુ કોણ

આવે છે ?

છગનલાલ—હા હા, તે તો સીતા બ્હેનજ આવે છે. તે અત્રે કયાંથી !

ટોકરશી—હેં ભાઇ ! શું કહો છો ? મારી દુઃખી દીકરી સીતા આવે છે ?

(સીતા આવે છે અને ટોકરશીને પગે પડે છે)

સીતા—પિતાજી વંદન કરૂછું.

ટોકરશી—(ગદ્દગદ્દ કંઠે) આવ, મારી વ્હાલી દીકરી આવ. (ભેટે છે) મારૂ ક્રૂર મુખ તને કેવી રીતે બતાવું. હાય હાય ! તારા ઉપર મેં ઓછો જુલમ ગુજાર્યો છે ?

સીતા—કંઇ નહીં પીતાજી; તેમાં તમારો કાંઇ દોષ નથી. સર્વ વાંક મારા નશીબનો છે. નશીબમાં જે લખ્યું હોય છે તે બને જાય છે.

ટોકરશી—પણ બેટા ! તું તો સન્યાસીની થઇ હતી ને ?

સીતા—હા પીતાજી, પણ કાશી ગયા બાદ મેં એવું સાંભળ્યું કે આપ આંખે અંધ થયા છો; તેથા આપની ચાકરી કરવા આવીછું. કારણ હું આપની દીકરી થઇ, આપને આવા દુ:ખદ સમયમાં મદદ ના કરૂ તો ઇશ્વરની અપરાધણ થઉ.

ટોકરશી—ધન્ય છે ! બેટા ધન્ય છે ! ફરજંદ તો આવાંજ જોઇયે. મારા કરેલા અવગુણો યાદ ના લાવતાં

તું મારા ઉપર ઉપકાર કરવા આવી છે. બેટા! મેં તારા ઉપર જે જુલમ ગુજાર્યો છે, તેની માફી માગું છું.

(રાગ ગજલ. પીતા માતા ક્ષમા માગું. એ રાહ.)

"અરે શાણી સુતા મારી, ક્ષમા કર બ્હેન ઓ પ્યારી.
જુલમ તુજ ઉપરે કીધો, દગો તુને હાય મેં દીધો.
વણીક વૃદ્ધ સાથ પરણાવી, દયા દીલમાંહી ના આવી.
લાલચની લાહ્યે લપટાયો, ઘણું ધન જોઇ હરખાયો.
ફળો આ ભોગવું જેનાં, કર્યાં પાપો પ્રથમ તેનાં.
ક્ષમા કરરે ઓ શાણી તું, દુઃખી પાપી પીતા તો હું.

સીતા—પીતાજી! આવું બોલી મને લાચાર બનાવશો નહીં. મારો ધર્મછે કે પિતાની શેવા કરવીજ જોઇયે.

સુંદરલાલ—પણ બ્હેન! તારા જેવી સદગુણી દીકરી તો ભાગ્યેજ માબાપને મળે.

છગનલાલ—હા ભાઇ સુંદરલાલ. તમારૂં બોલવું સત્ય છે. આ કળીયુગના વખતમાં અવગુણ ઉપર ગુણ કરે તેવાં માણસો ભાંગ્યેજ મળે છે.

ટોકરશી—(સર્વને) ભાઇયો! આ મારા દાખલા ઉપરથી સર્વને સમજાયું હશે કે, કન્યા વીક્રય કરનારના કેવા બેહાલ થાય છે. અને પોતાનાં કરેલાં કર્મોનાં ફળ કેવી રીતે ભોગવે છે, તે સ્પષ્ટ સમજાયું હશે. તો હે સુજ્ઞ બંધુઓ! કોઇ દીવસ કન્યાનો પૈસો લેશો નહીં. અને ફક્ત પોતાનોજ સ્વાર્થ તાકી, સકુમાર બાળાઓને આંખ મીચી અંધારા કુવામાં નાંખશો નહીં; એ મારી છેલ્લી વિનંતી છે. હજી પણ મારા ઉપર કેટલું દુઃખ પડશે, તે કહી શકાતું નથી. વળી મરણ પણ મારાથી બ્હીતુ

ફરે છે; અને આ દુઃખીયાને પોતાના પંજામાં સપડાવતું નથી. માટે પ્રીય બંધુઓ! ગમે તેવી દારિદ્ર અવસ્થા આવે, પણ કદી કન્યા વીક્રય કરશો નહીં. ચાલો ભાઇ! સર્વ મળી પ્રભુ સ્તુતિ કરીએ:

સર્વ

(પ્રીય કરો શંભુનાથ(૨)સર્વદા સુભ મમ સ્યામનું એરાહ.)

સંશય લાવો નહીં મન, (૨) હરિહર બ્રહ્મા એક છે;
કરો પ્રીતે પુજન, (૨) આપણો એહ વિવેક છે.
રટો નિત્ય તેનું નામ, (૨) જેહ જગતનો તાત છે;
લાવો હૃદયમાં રામ, (૨) એનું સ્મરણ સાચી વાતછે.
લહો મનમાં વિચાર, (૨) જેણે રચ્યું છે જગ્તમાં;
મહા દેવ તે મોરાર, (૨) કેમ ભુલો તમે ભાનમાં.
ગતિ જેની ગહન, (૨) આભમાં ચંદ્ર રવિ કર્યા;
નમી તેને નિશ દિન, (૨) બહુ જન સ્વર્ગે સંચર્યા.
લાગુ તેને હું પાય, (૨) પાપ પલકમાં જાય છે;
લઇ તેની સ્હાય, (૨) શંકર ગાન આ ગાય છે.

(પ્રિય વાંચક) ટોકરશી અપંગ શાળામાં ઘણા દીવસ દુઃખી અવસ્થા ભોગવી મરણ પામેછે. અને સીતા પિતાની ક્રીયા કરી, કાશીમાં જઇ ઈશ્વર સ્મરણમાં જીંદગી ગુજારે છે, ત્યાંથી આ નાટક પુરૂં થાય છે.

અસ્તુઃ અસ્તુઃ અસ્તુઃ

સમાપ્ત.

(લાવણી)

(મુજ ઊપર ગુજરી. એ રાહ.)

હે મીત્ર માહુયરા, શીખ દઊં એક સારી;
કન્યા વિક્રય કરો બંધ, વીનંતી મારી. ૧.
જે જન લઇ પૈસા, નીજ પુત્રીને દેશે;
તે પાપ તણો લઇ પુંજ, દુઃખ ભોગવશે. ૨.
પૈસાના લોભે, જુવે નહીં વર સારો;
પછી તે કન્યાનો, બળી જાય જન્મારો. ૩.
સાસરીયે જાતાં, સુખ વૃતિ નહિં આવે;
જીવ રહે અતિ ઉદાસ, દુઃખ બહુ લાવે. ૪.
હોય બુઢ્ઢો પણ, ધનના લોભે પરણાવે;
એ રંક સુતાને, સુખ કદી નહિં આવે. ૫.
એ બુઢ્ઢા સાથે, ઘર શી રીતે માંડું;
પ્યારી પુત્રી તે ન્હાની વયમાં રાંડે. ૬.
પામે નહીં સુખ, સંસાર તણું તે પ્યારા;
કરો બંધ તમે, કન્યા વિક્રયના ધારા. ૭.
દે શ્રાપ પછી, માબાપો મ્હારાં મરજો;
હે પ્રભુ તેમનો, નરકે વાસો કરજો. ૮.

થાય પુખ્ત ઊમરે, તે તનયાતો જ્યારે;
કરે વ્યભિચારને, અનાચારતો ભારે. ૯.
શાસ્ત્રોની વાતો, ધ્યાન મહી તો ધારો;
પૈસાના લોભે, કરો ન વિક્રય યારો. ૧૦
તે પૈસો તમને, પચન થશે નહીં ભાઇ;
લેશો તે કરતાં, જશે વીશેષ તણાઇ. ૧૧.
કન્યા વિક્રયથી, લાભ નથી કંઇ યારો;
પુત્રીનો પૈસો, ગાય રૂદ્ર સમ ધારો. ૧૨.
કન્યા વિક્રયથી, દેશ થયો બેહાલ;
એ મીત્ર માહુયરા, નજરે તેનું ન્યાળ. ૧૩.
વદે વાણી શંકરલાલ, મીત્ર એ મારા;
કરો બંધ તમે, કન્યા વિક્રયના ધારા. ૧૪.



અગાઊથી ગ્રાહક થનાર સદગ્રહસ્થોનાં મુબારક નામ.

નકલ	નામ	નકલ	નામ
	મુંબાઇ.		
૧૦	શેઠજી મનચેરજી ભીખાજી.	૧	મી. પીલાજી ભાઉ ચોધરી
૧૦	શેઠ ચુનીલાલ હરિલાલ	૧	મી. ફરામજી નશરવાનજી ગેટકીપર
૧૦	ડૉકટર હીમ્મતલાલ કાલીદાસ		
૫	ઝવેરી હાથીભાઇ મગનલાલ કું.	૧	મી. રેવાશંકર પીતાંબર
૫	શેઠ કાવસજી પેસ્તનજી	૧	મી. ઉમરાવશીંગજી
૨	શેઠ દીનસાજી પેસ્તનજી	૧	મી. ભીખાજી ફરામજી દારૂવાલા
૨	મી. એ. બેનજામીન ગુડસ ક.		
૨	મી. દયાલ કચરાભાઇ.	૧	કાગદી અબ્દુલભાઈ મહમુદભાઇ
૨	મી. પાલનજી પેસ્તનજી.		
૨	મી. રતનશાહ ફરામજી.	૧	દવે શોમેશ્વર નારાયણ કોલવડા
૨	મી. જમશેદજી પાલનજી.		
૨	શેઠ મોહન ભીમજીની કું.	૧	જાની નારાયણ રામશંકર કોલવડા
૨	શેઠ પરમાનંદદાસ લખમીચંદ		
૨	શેઠ ધરમશી લખમીદાસ	૧	જાની રણછોડલાલ હરગોવન કોલવડા
૨	શા. મુલચંદ રામજી પોરબંદર		
૧	શા. રતનસી ડેરૂ	૧	દવે બલદેવ બાળાશંકર કોલવડા
૧	મી. જહાંગીરજી ખરસેદજી		

૧ મી. હરગોવન રામકૃષ્ણ
૧ મી. પોકરલાલ બૈજનાથ
૧ મી. રાગોબા રાંમચંદ્ર
૧ મી. મોતીલાલજી રામચંદ્રજી
૧ દેસાઇ મોહનલાલ ઇશ્વરદાસ હલદરવાસ
૧ દેસાઇ છોટાલાલ ઇશ્વરદાસ હલદરવાસ
૧ ઠા. વલભદાસ પુરસોતમદાસ આસર
૧ મી. નગીનદાસ તુલસીદાસ સુરત
૧ મી. અંબાશંકર હરીશંકર
૧ શા. તેજપાલ દેવજી
૧ મી. વસનજી પાસુ
૧ ભટ ફરસરામ સદાશીવ
૧ ઠા. હરગોવનદાસ ભાઇશંકર
૧ જોશી પરસોતમ ઉકા
૧ શા. આણંદજી હીરજી
૧ શેઠ ઠાકરજી હીરજી
૧ મી. રતનસી લખમીદાસ
૧ મી. વલભદાસ તારાચંદ
૧ મી. બાલુભાઇ હરગોવનદાસ
૧ શા. પ્રેમચંદ છગનલાલ કલોલ
૧ મી. પીરોજશાહ બહેરામજી ઝવેરી
૧ મી. શંકરરાવ દીનાનાથ
૧ મી. ગણુપતી મહાદેવ
૧ મી. વીરચંદ વાલજી
૧ મી. ગણુપતરામ પ્રભુરામ
૧ જોશી લક્ષ્મીરામ વેણીરામ
૧ મી. મોહનલાલ ઝવેરચંદ શાહ
૧ મી. મોતીરામ અંબારામ
૧ જાની પ્રભાશંકર ગણુપતરામ કોલવડા
૧ જાની રેવાશંકર મૂળદેવ- કોલવડા
૧ ચાવડા માંનાજી જેઠીજી કડા
૧ જાંની પ્રહેલાદજી કેશવરામ કડા
૧ પા. મનોરદાસ કમાભાઇ કડા
૧ મી. રણછોડલાલ વીસરામ
૧ મી. પેરાજ ખટાઉ
૧ મી. ધરમસી નાનજી
૧ મી. મથુરાદાસ કેશવજી જોશી
૧ મી. અલીમામદ ઇલીઆસ
૧ દોસી માણેકચંદ વસરામ
૧ મી. મથુરાદાસ દોલતરામ

૧ મી. ઘેલાભાઇ જગજીવનદાસ
૧ ભટ વિશ્વેશ્વર નંદરામ
૧ શેઠ લખમીદાસ વાલજી
૧ મી. દીનસાજી રતનજી કાશીનાથ
૧ મી. નરોતમદાસ ગોવીંદલાલ અમદાવાદ
૧ ભટ નવલરામ લીલાજી
૧ ભટ ભુરાલાલ નાથુરામ
૧ જોશી વિઠલદાસ દામોદર વીજાપુર
૧ ઠા. ખીમજી લખમીદાસ
૧ ઠા. પ્રેમજી પરશોતમ
૧ મી. ખરસેદજી એદલજી ખરેગાત
૧ ઠા. વલા પેરાજ
૧ મી. ગોકુલદાસ નેણસી
૧ મી. લાલજી આણંદજી
૧ મી. અમ્રતલાલ હરિશંકર
૧ શા. અંબોલાલ મલુકચંદ ઘોડાસર
૧ શા. પુનમચંદ હેમચંદ અમદાવાદ

૧ શા. દેવજી જેઠાભાઇ
૧ ઠા. ત્રીકમદાસ દામજી
૧ ઠા. લાલજી દેવકરણ
૧ ઠા. પ્રાગજી વિ. ગોવીંદજી
૧ ઠા. હંસરાજ ધાધજી
૧ ઠા. ચરણદાસ માવજી
૧ શા. છગનલાલ તારાચંદ
૧ શા. મણીલાલ કેશવલાલ
૧ સુકલ કેશવલાલ ગણપતરામ ખેડા
૧ શા. મગનલાલ ચુનીલાલ ખંભાત
૧ શા. વાલજી દેવજી
૧ શા. ધનજી ખેતસી
૧ જોશી ખીમજી ગોવીંદજી
૧ શા. પોપટલાલ છગનલાલ
૧ મરાઠી એદુ શંભુ
૧ શેઠ ખીમજી ગોવીંદજી
૧ મી. છોટાલાલ ગહેલશાહ મોદી હલદરવાસ
૧ ઓઝા જયંતીલાલ મનસુખરામ
૧ શેઠ વેલજી આણંદજી

જાહેર ખબર

સર્વે સદ્ગૃહસ્થોને ખબર આપવામાં આવે છે કે આ બુકનાં ગ્રાહક અગાઊથી ઘણા થઇ જવાથી હવે શીલીકમાં જુજ બુક છે. માટે બુક લેવા ઇચ્છનારે તાકીદે ઓર્ડર મોકલવા. બહાર ગામના ગ્રાહકોને વી. પી. થી મોકલવામાં આવશે. બીજી આવૃત્તિ થોડા વખતમાં બહાર પડશે- બુક ખરીદવા ઇચ્છનારે નીચેને ઠેકાણે ઓર્ડર લખી મોકલવા. જથાબંધ લેનારને સારૂં કમીશન આપવામાં આવશેઃ—

પંડ્યા શંકરલાલ મગનલાલ.

ઠે. મેસર્સ વાડીલાલ ચુનીલાલની કુ૦

ત્રિભવનદાસ ગંગાભાઈનો માળો—મુંબઇ.